# પ્રકરણઃ ૧

# સાહિત્યમાં નારી છબીનું વૈવિધ્યઃ

# <u>પ્રકરણઃ ૧ સાહિત્યમાં નારી છબીનું વૈવિધ્ય</u>

આદિકાળથી લઈને અર્વાચીનકાળ સુધી સમયાંતરે વિવિધ વિચારણાઓ, આંદોલનો, વાદ-પ્રતિવાદ, ચળવળો, સંગ્રામો થતાં આવ્યા છે. સાહિત્ય અને સમાજ પરસ્પર અસર ઝીલતું હોવાને કારણે વિવિધ વૈચારિક પ્રવાહોનો અભ્યાસ સાહિત્યના માધ્યમ દ્વારા થઈ શકે છે. સાહિત્ય એ એવી કળા છે જે મનુષ્યના વિચારો અને લાગણીને વાચા આપે છે. આ જ રીતે પશ્ચિમ દેશોમાં શરૂ થયેલા 'નારીવાદ'ની અસર આપણને સાહિત્યમાં જોવા મળે છે. પાશ્ચાત્ય દેશોમાં પાંગરેલી નારીવાદની વિચારણા ભારતમાં પણ વિવિધ સ્થળોએ પ્રચલિત થઈ. જેને કારણે સ્ત્રીની અસ્મિતાથી માંડીને મતાધિકાર જેવા અનેક પ્રશ્નો આ વાદના કેન્દ્રસ્થાન હતાં. નારી છબીમાં વિવિધ કાળમાં સાહિત્યક્ષેત્રે કેવું પરીવર્તન આવ્યું છે તેની ચર્ચા માટે નારીવાદની ભૂમિકા સમજવી જરૂરી છે.

## <u>૧.૧ નારીવાદની ભૂમિકાઃ</u>

પ્રાચીનકાળથી સ્ત્રી અને પુરુષ વચ્ચેના લૈંગિક ભેદનો સહજ સ્વીકાર કર્યા વિના જાતિગત ભેદને આધારે સ્ત્રીઓનું શોષણ થતું આવ્યું છે. આ બે વચ્ચેના ભેદને સમજવાથી નારીવાદને મૂળભૂત રીતે સમજી શકાય છે.

**'ઓક્સફોર્ડ ડિકશનરી'**ને આધારે **'sex'** (લૈંગિક ભેદ) ની વ્યાખ્યા આ રીતે આપવામાં આવી છેઃ **"Either of the two main categories (male and female) into which humans and most other living things are divided on the basis of their reproductive functions."**૧ આ વ્યાખ્યાના આધારે મનુષ્ય તેમજ કોઈ પણ જાતિનો તેમનાં પ્રજનન અંગો/તંત્રની ભિન્નતાને આધારે પડાયેલો નર-માદા ભેદ એને લૈંગિક ભેદ કહી શકાય.

જ્યારે **'ઓકસફોર્ડ ડિકશનરી'**ને આધારે **'gender'** (જાતિગત ભેદ)ની વ્યાખ્યા આ છેઃ **"Either of the two sexes (male and female), especially when considered with reference to social and cultural differences rather than biological ones."**૨ આ

વ્યાખ્યાના આધારે 'જાતિગત ભેદ'માં નર અને નારી વચ્ચે સામાજિક અને સાંસ્કૃતિક સંદર્ભોને આધારે ભેદ પડે છે, નહીં કે લૈંગિક ભેદ.

અંગ્રેજી ભાષાને આધારે **'નર-નારી' (male-female)** સંજ્ઞા લૈંગિક ભેદ રજૂ કરે છે. જ્યારે **'સ્ત્રી-પુરુષ' (man-woman)** સંજ્ઞા જાતિગત ભેદને રજૂ કરે છે. **'Sex'** અને **'Gender'** આ બંને સંજ્ઞાઓ તરલ છે. જેને કારણે તેનો અસમજપૂર્વક બહોળો ઉપયોગ થયો છે. તે માટે **'Gendered Role'** સંજ્ઞાને સમજવી પડે. જાતિગત ભેદને કારણે સ્ત્રી-પુરુષને જે કાર્ય વહેંચણી કરવામાં આવે છે તેના માટે આ સંજ્ઞાનો ઉપયોગ થાય છે. પુરુષને પૈસા કમાવી, નોકરી-ધંધો કરવાનું અને સ્ત્રીઓને બિનવિત્તીય એવું ઘરકામ કરવાનું- આ કાર્ય વહેંચણી જાતિગત ભેદને કારણે પુરુષસત્તાક સમાજ દ્વારા પૂર્વનિશ્ચિત રીતે કરવામાં આવી હતી. જેના કારણે સ્ત્રીઓ શિક્ષણથી વર્ષો સુધી વેગળી રહી.

આ સંદર્ભે વર્ષોથી ચાલી આવેલ સ્ત્રી-પુરુષ વચ્ચે સામાજિક કે સાંસ્કૃતિક સંદર્ભે પડેલાં ભેદને આધારે સ્ત્રીને પુરુષથી નિમ્ન ગણીને તેઓનું સતત શોષણ થતું આવ્યું છે. પૂર્વ કે પશ્ચિમનાં દેશોમાં સ્ત્રીઓ સાથે કુરિવાજો, દૂષણો, રૂઢિગત પ્રથા, રિવાજો તેમજ રોજબરોજનાં વ્યવહારમાં થતાં અન્યાયો થકી તેઓનું શોષણ થયું છે. તેની સામેનો પ્રતિકાર એટલે નારીવાદ એવી સામાન્ય સમજ પ્રવર્તીત છે. તેનો વ્યાખ્યાયિક સંદર્ભ સમજીએ.

## ૧.૧.૧ 'નારીવાદ'- સંજ્ઞા

**'નારીવાદ'** એ અંગ્રેજી **'Feminism'** પરથી આવેલી સંજ્ઞા છે. **'Feminism'** સંજ્ઞા બ્રિટન, ફ્રાંસ અને યુ.એસ. દેશોમાં ૧૯મી સદીના મધ્યમાં થયેલી વૈચારિક પ્રવૃત્તિઓ દરમિયાન પ્રયોજાઈ. તેની વિવિધ વ્યાખ્યાઓ આ પ્રમાણે છેઃ

૧. **Oxford English Dictionary** પ્રમાણે **'Feminism'** એટલેઃ **'The advocacy of women's rights on the ground of the equality of the sexes'3** (લૈંગિક ભેદ અનુસાર સ્ત્રીઓના અધિકારોની હિમાયાત)

૨. **Merriam-Webster Dictionary** પ્રમાણે **'Feminism'** એટલેઃ **"The theory of the political, economic, and social equality of the sexes."**૪ (લિંગની રાજનૈતિક, આર્થિક અને સામાજિક સમાનતાનો સિદ્ધાંત)

ગુજરાતી સાહિત્ય ક્ષેત્રે **'નારીવાદ'** સંજ્ઞાની સમાજ આ રીતે આપવામાં આવી છે.

૩. **'અનુઆધુનિક સાહિત્ય સંજ્ઞા કોશ': ''નારીવાદ સંજ્ઞા એ પિતૃસત્તાક સંસ્કૃતિમાં સ્ત્રીના થયેલા શોષણની સામે વિદ્રોહમૂલક અભિગમ મૂલવે છે.'**૫

૪.**હિમાંશી શેલતઃ 'સ્ત્રી લૈંગિક ભેદને કારણે સ્ત્રીને થતાં અન્યાય કે સમાજમાં એમને અપાતું ઉતરતું સ્થાન એ અંગે ઉહાપોહ કરી વિશ્વની મહિલાઓને જાગૃત કરતી વિચારધારા નારીવાદ તરીકે ઓળખાઈ.'**૬

આ વ્યાખ્યાઓ પરથી 'નારીવાદ'ની વિચારધારા કયા કારણોસર આવી એ સ્પષ્ટ રીતે સમજી શકાય છે. નારીનાં મનુષ્ય તરીકેના/ પુરુષને અપાતાં અધિકારો અને તકો વિષેની માંગ નારીવાદના કેન્દ્રસ્થાને છે. આ ઉપરાંત, સ્ત્રીના લૈંગિક ભેદને કારણે તેની સાથે સામાજિક, ધાર્મિક, રાજકીય, સાંસ્કૃતિક, શૈક્ષણિક અને ધંધાકીય ક્ષેત્રે જે પણ અસમાનતા દાખવવામાં આવે છે તે સામેનો વિરોધ નારીવાદ પ્રકટ કરે છે.

કળાના વિવિધ ક્ષેત્રોમાં પણ 'નારીવાદ'નો સૂર પ્રસ્તુત થયો છે. તેમાં સાહિત્યક્ષેત્રે પ્રગટતો સૂર પ્રખર છે, કારણકે સાહિત્યનું માધ્યમ શબ્દો છે. આ માધ્યમ દ્વારા સ્પષ્ટ રીતે નારીની સમાનતા-અસમાનતા વિષેની વિચારણા ગૂંથી શકાય છે. પૂર્વ અને પશ્ચિમના દેશોમાં વિવિધ સાહિત્ય પ્રકાર જેવાં કે, નિબંધ, લેખો, વાર્તાઓ, કવિતાઓ કે નવલકથાઓ દ્વારા નારીવાદનો સૂર પ્રગટ થતો રહ્યો છે. જેમાં માત્ર લેખિકાઓનો જ નહીં લેખકોનો પણ બહોળો ફાળો છે. તેથી,

'નારીવાદી' સંજ્ઞાને માત્ર સ્ત્રીઓ પૂરતી મર્યાદિત રાખવી એ અન્યાયભર્યું કહી શકાય. આ સંદર્ભે **શરીફા વીજળીવાળા**નો મત જોઈએઃ "આ લડાઈ અન્યાય, શોષણ, અસમાનતા સામેની છે. એટલે જો કોઈને સામાજિક ન્યાય સમાનતાની પડી હોય એ બધાને નારીવાદી કહી શકાય."૭

દલિતવાદની જેમ જ 'નારીવાદ' પણ સામાજિક અન્યાય સામેનો પ્રતિકાર છે. તેનાં વિવિધ ક્ષેત્રે ભિન્નતાભર્યા શોષણ સામે નારીવાદ વિકાસ પામતાં-પામતાં ઇકો-ફેમિનીઝમ, ગાયનોસેંટ્રીસિઝમથી લઈને પ્રખર નારીવાદ (Radical) સુધીના વિવિધ પ્રવાહે પણ ફંટાયો છે. તેનો મુખ્ય સૂર તો સ્ત્રી માટેનાં સમાન હકો અને તકો જ છે.

## ૧.૧.૨ નારીવાદ- વૈચારિક પ્રવાહ

યુરોપમાં સ્ત્રીઓને પાપોનું મૂળ ગણવામાં આવતી. જેમાં  થતાં 'બાઇબલ'-ધર્મગ્રંથનું પણ સમર્થન હતું. ઈવ દ્વારા નિષિદ્ધ સફરજન આરોગતાં માનવજાતિનાં ઉદ્ભવ માટે સ્ત્રીઓને જ કારણભૂત ગણવામાં આવી. જેને કારણે પશ્ચિમનાં દેશોમાં ઘરકામમાં પ્રવૃત્ત રહેતી સ્ત્રીઓ પણ શિક્ષણનાં અભાવને કારણે પોતાની સામે થતાં અન્યાય તરફ અસભાન હતી. તેથી સામાજિક અને ન્યાય ક્ષેત્રે સ્ત્રીઓ સમાન અધિકાર ધરાવતી ન હતી. ત્યારબાદ ૧૬મી-૧૭મી સદીમાં સ્ત્રી વિષેની અસમાનતા અને સંવેદનને પ્રગટ કરતાં લખાણોનાં છૂટા-છવાયાં પ્રયત્નો થયા. જેમાં **માર્ગરેટ કેવેંડીશ (Margaret Cavendish)** અને **અપ્રાહ બેહ્ન (Aprah Behn)** જેવી સ્ત્રી લેખિકાઓએ સ્ત્રી-સંવેદનને વાચા આપી.

૧૮મી સદીમાં નારી સામેના અન્યાયનો સૂર વધુ પ્રખર થયો. **મેરી વોલસ્ટોનક્રાફ્ટ (Mary Wollstonecraft)** નું **'વિંડીકશન ઓફ ધ રાઇટ્સ ઓફ વીમન' ('Vinditction of the Rights of Women')**  જે ઇ.સ. ૧૭૯૨ માં પ્રગટ થયું. આ પુસ્તકમાં સ્ત્રીનાં હકો, સ્ત્રી અધિકારોને મેળવવા

માટે હિમાયત તથા તે માટે પુરુષવર્ગ સામે ન ઝૂકવા માટેની હિમાયત કરાઇ છે. ઇ.સ. ૧૮૬૯માં **જે.એસ.મિલ (J.S.Mill)** કૃત **'ધ સબજેક્શન ઓફ વીમન' ('The Subjection of Women')** આવ્યું. જેમાં સ્ત્રીનાં હકો વિષેની જાગૃતિ હતી. નારી વિષેની વિવિધ વિચારણા ૧૯-મી સદીમાં વાદ તરીકેનું સ્વરૂપ લઈ પ્રબળ આંદોલન તરીકે આગળ વધે છે.

અનુઆધુનિક સાહિત્ય વિવેચનમાં ઇ.સ. ૧૯૮૯માં રચાયેલ **'ધ એમ્પાયર રાઇટ્સ બેક'**માં વંચિતોનાં સાહિત્યને ત્રણ તબક્કામાં વહેંચવામાં આવે છેઃ **૧. અનુકરણ ૨. પ્રત્યાઘાત ૩. સ્વની ઓળખ**. આ પ્રમાણે જોઈએ તો નારીવાદને પણ ત્રણ તબક્કામાં વહેંચી શકાય છે. **જુલ્યા વોટ્સન** અને **સિડોની સ્મિથ** જેવા વિવેચકો નારીવાદના ત્રણ તબક્કા માટે **'ફર્સ્ટ વેવ', 'સેકન્ડ વેવ'** અને **'થર્ડ વેવ'** સંજ્ઞાઓનો ઉપયોગ કરે છે.

અમેરિકન વિવેચક **એલન શોવાલ્ટર** તેમનાં પુસ્તક **'એ લિટરેચર ઑફ ધેર ઓન'**માં નારીવાદી વિચારધારાના ત્રણ તબક્કા દર્શાવે છેઃ

**૧. ફેમિનાઇન (Feminine)ઃ અનુકરણનો તબક્કો**

**૨. ફેમિનિસ્ટ (Feminist)ઃ આક્રોશથી ભરેલ નારીવાદ**

**૩. ફિમેલ (Female) : વિકાસનો અંતિમ સ્વ-ઓળખનો તબક્કો**

'નારીવાદ' એક વાદ તરીકે ૧૯મી સદીમાં શરૂ થાય છે. 'નારીવાદ'નું **પ્રથમ સ્તર** એ સ્ત્રીઓનાં સામાજિક અને કાયદાકીય અસમાનતા વિરુદ્ધ પ્રતિકારનું સ્તર હતું. ઇ.સ. ૧૯૨૦થી ઇ.સ. ૧૯૪૯ નારીવાદનું પ્રથમ સ્તર છે. જેમાં શિક્ષણ, રોજગાર, લગ્નનાં કાયદા અને મતાધિકાર જેવાં હકો વિષે સમાનતાની માંગણી હતી. ઇ.સ. ૧૯૨૯માં **વર્જિનિયા વૂલ્ફ (Virginia Woolf)** નું **'અ રૂમ ઓફ વન્સ ઓન' ('A Room of One's Own')** પ્રકાશિત થયું. તેમાં નારીનાં પોતાના વૈયક્તિક અવકાશ અને સર્જનમાં બાધારૂપ  બનતી સમસ્યાઓ વિષેની વાત હતી. નારીના વિકાસમાં પોતાનો અવકાશ કેટલો જરૂરી છે તે વિષયક વિચારણા આ નિબંધમાં છે. આ ઉપરાંત, 'આઇસ્ટાઇનની બહેન હોત અને તેનાં જેટલી જ બુદ્ધિમતી હોત તો પુરુષસત્તાક સમાજમાં તેની શું દશા થાત?'- આવા એક કાલ્પનિક વિચારથી સ્ત્રીના વિકાસમાં પુરુષસત્તાક સમાજની કેવી ચુસ્તતા

બાધરૂપ બને છે તેની ચર્ચા કરી છે. ઇ.સ. ૧૯૪૯ માં ફ્રેંચ લેખિકા **સિમોં-દ-બુવા (Simone-de-Beauvoir)** નું **'ધ સેકન્ડ સેક્સ' ('The Second Sex')** પ્રકાશિત થયું. તેઓના મત પ્રમાણે સ્ત્રીઓ સ્ત્રી તરીકે જન્મ લેતી નથી પરંતુ સમાજ તેને સ્ત્રી તરીકે ઘડે છે. જેનાથી નારીવાદ ક્ષેત્રે ઉહાપોહ મચી ગયો અને નારીવાદી વિચારણા વધુ પ્રબળ બની. મૂળભૂત રીતે સ્ત્રી સામે થતાં અન્યાયને તીવ્ર સૂરમાં વખોડનાર આ લેખિકાની અસર નારીવાદી ઉપર ઘણે અંશે રહી. આંતરિક અને બાહ્ય સ્તરે પુરુષસત્તાક સમાજને કારણે સ્ત્રીનું કેવી રીતે અવમૂલ્યન થયું છે અને તેને કારણે સામાજિક, રાજકીય અને મનોવૈજ્ઞાનિક સ્તરે સ્ત્રીની દશાના માઠા પરિણામો મળે છે તેની વિગતે ચર્ચા તેમનાં પુસ્તકમાં થઈ છે. વર્જિનિયા વૂલ્ફ અને સીમોં-દ-બુવાની વિચારણાની અસર દ્વિતીય સ્તરના વિવેચકો અને વિચારકોમાં બહોળા પ્રમાણમાં થાય છે.

નારીવાદનાં **બીજા સ્તર**માં સ્ત્રીઓનાં નાગરિક તરીકેનાં હકો, બંધારણીય હકો અને લઘુમતીનાં હકો વિષેની ચર્ચા-વિચારણા પ્રબળ બની. ઇ.સ. ૧૯૬૦ થી લઈને ઇ.સ. ૧૯૭૫ સુધીનો આ તબક્કો 'નારીવાદ'નાં સૂરને વધુ ગાઢ બનાવે છે. સ્ત્રી-શોષણ વિરુદ્ધ પ્રતિકારનો આ તબક્કો પુરુષકેન્દ્રી વિવેચનમાંથી બહાર આવે છે. **કિશોરસિંહ સોલંકી** તેમનાં લેખ 'વિશ્વસાહિત્યમાં નારીવાદ'માં નોંધે છેઃ "નારીવાદના દ્વિતીય તબક્કામાં જ્યારે નારીવાદી આંદોલનોએ વેગ પકડ્યો ત્યારે વિશ્વસાહિત્યની અનેક કૃતિઓનું પુનઃમૂલ્યાંકન કરવામાં આવ્યું. આ સમયે સાહિત્ય જગતને આશ્ચર્ય થયું કે પુરુષના નામે લખાયેલ અનેક સાહિત્યકૃતિઓ સ્ત્રીઓ-રચિત હતી! સમાજના ડરથી અથવા પ્રકાશકના ભયથી અનેક સ્ત્રીઓએ પુરુષના નામે લખ્યું. જેમાં **જ્યોર્જ એલિયટ, એલન ગ્લાસગો અને એલિઝાબેથ સ્ટર્ન**નાં નામો જાણીતાં છે."૮ **મેરી એલમેન (Mary Ellmann)** નું પુસ્તક **'થિંકિંગ અબાઉટ વીમન' ('Thinking about Women')** ઇ.સ. ૧૯૬૮માં પ્રકાશિત થયું. જેમાં સ્ત્રીઓને બિબાઢાળ કરવામાં આવી છે તેની વિચારણા છે.

આ સમય દરમિયાન **બેટી ફ્રીડન (Betty Friedan)**, જેઓ (ઇ.સ. ૧૯૭૦) 'નેશનલ ઓર્ગેનાઇઝેશન ફોર વુમન'ના પ્રથમ અધ્યક્ષ હતા, તેઓએ ઇ.સ. ૧૯૬૩માં તેમના પુસ્તક **'ફેમિનાઇન મિસ્ટિક' ('Feminine Mystique')**માં સ્ત્રીનો ગૃહિણી તરીકેનું કાર્ય ઉદાસીનતામાં કઈ રીતે પરીવર્તન પામે છે તે વિષે ચર્ચા કરી. **શુલામીથ ફાયરસ્ટોને (Sulamith Firestone)** પણ

તેમના પુસ્તક **'ધ ડાયલેકટીક ઓફ સેક્સઃ ધ કેસ ફોર ફેમિનિસ્ટ રેવોલ્યુશન' ('The Dialectic of Sex: The Case for Feminist Revolution')** (ઇ.સ.૧૯૭૦) દ્વારા સામાજિક ક્રાંતિથી લઈને સાહિત્યિક ક્રાંતિની ચર્ચા કરી. ઓસ્ટ્રેલિયન વિચારક **જર્મેન ગ્રીયર** પણ નારીવાદ ક્ષેત્રે તેમના પુસ્તક **'ધ ફિમેલ યુનક' ('The Female Eunuch')** (ઇ.સ. ૧૯૭૦)માટે જાણીતાં છે. તેમણે આ પુસ્તકમાં પુરુષ દ્વારા રચાયેલ તંત્રમાં સ્ત્રીને વ્યવસ્થા દ્વારા દ્વૈતિક (Submissive) ભાગ ભજવવા માટે ઢાળવામાં આવે છે તેની ચર્ચા કરી છે. **કેટ મિલેટ** 'નેશનલ ઓર્ગેનાઇઝેશન ઑફ વીમન' અને 'ન્યૂયોર્ક રેડિકલ વીમન'માં જોડાયેલ હતાં. કેટ મિલેટ ઇ.સ. ૧૯૭૦માં **'સેક્સુયલ પોલિટિક્સ' ('Sexual Politics')**નામનું પુસ્તક આપે છે. જેમાં સ્ત્રીઓની છબી અને સ્ત્રીઓ પર તેની વ્યક્તિગત અસર વિષે ચર્ચા છે. તેમનું આ પુસ્તકમાંનું સૂત્ર ***'The Personal is Political'*** ખૂબ જાણીતું બન્યું હતું. ઇ.સ. ૧૯૯૦માં પ્રકાશિત પુસ્તક **'ધ લૂની-બિન ટ્રીપ' ('The Looney-Bin Trip')**માં તેમણે પુરુષો દ્વારા વર્ષોથી સ્ત્રીને માનસિક રીતે નબળી ગણાવવામાં આવી છે એ વાત પર ધ્યાન દોર્યું, ખાસ કરીને એવી સ્ત્રીઓ જે સ્વતંત્ર થવા માંગે છે. આમ, નારીવાદના બીજા સ્તરમાં નારીના સામાજિક અને રાજકીય સ્થાન વિશે વિવિધ રીતે વિચારવામાં આવ્યું. જેમાં સ્ત્રીની વ્યક્તિગત ઓળખને હાનિ પહોંચે છે તે તરફ સમાજનું ધ્યાન દોરવામાં આવ્યું. જેની અસર નારીવાદને તૃતીય સ્તર સુધી પહોંચાડે છે, જેમાં સ્ત્રીની વ્યક્તિગત ઓળખ વિષે વિચારણા થઈ.

**ત્રીજું સ્તર** ઇ.સ. ૧૯૭૯થી ઇ.સ. ૨૦૦૦ સુધીનું ગણાય છે. આ તબક્કામાં નારીવાદ પૂર્વે રચાયેલ સ્ત્રી-લિખિત સાહિત્યને લક્ષમાં લેવામાં આવ્યું. ઇ.સ. ૧૯૭૯માં **એલન શોવાલ્ટર 'ગાયનોક્રિટીક્સ'** નામની સંજ્ઞા પ્રયોજે છે. જેના દ્વારા નારીનાં દ્રષ્ટિકોણથી અને સ્ત્રીકેન્દ્રી સાહિત્યિક માપદંડોને આધારે વિવેચન થવાની શરૂઆત થાય છે. સ્ત્રીના સાહિત્યને સમજવા માટે અલાયદા કાવ્યશાસ્ત્રની માંગ તેઓ રજૂ કરે છે. **'Poetics of Differences'**- ભિન્નતાનું કાવ્યશાસ્ત્ર જેવી સંજ્ઞા દ્વારા તેઓ આ જરૂરિયાતને સમજાવે છે. ઇ.સ. ૧૯૯૨ માં **રિબેકા વોકરે 'બીકમિંગ ધ થર્ડ વેવ'** નિબંધ દ્વારા નારીવાદનાં ત્રીજા સ્તરનાં જાતિગત, સ્ત્રીપણું, પુરુષપણું, સ્ત્રીત્વ જેવી સંજ્ઞાઓને ફરીથી વિચારવા માટેની માંગ દર્શાવી. ઇ.સ. ૧૯૯૫માં **હિલરી ક્લીંટન (Hillary Clinton)** યુ.એન.માં ***'વીમન્સ રાઇટ્સ આર હ્યુમન રાઇટ્સ' ('Women's Rights are Human Rights')*** વિષે ભાષણ આપે છે. કાયદાકીય રીતે પણ સ્ત્રીઓને લઈને વિચારવામાં આવે છે. સ્ત્રીના

પોતાના શરીર પર પોતાનો હક છે તે વિચાર દ્વારા સંતતિ નિયમન અને ગર્ભપાત જેવા વિષય અંગે પણ વાલી તરીકે સ્ત્રીનો હક હોવો જોઈએ એ વિચાર તરફ ધ્યાન દોરવાય છે. સામૂહિક માધ્યમો અને પત્રકારત્વ ક્ષેત્રે સ્ત્રીઓનો પ્રવેશ થાય છે. જેને કારણે મીડિયા અને ફિલ્મ ક્ષેત્રે નારીની દર્શાવાતી છબીમાં પરીવર્તન આવે છે. ફિલ્મોમાં પણ સ્ત્રીની સશક્ત છબી પ્રવેશ પામે છે. આ સાથોસાથ અંગ્રેજીમાં 'બીચ' (સશક્ત સ્ત્રી કે જેની સામે જીતી ન શકાય) જેવા શબ્દો પ્રચલિત થાય છે. ઇ.સ. ૧૯૯૯માં **એલિઝાબેથ વર્ટ્ઝલ (Elizabeth Wurtzel)** દ્વારા **'બીચઃ ઇન પ્રેઇઝ ઓફ ડિફિકલ્ટ વીમન' (Bitch: In Praise of Difficult Women')** પુસ્તક પ્રકાશિત થાય છે. આવા શબ્દપ્રયોગો દ્વારા સ્ત્રીની નવીન છબી પ્રાપ્ત થાય છે, જે વધુ બિન્ધાસ્તપણાની છાપ ઉપજાવે છે. ભારતમાં તેની અસર મોડી જોવા મળે છે. આમ, ત્રીજા તબક્કામાં નારીવાદમાં પ્રયોજાતી સંજ્ઞાઓ અને તેનાં સાહિત્યને સ્ત્રીનાં દષ્ટિકોણથી જોવાની વિચારવાની ફરજ પડી. ત્રીજા તબક્કાના નારીવાદને સ્વચ્છંદતા અને પુરુષદ્વેષ તરફ પણ જતો જોવા મળે છે, જેને કારણે તેનાં પર કટાક્ષ અને વિવેચન પ્રાપ્ત થાય છે.

નારીવાદનો સૂર ૨૧મી સદી સુધી આવતાં પ્રબળ બન્યો છે. જેને નારીવાદનું **ચોથું સ્તર** ગણી શકાય તેવા હાલનાં ઇન્ટરનેટનાં સમયમાં સ્ત્રીવર્ગનાં પ્રશ્નો અને સમસ્યાઓને વાચા આપવાનું અને ઇન્ટરનેટનાં વિશ્વમાં સ્ત્રીઓ પર થતાં વિવિધ દુરાચારો સામે પ્રતિકારનું આ સ્તર છે. સાહિત્યક્ષેત્રે **જુલ્યા ક્રિસ્તેવા (Julia Kristeva), ટોરીલ મોઈ (Toril Moi), હેલેન સિઉ (Helan Siu)** જેવા નારીવાદી વિચારકોની અસર પણ ઘણી થઈ. ભાષા દ્વારા પણ સ્ત્રી શોષણનું તંત્ર પણ વ્યાપક બને છે તેની પર આ વિચારકોનું સંશોધન અસરકારક નિવડ્યું. નારીને લગતાં સાહિત્ય માટે નારીકેન્દ્રી આગવી ભાષા હોવી જોઈએ તેવો પણ વિચાર પ્રવર્તમાન થયો હતો.

આધુનિક સમયમાં 'નારીવાદ' સંજ્ઞાને નિશ્ચિતરૂપે પ્રયોજવામાં જે મુશ્કેલી ઊભી થાય છે તે પણ નારીવાદના દ્વિતીય તબક્કામાં પ્રયોજાયેલ ઇકો ફેમિનીઝમ, ગાયનોસેંટ્રીસિઝમથી લઈને ટ્રાન્સ ફેમિનીઝમ સુધીના ફાંટાઓમાં વિવાદને કારણે છે. **હેવલોક એલિસ, સિગમંડ ફ્રોઈડ, શીનફિલ્ડ** જેવાં વિચારકો **જૈવિક વિચારસરણી** સાથે નારીવાદને જોડે છે. તેઓની વિચારસરણી પ્રમાણે સ્ત્રી અને પુરુષમાં સમાનતા હોય શકે પરંતુ સામ્યતા નહીં. **એલ.બી.પેકિન, હેલન થોમસન, માર્ગરેડ**

**મીન** જેવાં વિચારકો સ્ત્રીનાં માનસિક આવિર્ભાવો વિષે ચર્ચા કરે છે. 'ઇકો ફેમિનીઝમ' ફ્રેંચ વિચારક **ફ્રાંકોઇસ-દ-યુબોન (Francoise d' Eaubonne)** દ્વારા પ્રયોજાયેલ સંજ્ઞા છે. જેમાં સ્ત્રી શોષણ સાથે **પર્યાવરણ**ને જોડે છે. **'ટ્રાન્સ ફેમિનીઝમ'** સંજ્ઞા **એમી કોયમા (Emi Koyama)** દ્વારા પ્રયોજાયેલ છે. આ વિચારણામાં સ્ત્રીની વ્યક્તિગત અનન્યતાનું મહત્વ સ્વીકારાયું છે. **સારા મિલ્સ (Sara Mills)** કૃત **'ફેમિનિસ્ટ સ્ટાઈલીસ્ટિક્સ' ('Feminist Stylistics')** (ઇ.સ. ૧૯૯૫)માં સાહિત્યિક અને બિનસાહિત્યિક (પોપ સોંગ, વર્તમાનપત્ર, જાહેરખબરો, જોક્સ વગેરે) સ્વરૂપોમાં નારીવાદી ભાષાકીય માળખાની શૈલીને **(Feminist Linguistics)** ધ્યાનમાં રાખીને તેનું મૂલ્યાંકન કરવાનો માર્ગ બતાવે છે. જેમાં સેક્સીઝમ, પોલિટિકલ કરેક્ટનેસ, એજન્સી અને મિનિંગ જેવાં તંત્રોના કેન્દ્રમાં ભાષાકીય માળખાને ધ્યાનમાં લેવામાં આવે છે.

આ ઉપરાંત, વિચારધારાની અને ભૌગોલિક ભિન્નતાને લઈને પણ **બ્લેક એન્ડ વુમનિસ્ટ, ફ્રેંચ, લિબરલ, રેડિકલ, મલ્ટિરેસિયલ, પોસ્ટ-સ્ટ્રક્ચરલ, પોસ્ટ-કોલોનીયલ, પોસ્ટ-મોડર્ન, સેપરેટિસ્ટ એન્ડ લેસ્બિયન, સોસિયલિસ્ટ એન્ડ માર્ક્સિઝમ, થર્ડ-વર્લ્ડ** જેવા ઘણાં ફાંટાઓમાં નારીવાદની વિચારણા જોવા મળે છે. આખરે, 'નારીવાદ' સંજ્ઞાના મૂળમાં સ્ત્રીસમાનતા, સમાન તકો અને ઓળખ માટેની માંગ છે.

## **૧.૨ નારી છબી:**

સામાન્યતઃ કળાના વિવિધ ક્ષેત્રોમાં નારીને કઇ રીતે પ્રસ્તુત કરવામાં આવે છે તેનાં પરત્વે જે વિચારણા કરવામાં આવે છે તેને 'નારી છબી'ની વિચારણા કહી શકાય. વર્ષોથી ચાલી આવતાં પુરુષસત્તાક તંત્ર દ્વારા નારી માટેનાં કેટલાંક ગૃહિતોને આધારે નારીની છબી રચવામાં આવતી. જેમાં પુરુષસત્તાક તંત્ર ઉપરાંત, ધાર્મિક, સામાજિક, રાજકીય, સાંસ્કૃતિક રૂઢિગત માન્યતાઓનું ચલણ હતું. પરતંત્રતાને સહજ સ્વીકારી રહેલ સ્ત્રીઓને પણ જડબેસલાક બેસાડી દીધેલ રૂઢીઓ સામે પ્રતિકાર કરવાની સભાનતા ન હતી. જેને કારણે વિવિધ પુરુષ દ્વારા રચાયેલી સત્તાઓએ સ્ત્રીઓને નિમ્ન સ્તરે મૂકી શોષણ કરવાનું સભાન કે અભાનપણે ચાલુ રાખ્યું. પુરુષસત્તાક તંત્રનું

જડબું એટલું ચુસ્ત હતું કે પુરુષ અને સ્ત્રીવર્ગે સહજપણે તેની કાર્યપ્રણાલી (practice) ચાલુ રાખી. તેને આધારે જ ધર્મગ્રંથો કે 'મનુસ્મૃતિ' જેવા ગ્રંથમાં સૂચવાયેલી વાતો સમાજમાં આજ દિન પર્યંત લાગુ પાડવામાં આવે છે.

## ૧.૨.૧ 'નારી છબી'ની સમજઃ

**'નારી છબી'** સંજ્ઞામાં **'નારી'** અને **'છબી'** એવા બે પદો છે. ('નારીછબી' એવો શબ્દપ્રયોગ કરીએ ત્યારે તે ષષ્ઠી વિભક્તિનાં સંબંધને આધારે એકબીજા સાથે જોડાય છે) 'નારી' એ સ્ત્રીનાં અર્થમાં પ્રયોજાયું છે. જ્યારે 'છબી'નો 'ફોટો' તરીકે અર્થ ન કરતાં 'કળાના વિવિધ માધ્યમોમાં પ્રસ્તુત કરેલ સ્ત્રીની (ભાવક/વિવેચક)નાં મનમાં ઉજાગર થતી છબી' તરીકે તેનો અર્થ અહીં પ્રસ્તુત છે.

'નારી છબી' વિષે નારીવાદના દ્વિતીય તબક્કા દરમિયાન ધ્યાન દોરાયું. લૈંગિક ભેદ અને જાતિગત ભેદનાં ગૂંચવાયેલા સ્વરૂપને કારણે નારીનાં શારીરિક (biological) ભેદને કુદરતી રીતે ન સ્વીકારતાં તેની સાથેના ગૃહિતોને જોડીને, 'શરીર'ને **માલિક (master)** અને **ગુલામ (slave)** નાં **સત્તા તંત્ર (power system)** સાથે જોડી દેવામાં આવે છે. તેથી સ્ત્રી એ માત્ર 'સ્ત્રી' હોવાને કારણે વિવિધ દૂષણો અને દૂરાચારોનો ભોગ બને છે. ભારતીય સાહિત્ય સંદર્ભે જોઈએ તો 'આદર્શ નારી'ની છબી સાથે વિવિધ ગૃહિતો જોડી દેવામાં આવ્યા છે. પતિની દેવ તરીકે પૂજા, પતિ કે સાસરિયાં સામે ન બોલવું, સૌની સેવા કરવી, ધાર્મિક વિધિ-વિધાનોને શાસ્ત્રમાં સૂચવ્યા પ્રમાણે પાલન કરવું, દુઃખને ચૂપચાપ સહન કરવું વગેરે જેવી ઘણી બાબતોને આધારે સ્ત્રીના ચારિત્ર્યની મૂલવણી થાય છે. આ ચારિત્ર્ય સાથે સીધે સીધી નારીની છબી સંકળાયેલી છે. પુરુષ, ઘર કે સમાજનાં અન્ય (the other) લોકો દ્વારા સ્ત્રીના ચારિત્ર્યને વિવિધ રીતે મૂલવવામાં આવે છે. ગૃહિણી, નોકરિયાત સ્ત્રી, વિધવા, વંધ્યા, ત્યક્તા, છૂટાછેડા લેનાર સ્ત્રી, અપરિણીત, વ્યભિચારિણી, વેશ્યા જેવી આ તમામ સ્ત્રીઓ માટે ચોક્કસ ચોકઠું બનાવીને રાખવામાં આવ્યું છે. તેની સાથેનાં ગુણો-અવગુણો અને ગૃહિતોને વારંવાર મનુષ્યનાં માનસ પર ચિત્રિત કરીને ઠસાવી દેવામાં આવ્યા છે. તે માટે 'નારી છબી'નો અભ્યાસ આવશ્યક બને છે.

૨૦મી સદીના વિચારક **ચાર્લ્સ કૂલી** દ્વારા 'અમેરિકન આઈડેન્ટિટી' માટેની **'looking glass self'** ની વિચારણા સ્ત્રી ઓળખ માટે પણ એટલી જ લાગુ પડે છે. તેનાં મત પ્રમાણે સ્વ ઓળખ એ અન્યની દૃષ્ટિથી આપણાં દેખાવની રચાતી છબીની કલ્પના દ્વારા પ્રાપ્ત થાય છે. સ્ત્રી કોઈ પણ દેશમાં જન્મી હોઇ, સ્ત્રીઓનાં આદર્શોનાં તંત્રને પણ આ વાત લાગુ પડે છે. તે પોતાની સામે જે રીતે જુએ છે તેની સામાજિક છબીમાં, તે દ્રષ્ટિમાં તેનું સાંસ્કૃતિક મૂલ્ય સંકળાયેલું હોય છે.

આ જ સંદર્ભે **બેટ્ટી ફ્રેડન 'ધ ફેમિનાઇન મિસ્ટિક'**માં નોંધે છેઃ

**'This image- created by the women's magazines, by advertisements, television, movies, novels, columns and books by experts on marriage and the family, child psychology, sexual adjustment and by the popularizers of sociology and psychoanalysis - which shapes women's lives today and mirrors their dreams.'૯**

અર્થાત આ છબી લગ્ન અને શિશુ નિષ્ણાત, બાળ મનોનિષ્ણાત, જાતિયતાનાં પ્રવર્તકો અને સામાજિક અને મનોવૈજ્ઞાનિક લોકપ્રવર્તકો દ્વારા સ્ત્રી-સામયિકો, જાહેરાતો, ટેલીવિઝન, ફિલ્મો, નવલકથાઓ, કૉલમ અને પુસ્તકોમાં નારીની છબી રચવામાં આવે છે-જેનાં દ્વારા નારીનું જીવન અને તેમના સ્વપ્નો આકાર લે છે. આ ઉપરાંત, વર્તમાનપત્રો, સામયિકો, ફિલ્મો જેવા સામૂહિક માધ્યમોની ભાષા અને ચિત્ર દ્વારા પણ આજની નારીની છબી વિશેના નવા પરિમાણો આકાર લેતા જાય છે. જે કાર્ય પ્રાચીન પરંપરામાં ધર્મગ્રંથો કરતાં તે કામ આજના અનુઆધુનિક સમયમાં સમૂહ માધ્યમો (media) કરે છે. જેમાં ઇન્ટરનેટને કારણે પ્રચાર-પ્રસારનો બહોળો અવકાશ પ્રાપ્ત થયો છે.

સમૂહ માધ્યમોમાં નારી છબીને સામાન્યતઃ તેનાં શરીર (female as a body) અને રૂપ (દેખાવ) સાથે જોડવામાં આવે છે-જે પુરુષોનાં આહલાદનો આધાર છે. જેને કારણે આજ પર્યંત સ્ત્રીને શારીરિક યાતનાઓનો ભોગ બનવું પડે છે. સ્ત્રીની ઓળખથી લઈને નોકરી, પુરુષપાત્રનો મિલાપ, આત્મવિશ્વાસ, લગ્ન બધું જ તેની સુંદરતા સાથે જોડીને મેક-અપ, ગોરો વર્ણ કરવા માટેની

ક્રીમ, પરફ્યુમ, કપડાં જેવી વસ્તુઓની જાહેરાત કરવી એ **ઉપભોક્તાવાદ (consumer culture)**નું લક્ષણ છે. જેને કારણે સ્ત્રીઓ કલ્પનાગત વિશ્વમાં વિહરે છે. તેની વાસ્તવિક, વૈચારિક અને આંતરિક ઓળખનો હ્રાસ થતો જાય છે. જ્યારે વાસ્તવિક ઓળખ પ્રાપ્ત થાય ત્યાં સુધી સ્ત્રી માનસિક યાતનાઓ, હતાશા કે આત્મ હત્યા સુધીનો માર્ગ અપનાવે છે. સ્ત્રીઓ પર થતાં બળાત્કાર, ઇવ ટીઝિંગ, છેડતી, સ્ટેરિંગ કે એસિડ અટેક આ બધાં જ દુષ્કૃત્યોનો ભોગ સ્ત્રી બને છે. તેનું કારણ તેનાં શરીર અને દેખાવ પ્રત્યે  સમૂહ માધ્યમો અને પુરુષસત્તાક તંત્રએ ઊભા કરેલાં વલણો છે. પારંપારિક રીતે સ્ત્રીઓને 'સંતાન પેદા કરવાનું મશીન' માનવામાં આવતી હતી તેને બદલે **'શારીરિક ઉપભોગનાં સાધન' (sexual object)** તરીકે તેને જોવામાં આવે છે તેમાં સમૂહ માધ્યમોની વ્યાપક અસર છે.

સાહિત્યના માધ્યમ દ્વારા પણ સ્ત્રીની છબીને વિવિધ કાળમાં ચોક્કસ ચોકઠામાં મૂકીને સ્ત્રીની વૈયક્તિક ઓળખનો હ્રાસ થયો છે. ગોવર્ધનરામ ત્રિપાઠી જેવાં પ્રશિષ્ટ લેખકે 'સરસ્વતીચંદ્ર' નવલકથામાં તેમની નાયિકાને 'સર્વ ગુણ સંપન્ન' દર્શાવીને સમાજની દષ્ટિએ જીવન વિતાવતાં બતાવી છે તો કુન્દનિકા કાપડિયા જેવી નારીવાદી લેખિકાએ 'સાત પગલાં આકાશમાં' નવલકથામાં પુરુષ દ્વારા ઊભા કરાયેલાં તંત્રને વખોડી પ્રતિકારનો તીવ્ર સૂર રજૂ કરતાં સ્ત્રી-પાત્રોને નવલકથામાં ચિત્રિત કર્યા છે. નારીવાદ આ બંને પ્રકારનાં પાત્રો વચ્ચે ઝોલાં ખાય છે. તેથી પુરુષ સમોવડી, પુરુષદ્વેષિણી કે પુરુષસત્તાક પરાયણ ન બનતાં સમતુલા જાળવીને નારી પાત્રોની છબી ઘડવી એ સંકુલ કાર્ય છે. નારીવાદી સાહિત્ય એ **પ્રચાર સાહિત્ય (propaganda literature)** બનતાં તેનાં સાહિત્યિક મૂલ્યોને પણ નુકસાન થવાની સંભાવના રહેલી હોય છે. તેથી કેટલાંક લેખકો નારીવાદને સમર્થન આપતાં હોવા છતાં વચ્ચેનો માર્ગ પસંદ કરે છે. આ સંદર્ભે ભારતીય લેખિકા **શશી દેશપાંડે** નો મત આ પ્રમાણે છેઃ

**'I am a feminist, I'm a very staunch feminist in my personal life … I am a feminist very much and I strongly react against any kind of cruelty or oppression, denial of opportunities to women because they are women … But as writer, I'm not going**

**to use my novels to carry the message of feminism. Then it becomes propaganda.'૧૦**

કોઈ પણ સાહિત્ય કૃતિની 'નારીવાદી સાહિત્ય' તરીકે ગણના કરતાં તેનાં મૂલ્યાંકનમાં પણ જે રીતે સાહિત્યિક કૃતિ તરીકે ઓટ આવે છે, તેનાં કારણે કૃતિને 'નારીવાદી કૃતિ'નું લેબલ લગાવવા કરતાં તેને **'નારીવાદી દષ્ટિકોણ' (Feminine Gaze/lens)** થી જોવી એ વધુ તટસ્થ ગણી શકાય. માત્ર લેખિકાઓ દ્વારા જ લખાયેલી કૃતિને 'નારીવાદી કૃતિ' ગણી શકાય તેવી માન્યતા પણ વાચકવર્ગમાં પ્રવર્તે છે. તેનું કારણ લેખિકાઓ દ્વારા સ્ત્રી સંવેદનને વાચા આપતાં પાત્રો છે. તેમાં અનુભૂતિનું મહત્ત્વ છે. તેમ છતાં પુરુષ લેખકો દ્વારા કૃતિમાં ઘડાયેલ સ્ત્રી પાત્રોની છબી **(woman image)** પણ સફળ રીતે સ્ત્રી સંવેદનને વાચા આપી શકી છે તે ભારતીય સાહિત્યનાં લેખકોનું ગૌરવ છે.

કોઈ પણ નારી પાત્રને કૃતિનાં કર્તા દ્વારા કઈ રીતે ચિત્રિત કરવામાં આવી છે? તેનાં પાત્રચિત્રણમાં તે સમાજનાં ગૃહિતો સાથે મેળ પાડે છે? તે સમાજનાં ગૃહિતોને પડકારે છે? નારી પાત્ર કઈ રીતે વિલક્ષણ છે? તે તેની પર સત્તા જમાવતાં કયા કયા તંત્ર સામે પ્રતિકારનો સૂર રજૂ કરે છે? પૂર્વયુગીન કૃતિનાં પાત્રો કરતાં કૃતિનું નારી પાત્ર કયા સંદર્ભે વિકાસશીલ છે? નારી સંદર્ભે પુનર્વિચારણામાં કૃતિનાં પાત્રો કઈ રીતે દિશાસૂચન કરી આપે છે?- આવા કેટલાંક પ્રશ્નોને 'નારી છબી' સંદર્ભે વિચારણાનો અવકાશ પ્રાપ્ત થાય છે. જે આખરે સમાજનાં નવનિર્માણની પ્રક્રિયાનું નિમિત્તરૂપ પણ બની શકે છે. 'નારી છબી' (woman image) નો અભ્યાસ આ રીતે પ્રસ્તુત બને છે. 'સ્ત્રી માતા તરીકે', 'સ્ત્રી પત્ની તરીકે', 'સ્ત્રી પુત્રી તરીકે' જેવાં ચોકઠામાં સ્ત્રીને બંધ બેસાડી ચુકાદો (judgement) આપવા કરતાં 'સ્ત્રીને સ્ત્રી' તરીકે સ્વીકારીને તેની છબીનો અભ્યાસ વધુ તાટસ્થ્યપૂર્ણ ગણી શકાય. જેને કારણે નારીનો સહજ રીતે મનુષ્ય તરીકેનો સ્વીકાર તેમજ મનુષ્ય તરીકેનાં (પુરુષની જેમ જ) તેનાં હકો અને તકોનો સ્વીકાર સહજ બને એ જ સમાનતા ધરાવતાં સમાજનું નિર્માણ કરવામાં મદદરૂપ થશે.

## ૧.૩ ભારતમાં વિવિધ યુગમાં નારી છબી:

ભારત બહુસાંસ્કૃતિક દેશ છે. જ્યારે રાજયોની સીમા ન હતી ત્યારે પણ ભૂપૃષ્ઠની વિવિધતા તો હતી જ. આ સાથે ધર્મ, સમાજ, ભાષા અને ભાતીગળ સંસ્કૃતિની પણ વિવિધતા હતી. જેમ-જેમ રાજયોની સીમા નિશ્ચિત થતી ગઈ તેમ તેમ દરેક રાજ્યની સંસ્કૃતિ અને સમાજને વધુ નિકટતાથી જોઈ શકાય છે, તેનો અભ્યાસ કરી શકાય છે અને તેના સમાજના સામ્ય-વૈષમ્યનો અભ્યાસ પણ કરી શકાય છે. આમ, પ્રાચીનકાળથી લઈને અર્વાચીનકાળ સુધી ભારતીય સમાજમાં નારીને જોવાનો દ્દષ્ટિકોણ કઈ રીતે પરીવર્તન પામ્યો તેનો અભ્યાસ આ પ્રકરણમાં છે. તેમાં કયા કયા પરિબળો કારણભૂત છે તેમજ તેમાં પ્રગતિશીલતા કેટલી તેનો અભ્યાસ આ પ્રકરણમાં છે.

## **૧.૩.૧ પ્રાચીનકાળમાં નારી છબી:**

વૈદિકકાળમાં ચાર વેદો, ઉપનિષદો અને આરણ્યકોની રચના થઈ. વૈદિકકાળમાં ઋષિઓની પરંપરા હતી. તે સમયનાં સર્વ સમાજનું ચિત્ર આપણને નથી મળતું. પરંતુ અત્રિ ઋષિની કન્યા અપાલા (**'ઋગ્વેદ' શ્લોક ૮.૯૧**) જેવી જનોઈ ધારણ કરતી સ્ત્રી-ઋષિઓની છબી આપણને પ્રાચીન ધર્મગ્રંથોમાં મળે છે. **'બૃહદઆરણ્યક'** ગ્રંથમાં જેની ઋષિ તરીકેની છબી મળે છે તે યાજ્ઞવલ્ક્ય ઋષિની પત્ની મૈત્રેયી પણ અપાલાની જેમ **'બ્રહ્મવાદિની**' અર્થાત 'વેદોની જાણકાર' ગણાતી. **'સદ્યોદ્યા'** ગણાતી સ્ત્રીઓ લગ્ન થાય ત્યાં સુધી શિક્ષણ પ્રાપ્ત કરતી હતી. આમ, તે સમયે ગણાતાં શિષ્ટ વર્ગની સ્ત્રીઓને શિક્ષણ અને અભ્યાસનો લાભ પ્રાપ્ય હતો. તેમ છતાં ધર્મને આધીન રહીને તેઓ રોજબરોજનું જીવન ગાળતા. જેમાં પુરુષવર્ગનું વર્ચસ્વ તો હતું જ. ભારતમાં ત્રણ ધર્મગ્રંથોનો/સાહિત્યનો બહોળો પ્રભાવ ઉત્તર વૈદિકકાળથી લઈને આજ સુધી છેઃ ૧. મનુસ્મૃતિ ૨. રામાયણ ૩. મહાભારત. ત્રણેય ગ્રંથોમાં નારીની છબી કેવી રીતે રજૂ થઈ છે? નારીની છબીને રૂઢ બનાવવામાં ત્રણેય ગ્રંથોનો કેવો ફાળો છે? તેનાં અભ્યાસ પરથી પ્રાચીનકાળમાં સ્ત્રીનું સ્થાન ક્યાં હતું તે જાણી શકાય છે.

## ૧.૩.૧.૧ મનુસ્મૃતિમાં નારીનું સ્થાનઃ

જે રીતે ભારતીય સંસ્કૃતિમાં વેદોનો સ્વીકાર થયો તે જ રીતે પોતાને રાજા ગણતાં (આદિપુરુષ) મનુ દ્વારા **'મનુસ્મૃતિ'** ગ્રંથની રચના થઈ હોવાનું મનાય છે. મનુસ્મૃતિને **'માનવધર્મ શાસ્ત્ર'** કે **'મનુસંહિતા'**ના નામે પણ ઓળખવામાં આવે છે. યવન, શક અને કંબોજ જેવી જાતિઓનાં ઉલ્લેખ પરથી 'મનુસ્મૃતિ' ઇ.સ. પૂર્વેની ચોથી સદીની આસપાસની રચના ગણાય છે. 'મનુસ્મૃતિ' માં ચાર વર્ણો ધરાવતી વર્ણ-વ્યવસ્થા, ચાર આશ્રમો, સોળ સંસ્કારો, સૃષ્ટિની ઉત્પત્તિ, રાજ્ય-વ્યવસ્થા, રાજાનું કર્તવ્ય, સેનાની વ્યવસ્થા જેવા તે સમયના જીવનમાં લાગુ પડતાં તમામ વિષયોને આવરીને સૂચનો આપવામાં આવ્યા છે. જેમાં સ્ત્રીઓને લગતા ઘણાં મુદ્દાઓને લઈને વિવાદ ચાલુ છે. જેમાં સ્ત્રીનું પુત્રી, માતા અને પત્ની તરીકેનું કર્તવ્ય, સ્ત્રીનો ધર્મ, વિધિ-વિધાનમાં તેનું સ્થાન, સમાજમાં સ્ત્રીનું સ્થાન જેવા કેટલાંક મુદ્દાઓ છે. માત્ર ભારતમાં જ નહીં ભારતની બહાર પણ આ ગ્રંથનો પ્રભાવ હતો

'મનુસ્મૃતિ'માં સ્ત્રીઓને લગતાં જેટલા શ્લોકો છે તેની વિચારણા દ્વારા ધર્મસત્તા સ્ત્રીઓની છબીનિર્માણમાં અને ગૃહિતોને દઢ કરવામાં જે ભાગ ભજવે છે તેનો પ્રભાવ આજ સુધી થતો આવ્યો છે. સ્ત્રીનું સ્થાન અને શુદ્રોનું સ્થાન એકસમાન હતું. ધાર્મિક વિધિવિધાન કે (સોળ)સંસ્કારોમાં તેમનું સ્થાન નગણ્ય હતું. પતિની સેવા જ સ્વર્ગલોક સુધીની સીડી ગણાવીને ધાર્મિક વિધિઓમાં સ્ત્રીઓની બાદબાકી કરાતી. સ્ત્રીનું સ્થાન દર્શાવતાં આ શ્લોકોનાં અભ્યાસ થકી ઉત્તર વૈદિકકાળમાં નારીની પરિસ્થિતી શી હતી તે જાણી શકાય છે.

**૧. પિતૃભિર્ભ્રાતૃભિશ્ચૈતાઃ પતિભિર્દેવરૈસ્તથા ।**
**પૂજ્યા ભૂષયિતવ્યાશ્ચ બહુકલ્યાણમીપ્સુભિઃ ॥ (મનુસ્મૃતિ, શ્લોક ૩ઃ૫૫)**

(પિતા, ભાઈ, પતિ અને દિયર માટે યોગ્ય છે કે તેઓ પોતાની કન્યા, બહેન, પત્ની અને ભાભી વગેરે સ્ત્રીઓનો હંમેશા સત્કાર કરેતેઓને યથાયોગ્ય મધુર ભાષાણ ., ભોજન, વસ્ત્ર, આભુષણ વગેરેથી હંમેશા પ્રસન્ન રાખે. જે કુળમાં સ્ત્રી પ્રસન્ન રહે છે તે કુળનું ભલું થાય છે, જ્યાં સ્ત્રીઓ શોકમાં રહે છે તે કુળનો નાશ થાય છે.)

આ શ્લોકમાં સ્ત્રીઓ પ્રત્યે આદર રાખવાથી કુળનું ભલું થાય છે તે વાત દર્શાવી છે. પરંતુ, સ્ત્રીઓને ભોજન, મધુર ભાષણ, વસ્ત્ર અને આભૂષણથી ભૂષિત કરી તેના વિચારોની સ્વતંત્રતાથી વેગળી કરી છે. આ બધી વસ્તુઓ આપવાનું કર્તવ્ય પુરુષોનું છે, તેથી સ્ત્રીએ પુરુષને આધીન છે. વસ્ત્ર, ભોજન, આભૂષણ જેવી વસ્તુઓ ભૌતિકવાદી છે. તેમજ શિક્ષણ, શાસ્ત્રોનો અભ્યાસ અને વિચાર સ્વતંત્રતાથી સ્ત્રી ખુશ રહેશે તેવો વિચાર પણ નથી.

**૨. યત્ર નાર્યસ્તુપૂજ્યન્તેરમન્તેતત્ર દેવતાઃ ।**
**યત્રૈતાસ્તુન પૂજ્યન્તેસર્વાસ્તત્રાફલાઃ ક્રિયાઃ ॥ (મનુસ્મૃતિ, શ્લોક ૩ઃ૫૬)**

(જ્યાં જ્યાં નારીનું પૂજન થાય છે, ત્યાં ત્યાં દેવોનો વાસ હોય છે. જ્યાં પૂજન નથી થતું ત્યાં સર્વ ક્રિયાઓ નિષ્ફળ નીવડે છે.)

આ શ્લોકમાં નારીને દેવીનાં સ્થાને સ્થાપી દઈ તેના પૂજનનો મહિમા દર્શાવાયો છે. તેને દેવી તરીકે પૂજી ક્રિયાઓનું ફળ પ્રાપ્ત થાય છે તેવા પદસ્થાપન દ્વારા તેનું ગૌરવ કરવામાં આવ્યું છે. જેને કારણે સ્ત્રીને  ત્યાગ અને સમર્પણ જેવા દુખોને સુવર્ણ ઢોળ ચઢાવીને તેમના ભાગે ભોગવવાનું આવ્યું છે.

**3. બાલયા વા યુવત્યા વા વૃદ્ધયા વાડપિ યોષિતા ।**
**ન સ્વાતન્ત્ર્યેણ કર્તવ્યં કિં ચિદ્કાર્યંગૃહેષ્વપિ ॥ (મનુસ્મૃતિ, શ્લોક ૫ઃ૧૪૭)**
**બાલ્યેપિતુર્વશેતિષ્ઠેત્પાણિગ્રાહસ્ય યૌવને।**
**પુત્રાણાં ભર્તરિ પ્રેતેન ભજેત્સ્ત્રી સ્વતન્ત્રતામ્॥ (મનુસ્મૃતિ, શ્લોક ૫ઃ૧૪૮)**

(સ્ત્રી, બાળક, યુવતી કે વૃદ્ધે કોઈ પણ કાર્ય સ્વતંત્રતાથી ન કરવું, સ્ત્રીએ બાળપણમાં પિતાની આજ્ઞાનું; યુવાનીમાં પતિની આજ્ઞાનું અને પતિ બાદ પુત્રોની આજ્ઞાનું પાલન કરવું પણ કોઈ પણ કામ સ્વતંત્રતાથી ન કરવું.)

આ બંને શ્લોકોમાં સ્ત્રીએ ગમે તે વયે ઘરનાં પુરૂષોને આધીન રહેવું અને કોઈ પણ કાર્યમાં સ્વતંત્રતાનો વિચાર ન કરવો એ સ્પષ્ટપણે સૂચવાયું છે. 'આજ્ઞા' શબ્દ દ્વારા જ સ્ત્રીની આધીનતા સૂચવાઈ છે. અહીં, ઘરમાં પણ સત્તાતંત્રને લાગુ પાડીને સ્ત્રીને આજદિન સુધી પરતંત્ર બનનાવામાં આવી છે.

**૪. યસ્મૈદદ્યાત્પિતા ત્વેનાં ભ્રાતા વાઙનુમતેપિતુઃ ।**
**તં શુશ્રૂષેત જીવન્તં સંસ્થિતં ચ ન લઙ્ઘયેત્।। (મનુસ્મૃતિ, શ્લોક ૫ઃ૧૫૧)**

(પિતા અથવા પિતાની સંમતિથી ભાઈ જે પુરુષ જોડે લગ્ન કરાવે તેને પતિ માની આજીવન તેની સેવા કરવી અને તેનાં મૃત્યુ બાદ બ્રહ્મચર્ય પાળીને રહેવું.)

લગ્ન જેવી બાબતમાં સ્ત્રીની પસંદગી કે કોઈ પણ સ્વતંત્રતાને અહીં છીનવી લેવામાં આવી છે. તેમજ પુનર્લગ્ન નહીં કરીને પતિ જ્યારે મૃત્યુ પામે બ્રહ્મચર્યથી રહેવાનું સૂચવાયું છે. આ સૂચન દ્વારા જ કજોડા લગ્ન થવાથી ભોગ બનતી બાળવિધવાની કફોડી હાલત જોવા મળતી હતી.

**૫. વિશીલઃ કામવૃત્તોવા ગુણૈર્વાપરિવર્જિતઃ ।**
**ઉપચાર્યઃ સ્ત્રિયા સાધ્વ્યા સતતં દેવવત્પતિઃ ।। (મનુસ્મૃતિ, શ્લોક ૫ઃ૧૫૪)**

(પતિ ચાહે કુશીલ હોય, મનમાની કરતો હોય, દુર્ગુણી હોય તેમ છતાં તેની દેવતા સમાન પૂજા કરવી.)

આ શ્લોક સ્ત્રી શોષણની પરાકાષ્ઠા દર્શાવે છે. પતિ-પુરુષનાં કોઈ પણ દુર્ગુણ સામે વિના પ્રશ્ને સેવામાં સ્ત્રીનું નિમ્ન સ્તર દર્શાવાયું છે. શોષક-ગુલામના સત્તાતંત્રની અહીં ઝાંખી થાય છે.

**૬. કામં તુક્ષપયેદ્દેહં પુષ્પમૂલફલૈઃ શુભૈઃ ।**
**ન તુનામાપિ ગૃહ્ણીયાત્પત્યૌપ્રેતેપરસ્ય તુ।। (મનુસ્મૃતિ, શ્લોક ૫:૧૫૭)**

(વિધવા સ્ત્રીએ ફળ, ફૂલ અને મૂળ ખાઈને શરીરને ક્ષીણ કરી દેવું જોઈએ. વ્યભિચાર કરવાનો કે પર પુરુષનો વિચાર પણ ન કરવો.)

સ્ત્રી વિધવા થાય ત્યારબાદનું આ શારીરિક શોષણ છે. તેને હવે પોતાના સ્વાસ્થ્ય કે દેખાવ પ્રત્યે કોઈ ધ્યાન નથી રાખવાનું. પરપુરુષ ન આકર્ષાય તે માટેની આ પૂર્વતૈયારી છે. શારીરિક રાજકારણનો (bodily politics) મુદ્દો અહીં રજૂ કરાયો છે. 'સ્ત્રીધર્મ' નામક આ અધ્યાયમાં વિધવા પુનર્લગ્ન પર પ્રતિબંધ ફરમાવતાં અન્ય પણ સૂચનો કરવામાં આવ્યા છે. વિધવા સ્ત્રીઓ જો સતી ન થાય તો નિયોગ દ્વારા દિયર સાથે તેનો સંબંધ જોડવામાં આવતો. સ્ત્રીનું પતિ પૂર્વે મૃત્યુ થાય તો પતિને પત્નીનાં અગ્નિદાહ પછી વિધિ કરીને પુનર્લગ્ન કરવાની વ્યવસ્થા અહીં કરી આપવામાં આવી છે.

આ ઉપરાંત, નવમા અધ્યાયમાં પણ સ્ત્રીના કર્તવ્યો વિષે સૂચનો અપાયા છે. જે સ્ત્રીનો પતિ વિદેશગમન કરે તેને આભૂષણ અને શ્રુંગાર વિના રહેવું.

**૭. મદ્યપાઽસાધુવૃત્તા ચ પ્રતિકૂલા ચ યા ભવેત્।**
**વ્યાધિતા વાઽધિવેત્તવ્યા હિંસ્રાઽર્થઘ્ની ચ સર્વદા ।। (મનુસ્મૃતિ, શ્લોક ૯:૮૦)**

(જે સ્ત્રી જુગારી, દારૂડિયા અને રોગી પતિની સેવા ન કરે તેનાં આભૂષણ લઈને તેનો ત્રણ માસ સુધી ત્યાગ કરવો. પણ જે પાગલ, પતિત, નપુંસક, પાપરોગી હોવા છતાં પતિની પણ સેવા કરે તેને ન ત્યાગવી કે ન આભૂષણ લેવા. જે સ્ત્રી દારૂ પિનાર, દુરાચારિણી, રોગીણી, માર પીટ કરવાવાળી, ઊલટો વર્તાવ કરવાવાળી કે બિનજરૂરી ખર્ચ કરે તો તેનાં જીવતેજીવ જ બીજું લગ્ન કરવું.)

**૮. વન્ધ્યાષ્ટમેઽધિવેદ્યાબ્દેદશમેતુમૃતપ્રજા ।**
**એકાદશેસ્ત્રીજનની સદ્યસ્ત્વપ્રિયવાદિની ॥ (મનુસ્મૃતિ, શ્લોક ૯:૮૧)**

(સ્ત્રી જો ઋતુકાળથી આઠ વર્ષ સુધી વંધ્ય હોય, દસ વર્ષ સુધી જો તેને પેટે જન્મેલા બાળક મરતા જાય, છોકરી જન્મી હોય ત્યારબાદ અગિયાર વર્ષ સુધી ગર્ભધારણ ન થાય અને કટુ બોલનારી સ્ત્રી હોય તો પુરુષે બીજું લગ્ન કરી લેવું.)

સ્ત્રી અને પુરુષ હોવાથી જ બંને વચ્ચે સેવા, ત્યાગ અને પુનર્લગ્ન માટે તદ્દન જુદા નિયમો છે એ આ શ્લોકો દ્વારા જાણી શકાય. પુરુષ ગમે એટલો દુર્ગુણી હોય તેની સેવામાં જ સ્વર્ગલોક પ્રાપ્ત થાય છે અને સ્ત્રી જો દુર્ગુણ કે ખામી ધરાવે તો તેનો ત્યાગ કરવો અથવા પુનર્લગ્ન કરવા સુધીની છૂટ અપાય છે. (પુરુષની અહીં સંતાન પેદા કરવામાં કોઈ ખામી હોઇ શકે એવી સંભાવના જ ઉલ્લેખાઈ નથી.) પુરુષ અને સ્ત્રી વચ્ચેના માત્ર લૈંગિક ભેદને કારણે કેવું દોગલાપણું (Double standards) અને દંભ (Hypocrisy) 'મનુસ્મૃતિ' ના માધ્યમથી તે કાળથી સમાજનાં દૂષણો બન્યા છે તેનો ચિતાર આપણને આ ગ્રંથનાં અભ્યાસ દ્વારા થઈ જાય છે.

આમ, 'મનુસ્મૃતિ' જેનો પ્રસાર વેદો જેટલો જ છે, તેનાં ઉપરોક્ત જેવા કેટલાંક નિયમો અને સૂચનોને કારણે આજ સુધી સમાજમાં સ્ત્રીનું નિમ્ન સ્તર અને પરતંત્રતાનાં દાખલા જોવા મળે છે. નીરા દેસાઇના મત પ્રમાણે 'આ આખા ગાળાની મહત્તા એ છે કે સ્મૃતિકાર મનુ હિન્દુ સમાજ માટે એક રચના (pattern) ઊભી કરી આપે છે. જેના આંકાઓ લગભગ ૧૮મી સદીના અંત સુધી એના એ જ રહે છે.' ૧૨ (૫-૯) સ્ત્રીઓ પર દમન કરનારી જે ધર્મસત્તા છે તેમાં 'મનુસ્મૃતિ'નો ઘણો ફાળો છે.

## ૧.૩.૧.૨ 'રામાયણ'માં નારીનું સ્થાન:

ભારતનું ઉત્તમ મહાકાવ્ય ગણાતું 'રામાયણ' વાલ્મીકિ ઋષિ દ્વારા રચાયું. સાત કાંડ, પાંચસો સર્ગ અને ચોવીસ હજાર શ્લોકોમાં રચાયેલ આ મહાકાવ્યની કથા પેઢી દર પેઢી કહેવાતી

આવી છે તો તેનાં વિષે ઊંડાણપૂર્વકનાં અભ્યાસો પણ થયા છે. 'અતિલોકપ્રિય' એવા આ મહાકાવ્યમાં રામ અને સીતા મુખ્યપાત્રો છે. તે બંનેનાં જીવનની કથા આ મહાકાવ્યમાં અનેક વળાંકો સાથે આવે છે. જેમાંથી માનવજીવન મૂલ્ય અને આદર્શો સમાજને પ્રાપ્ત થયા છે. આ મહાકાવ્યમાં આવતાં કૌશલ્યા, સુમિત્રા, કૈકેયી, સીતા, ઊર્મિલા, મંથરા અને મંદોદરી જેવા નારી પાત્રોને આધારે પ્રાચીનકાળની નારી છબી જોવા મળે છે. દશરથ, રામ, લક્ષ્મણ અને રાવણ જેવા પાત્રોની સાથેનાં આ સ્ત્રી પાત્રોનાં સંબંધને આધારે આ છબી વધુ સ્પષ્ટ રીતે આપણી સમક્ષ ઊઘડે છે.

'બાલ કાંડ' સુધી તો પુત્રોના ઉછેરની વાત છે. 'અયોધ્યા કાંડ'માં રામ-સીતાના લગ્નના બાર વર્ષ બાદ દશરથ રામને રાજગાદી આપવાનો નિર્ણય કરે છે ત્યારથી રાજનીતિની શરૂઆત થાય છે. અહીં, કૈકેયી અને મંથરા જેવા સ્ત્રી પાત્રો જવાબદાર બને છે. મંથરા કૈકેયીની ચડામણી કરે છે જેથી લક્ષ્મણને રાજગાદી મળે અને રામને ચૌદ વર્ષનો વનવાસ. સ્ત્રીને પોતાના પુત્રને રાજગાદી મળે તે માટેની ઈર્ષ્યાવૃત્તિના દર્શન કૈકેયીના પાત્ર દ્વારા થાય છે. જ્યારે મંથરા કુટિલ સ્ત્રી તરીકે રામાયણમાં ચિત્રિત થાય છે. આ ઉપરાંત, રાજ્ય-વ્યવસ્થામાં પુરુષનો નિર્ણય આખરી ગણાતો, તેમાં સ્ત્રીની કોઈ દખલગીરી ચલાવવામાં ન આવતી. જેને કારણે 'વચનો'નો આધાર લેવામાં આવ્યો છે.

'રામાયણ'ને કારણે ભારતીય સમાજમાં પાત્રોની પરંપરાને અનુસરીને ગૃહિતો દઢ થયા છે. એમાં પહેલું કે રામ એ 'આદર્શ પુરુષ' તરીકે સ્થાપવામાં આવ્યા છે. જેથી તે સર્વ ગુણોનો ભંડાર છે. સીતાને પણ 'આદર્શ સ્ત્રી' તરીકે ચિત્રિત કરવામાં આવી છે. તેથી કૈકેયીના વચનને લીધે થયેલી ઉથલપાથલમાં તે હસ્તક્ષેપ કરતી નથી. રામ પતિ છે તેથી 'સહચારિણી' તરીકે રામ સાથે ચૌદ વર્ષનો વનવાસ ભોગવવાનો તે પોતાનો ધર્મ માને છે. કહેવાતાં 'ધર્મ' માટે સાચા-ખોટાના પ્રશ્નો વિના વડીલોની આજ્ઞાને માન આપવું તેને હિન્દુ પૌરાણિક કથાઓમાં 'આદર્શ' (ideal) ગણવામાં આવ્યું છે. જેની સામે આજ સુધી પ્રશ્નો ઊભા થતાં રહ્યા છે. રામ અને સીતાને હિન્દુ સંસ્કૃતિમાં 'આદર્શ' તરીકે સ્થાપીને રામના રાજ અને પતિ તરીકે અને સીતાના રાણી અને પત્ની તરીકેના તમામ કાર્યોને પણ 'આદર્શ' ગણાવી પેઢી દર પેઢી તેનું આચરણ કરવાનું ગૌપિત રીતે સૂચવવામાં આવ્યું

છે. આ પાત્રોમાં ‘આદર્શ’ની સ્થાપના એ પહેલું ગૃહીત છે જેના કારણે સીતા દ્રૌપદીની જેમ વિરોધ નથી કરતી, વડીલોની આજ્ઞાનું પાલન કરે છે અને પતિના પગલે પગલે વનવાસનું દુખ વેઠવા તૈયાર છે.

કૌશલ્યા અને સુમિત્રા પણ આ નિર્ણયમાં કોઈ હસ્તક્ષેપ નથી કરી શકતી. કારણ દશરથે રાજા તરીકે લીધેલો નિર્ણય છે. તેથી રાજ્ય-વ્યવસ્થામાં સ્ત્રીનો પત્ની કે રાણી તરીકે (વચન સિવાય) કોઇ નિર્ણય કરવાનો અધિકાર ન હતો તે સ્પષ્ટ થાય છે. રાજાનો ધર્મ માત્ર રાજ્યક્ષેત્રે જ નહીં, **સામાજિક (social)** અને **સાંસ્કૃતિક (cultural)** સંદર્ભે પણ લાગુ પડે છે. રાજા એ ચારે વર્ણોની પ્રજાનો રક્ષક અને તેનાં ધર્મનો રક્ષક દર્શાવાયો છે.પુરુષસત્તા ઉપરાંત રાજ્યસત્તાને કારણે સ્ત્રીઓ અને સામાન્ય પ્રજાનું એક જ સ્તર જોવા મળે છે.

બીજું રામ-સીતા-લક્ષ્મણના વનવાસ દરમિયાન રાવણની સીતા પર નજર બગડવી અને વેશ બદલીને લંકામાં લઈ જવું. અહીં, **‘સ્ત્રી-એક સાધન તરીકે’ (woman as an object)** પ્રયોજાઈ છે. **પુરુષના અહંકાર (male-ego), રાજ્ય (kingdom)** અને **લંપટપણું (lust)** ને કારણે સ્ત્રીઓ પર શોષણ આદિ કાળથી વિશ્વભરમાં ચાલ્યું આવ્યું છે. જેમાં ‘રામાયણ’ની સીતા, **‘મહાભારત’ની દ્રૌપદી** અને ગ્રીક પૌરાણિક મહાકાવ્ય **‘ઇલિયડ’ની હેલેન**નું ઉદાહરણ મળી આવે છે. રાવણ ભલે તેને પત્ની બનાવવા લઈ ગયો હોય પરંતુ તેની સજા સીતાને જ ભોગવવી પડે છે. રાવણના આશ્રયમાં રહેતી સીતાને તેને વ્યભિચાર નથી કર્યો તે માટે યુદ્ધ બાદ તો સમસ્યાઓનો સામનો કરવો પડે છે, અગ્નિ પરીક્ષા આપવી પડે છે. અહીં શબ્દ માત્રથી કશું સાબિત નથી થતું, અહીં સ્ત્રી **’દેવી’ (deity)** તરીકે હોવા છતાં ‘અગ્નિ પરીક્ષા’ આપવી પડે છે. તેનું દૈવીપણું આ સ્થાને કામ નથી લાગતું. માત્ર રાજા નહીં પ્રજા સમક્ષ પોતાની શુદ્ધ હોવાની સાબિતી આપવી પડે છે. **‘સ્ત્રી રાણી તરીકે’ (woman as a queen)** હોવા છતાં તેને ગર્ભાવસ્થામાં પણ પુનઃ વનવાસ સહન કરવો પડે છે. **માનસિક (mental) અને શારીરિક (physical)** સંતાપનું કારણ તે સમયની ધર્મ અને રાજ્યવ્યવસ્થા છે, જે પુરુષસત્તાક છે. અધિશ્રેણી (Hierarchy) માં ઉચ્ચ સ્થાન તો માત્ર પુરુષોનું જ છે. ‘રામાયણ’માં ‘સીતાની વ્યથા’ કેન્દ્રસ્થાને નથી પરંતુ ‘રામનો ધર્મ અને આદર્શ’ કેન્દ્રસ્થાને છે. જે નારીની વ્યથાના સૂરને અળગો રાખે છે.

રાજગોપાલના 'પોલિટિક્સ આફ્ટર ટેલીવિઝન'માં નોંધવામાં આવ્યું છે: **'Though Sita is a primary character, she is almost always framed passively, with any active, assertive, or aggressive behavior is nearly always represented in a negative light.'** ૧૧ આ સંદર્ભે વિચાર કરીએ તો જો મુખ્ય સ્ત્રી પાત્રનો સૂર જ ગૌણ દર્શાવાયો હોય અને તેના સીધા કહેણો, આવેગ અને ક્રિયાશીલ વર્તાવને નકારાત્મક દર્શાવાયો હોય તો અન્ય ઊર્મિલા કે મંદોદરી જેવા પાત્રોનો સૂર વ્યક્ત કરાયો જ નથી. ઊર્મિલાને પતિ વનવાસ ગયો તેના તરફ સીધું દુખ વ્યક્ત કરીને બોલકી અથવા મંદોદરીને સીતા સાથે રાવણની લગ્ન કરવાની ઈચ્છાથી દુખ વ્યક્ત કરતી દર્શાવી નથી. મંદોદરી તો રાવણની આજ્ઞાથી સીતાને લગ્ન માટે મનાવવા સુધી જતી દર્શાવાઈ છે. આમ, ત્રીજું ગૃહીત ગણીએ તો મુખ્ય અને આદર્શ ગણાતી સીતા, કૌશલ્યા, સુમિત્રા, ઊર્મિલા, મંદોદરી જેવા સ્ત્રી પાત્રોનો સૂર 'રામાયણ'માં દબાયેલો **(passive)** રહ્યો છે અને કપટી કે કુટિલ ગણાતી મંથરા, કૈકેયી, સૂર્પણખા જેવી સ્ત્રીઓનો સૂર ક્રિયાશીલ (active) અને સીધો (straight) રહ્યો છે.

સીતાનો સીધો નામોલ્લેખ ન થતાં ઘણા સ્થાને તેનો 'રામની પત્ની' કે 'જનકપુત્રી' તરીકેનો ઉલ્લેખ સ્ત્રી પાત્રનું પુરુષની હાજરીમાં નિમ્ન સ્થાન દર્શાવે છે. સ્ત્રી પાત્રોની છબી 'આદર્શ માતા' અને 'આદર્શ પત્ની' તરીકે જ સ્થાપવામાં આવી છે. જેને કારણે ત્યાગ, સમર્પણ, મહાનતા જેવા ગુણો અગ્રેસર છે. પ્રતિકાર, વિરોધ કે સ્વાભિમાન માટેની લડાઇ 'રામાયણ'માં બાકાત રહે છે. 'રામાયણ'નાં પાત્રોની અસર આધુનિક ભારતમાં જે રીતે જોવા મળે છે તે વિષે મંઘારામ 'રામ, મસ્ટ આઈ રીમાઇન્ડ યુ ઓફ યોર ડિવિનિટી?' નામના લેખમાં નોંધે છે:

**'Even in the case of women who have a noticeable presence in the text, their contributions are largely passive, and this passivity is encouraged by the men around them as well as by the women they interact with. In this manner, notions of female identity and social roles are reinforced, further cementing within the text's social structure the role of women as obedient mothers and wives, defined**

**before marriage by their purity, and by virtue and fidelity after marriage. This message continues to resonate in the minds of modern Indian women; Sita is intended to reflect the dharma of all women, regardless of class or caste.'૧૨**

સીતાનું પાત્ર દરેક વર્ગ કે જાતિની સ્ત્રીઓનાં 'ધર્મ'ને પ્રતિબિંબિત કરે છે. તેને કારણે આધુનિક ભારતમાં પણ 'આદર્શ સ્ત્રી' કે 'ધર્મ'ને પ્રસ્થાપિત કરતી મૂર્તિ તરીકે સીતાની સ્થાપના કરવામાં આવે છે. સ્ત્રીના શરીરની **'ભેદ્યતા' (vulnerability)** ને કારણે સ્ત્રીનાં ચારિત્ર્યને હંમેશા **કૌમાર્યપણા (virginity)** સાથે જોડવામાં આવે છે. બળાત્કાર (rape), લગ્ન બાદના પતિ દ્વારા બળાત્કાર (marital rape) જેવા કિસ્સાઓમાં પુરુષ દુર્ગુણી હોવા છતાં તેની સજા સ્ત્રી અને સ્ત્રી શરીરને ભોગવવી પડે છે. 'રામાયણ'માં પણ આ જ ભેદ્યતા સીતાની અગ્નિપરીક્ષા કે પુનઃ વનવાસનું કારણ બને છે. અહીં તો માત્ર શંકા (doubt) છે. જેથી 'રામાયણ'નાં અંતે સીતા જે **'ધરતીપુત્રી' (daughter of the earth)** છે તે ધરતીમાં જ સમાઈ જાય છે. રામાયણનાં સ્ત્રી પાત્રો અને ખાસ કરીને સીતાનું પાત્ર ભારતીય સ્ત્રીઓની માનસિકતાને પરતંત્ર બનાવી ત્યાગ, સમર્પણ જેવા ભાવોનું ઉદ્દાતિકરણ કરી તેવા ગુણ ધરાવતી સ્ત્રીઓને 'આદર્શ'નાં ચોકઠામાં બેસાડવા માટે પૂર્ણપણે સક્રિય રહ્યું છે.

## ૧.૩.૧.૩ 'મહાભારત'માં નારીનું સ્થાનઃ

ભારતનું બીજું મહાકાવ્ય 'મહાભારત', જેનો પ્રસાર સમગ્ર વિશ્વમાં છે. 'રામાયણ' (ત્રેતાયુગ) બાદ 'મહાભારત' (દ્વાપરયુગ)માં થયું હોવાનું મનાય છે. વેદ વ્યાસ રચિત 'મહાભારત'માં પાંડવો અને કૌરવો વચ્ચેના ધર્મ યુદ્ધની કથા છે. 'રામાયણ'ની જેમ જ 'મહાભારત'નો વ્યાપ ભારતમાં એટલો બધો છે કે આ બંને કૃતિઓને આધારે મધ્યકાળથી લઈને અર્વાચીનકાળ સુધી કવિતા, પદ, આખ્યાન, વાર્તા, નવલકથા અને નાટક જેવા વિવિધ સાહિત્યસ્વરૂપોની કૃતિઓ રચાઇ છે. આ મહાકાવ્યના સ્ત્રી પાત્રોની અસર પણ ભારતમાં સામાજિક અને સાંસ્કૃતિક ક્ષેત્રે બહોળી છે તે તેના અભ્યાસ દ્વારા જાણી શકાય છે. 'મહાભારત'ના અનેક

પાત્રોમાં દ્રૌપદી મુખ્ય સ્ત્રી પાત્ર છે. આ સિવાય 'મહાભારત' દીર્ઘ મહાકાવ્ય હોવાને કારણે આડકથાઓમાં દમયંતી જેવા અન્ય પાત્રો પણ તેની છાપ છોડે છે. તેમ છતાં પ્રાચીન પુરુષસત્તાક સમાજમાં નારીના સ્થાનના અભ્યાસ માટે દ્રૌપદી, કુંતી, ગાંધારી જેવા પાત્રોની ઊંડી અસર થઈ છે. તેથી આ ત્રણ પાત્રોનો અભ્યાસ અહીં સંકળાયો છે.

દ્રુપદપુત્રી દ્રૌપદી **'યાજ્ઞસેની'**- યજ્ઞના ફળ સ્વરૂપે અગ્નિમાંથી જન્મેલી છે. તેથી તેનું બાળપણ નથી. સીધી યુવાન વયે જન્મેલી દ્રૌપદી કૃષ્ણમય **'કૃષ્ણા'** છે, તો ત્યારબાદ તે પાંચ પાંડવોની પત્ની **'પાંચાલી'** પણ બને છે. અસભાનપણે તે કર્ણ પ્રત્યે પણ અનુરાગ અનુભવે છે. આટલાં પુરુષપાત્રો સાથે સંબંધ હોવા છતાં તે પૌરાણિક સમયમાં સીતા, અહલ્યા, તારા અને મંદોદરીની જેમ **'સતી'**નું સ્થાન પામે છે.

**'अहल्याद्रौपदीसीतातारामन्दोदरीतथा ।**
**पञ्चकं ना स्मरेन्नित्यं महापातकनाशनम् ॥' (પંચકન્યા શ્લોક)**

દ્રૌપદીનો જન્મ યજ્ઞ દ્વારા દ્રુપદ રાજાનું વેર વાળવા થયો છે જેમાં દ્રૌપદીનો ભાઈ દૃષ્ટદ્યુમ્ન પણ જન્મે છે. આમ, દ્રૌપદીનો જન્મ 'ધર્મરક્ષા' માટે કરાવવામાં આવ્યો છે. તેથી તે વિશિષ્ટ સ્ત્રી બને છે. જેને અર્જુન પોતાની કુશળતાથી સ્વયંવરમાં વરીને આવ્યો છે તે દ્રૌપદી માતા કુંતીના વણજોયે બોલાયેલાં શબ્દોને વડીલોના વચનના પાલન કરવાના 'ધર્મ'ને કારણે જ પાંચ પતિઓમાં વહેંચાઈ જઇ 'પાંચાલી' બને છે. ભારતના ઇતિહાસમાં પૂર્વે ન બનેલી એવી પરિસ્થિતીનો સામનો કરવો પડે છે. પાંચ પાંડવોની એકતા ધર્મયુદ્ધ જીતવા માટે અતિ આવશ્યક છે તેના માટે દ્રૌપદી તે સૌને એક સૂત્ર થઈ તેમને જોડવાનું કાર્ય કરે છે. ઇન્દ્રપ્રસ્થની પટરાણી દ્રૌપદીની છબી સીધેસીધી ઇન્દ્રપ્રસ્થ રાજ્ય સાથે જોડવામાં આવી છે. ઇન્દ્રપ્રથ રાજ્ય બને છે તો તેની પટરાણી-દ્રૌપદી અને ઇન્દ્રપ્રસ્થ જુગારમાં હારી જવાય છે તો પાંડવો વસ્તુની જેમ જ દ્રૌપદીને જુગારમાં મૂકીને હારે છે. ઇન્દ્રપ્રસ્થની હાર એટલે દ્રૌપદીની હાર.

પૌરાણિક વિશેષજ્ઞ **દેવદત્ત પટ્ટનાયક**ના મત પ્રમાણે,

**'In the world of symbols, a queen personifies the kingdom and a king's royal power. Draupadi, like Indraprastha, is the royal power of the Pandavas. Only after marrying Draupadi, daughter of the powerful king of Panchala, are the Pandavas bold enough to come out of hiding and demand from their uncle their half of the inheritance.'૧૩**

અહીં દ્રૌપદીની છબી રાજ્ય અને રાજાની સત્તાને પ્રસ્તુત કરે છે. દ્રૌપદી ઇન્દ્રપ્રસ્થની જેમ પાંડવોની રાજવંશી શક્તિ છે. દ્રૌપદી સાથે લગ્ન કર્યા બાદ જ પાંડવો છૂપાવેશમાંથી નીકળીને કાકા ધૃતરાષ્ટ્ર પાસે પોતાના રાજકીય હકની માંગણી કરી શકે છે. આ દ્રષ્ટિકોણથી જોઈએ તો દ્રૌપદીની છબી સીતા કરતાં વધુ સશક્ત છે. દ્રૌપદી ચીરહરણ સમયે પણ પોતાને બાજી પર લગાડવા માટે સભામાં ઉપસ્થિત વિદ્વાનો સમક્ષ પ્રશ્નો કરે છે. 'રામાયણ'માં સીતા પ્રત્યે માત્ર શંકાને કારણે પ્રશ્નો પેદા થાય છે, 'મહાભારત'નો સમાજ વધુ સંકુલ છે. તેના પાત્રો વધુ માનવીય છે. ભરસભામાં એક સ્ત્રીનું વસ્ત્રાહરણ થાય છે તે સમયે કોઈ પણ વિદ્વાન, ગુરુ કે પાંડવોમાંનો એક પણ પુરુષ આ દુષ્કૃત્ય સામે કોઈ સખત પગલું નથી લઈ શકતો. તે જ પુરુષપાત્રોમાં રહેલી અધૂરપ અને પોકળતા દર્શાવે છે. દ્રૌપદીને ધર્મયુદ્ધનું કારણ પણ બતાવવામાં આવી છે. સીતાને પણ રામ-રાવણના યુદ્ધની નિમિત્ત બનાવાઇ છે. તેથી લડાઈ, ઝઘડા, ઈર્ષ્યા જેવા દુર્ગુણોનું મૂળ પણ સ્ત્રીને વર્ષોથી ગણવામાં આવે છે. 'દ્રૌપદી'ની છબી કાલિકા માંની છબીથી મળતી આવે છે. દુર્યોધનના રક્તથી કેશસ્નાન કરવાની તે પ્રતિજ્ઞા લે છે. દ્રૌપદી નમ્ર હોવા છતાં અધર્મનું આચરણ થતાં વિદ્રોહી બને છે. ધર્મસત્તા, રાજ્યસત્તા અને પુરુષસત્તાનો ભોગ બનેલી દ્રૌપદીનો વિરોધનો સૂર પ્રખર છે.

પાંચ પાંડવોનો જન્મ પણ કુંતી અને પાંડુ રાજા દ્વારા નથી થયો. કુંતીને પોતાના લગ્ન પહેલાં કૌમાર્ય અવસ્થામાં જ મંત્રશક્તિને ચકાસવા જતાં સૂર્યનો પુત્ર કર્ણ જન્મે છે. તેને ત્યજવાથી જીવનભર તેને 'રાધાપુત્ર' કે 'સૂતપુત્ર' તરીકે સંબોધવામાં આવે છે, તે દ્રૌપદીના સ્વયંવરમાં પણ ઉચ્ચ કુળનો ન હોવાને કારણે ભાગ લઈ શકતો નથી અને ઘણે પ્રસંગે અપમાનનો ભોગ બને છે. વર્ગભેદ અને જાતિભેદના પ્રશ્નને પણ આ સંદર્ભે જોઈ શકાય. યમનો પુત્ર યુધિષ્ઠિર, વાયુનો પુત્ર

ભીમ, ઇન્દ્રપુત્ર અર્જુન અને અશ્વિનીના જોડિયા પુત્ર  નકુલ-સહદેવ- આમ, કુંતીને જુદા-જુદા દૈવી પાત્રો દ્વારા પાંચ પાંડવોનો જન્મ થાય છે. સંતાનને જન્મ આપવા માટે કુંતીને અન્ય દૈવી પુરુષોનો આશ્રય લેવો પડે છે તેમ છતાં કુંતી પૂજનીય છે. અહીં કુંતીનું પાત્ર અપવાદ છે. આજના આધુનિક સમયમાં પણ સ્ત્રીને સંતાન પેદા કરવા માટે જો વ્યભિચાર કે અન્ય પુરુષોનો આશરો લે તો ઘરેલુ હિંસા કે આગ લગાડીને મારી નાખવા જેવા પગલાં લેવામાં આવે છે. પણ જો પુરુષપાત્રોની આજ્ઞા હોય તો કહેવાતા સાધુઓ દ્વારા આ વાતનો ફાયદો ઉઠાવીને બાબાઓ દ્વારા સંતાનની પ્રસાદી અપાય છે એવા ઘણા કિસ્સાઓ આજકાલના વર્તમાનપત્રો અને સોશિયલ મીડિયાની સનસની બન્યા છે. ગાંધારી ધૃતરાષ્ટ્રની પત્ની છે. જેમ પાંડુ રાજાને પાંડુ રોગ હોવાથી કુંતીને જે યાતના સહન કરવી પડી છે, ગાંધારીએ યાતના જાતે વહોરી લીધેલી છે. ધૃતરાષ્ટ્ર અંધ હોવાથી ગાંધારી આંખે પાટા બાંધીને પોતાનું આખું જીવન ગાળે છે. પુરુષ જે શારીરિક યાતનાથી પીડાય છે, તે ગાંધારીએ સ્વેચ્છાએ સ્વીકારી હોવાથી તેના દ્રષ્ટિત્યાગને મહાનતા ગણવામાં આવે છે.

આમ, 'મહાભારત' અધર્મ સામેની લડાઈ તો છે જ સાથોસાથ **દમન** **(oppression)** અને **શોષણ** સામેનો વિરોધ છે. માનવીય વૃત્તિના પાસાઓ તેમજ આંતરિક મથામણોને રજૂ કરતાં પ્રશ્નો પણ 'મહાભારત'માં છે. ભારતીય સમાજમાં 'મહાભારત'ના સ્ત્રી પાત્રોની વ્યાપક અસર હોવા છતાં 'રામાયણ'નો જે આદર્શ સ્થાપિત થયો છે તેને કારણે સ્ત્રીઓનો આદર્શ પણ 'સીતા' છે 'દ્રૌપદી' નહીં.

## ૧.૩.૨ મધ્યકાળમાં નારી છબીઃ

મધ્યકાળ શરૂ થતાં પહેલાં જ જૈન અને બૌદ્ધ ધર્મનો પ્રસાર થઈ ચૂક્યો હતો. તેથી હિન્દુ ધર્મના ઘણા ખરા બિનજરૂરી વિધિ-વિધાનોની બાદબાકી થઈ ચૂકી હતી. પુત્રી જન્મ વિષે હજુ પણ નિરાશા વ્યાપ્ત હતી. વિધવા સ્ત્રીઓ ભિક્ષુણી થઈ શકવાનો વિકલ્પ ધરાવતા પોતાનું શેષ જીવન ધર્મને આશરે ગુજારી શકતી હતી. પરધર્મી આક્રમણોને કારણે હિન્દુ ધર્મમાં વધુ સંકુચિતતા

આવતી ગઈ. શંકરાચાર્ય દ્વારા પણ વર્ણાશ્રમની પુનઃસ્થાપના કરવામાં આવી. વર્ણાન્તર અને ધર્માન્તરના ડરને કારણે સમાજ વધુને વધુ કુંઠિત થતો ગયો. સ્ત્રીઓ પર વધુ બંધન લાદવામાં આવ્યા. અગિયારમી સદીમાં **મહમ્મદ ગઝની**ના આક્રમણથી મુસ્લિમ સત્તાની શરૂઆત થઈ.

આ સમયે **'ભક્તિ સંપ્રદાય'**ના સ્થાપક **રામાનુજાચાર્ય**એ સમાજમાં નવો દષ્ટિકોણ લાવવાનો પ્રયાસ કર્યો. અગિયારમીથી સોળમી સદી દરમિયાન સમગ્ર ભારતમાં ભક્તિ સંપ્રદાય, રામાનંદ સંપ્રદાય અને વૈષ્ણવ સંપ્રદાય વધુ પ્રચલિત હતાં. તેથી રામ અને કૃષ્ણની સગુણ ભક્તિ થતી. પેટા સંપ્રદાયો પણ વિકસતા ગયા. નિમ્બાર્કે કૃષ્ણ સાથે રાધાની ભક્તિ કરવાનું શરૂ કર્યું. આમ, મધ્યકાળના ભક્તિયુગમાં **રામાનંદ, કબીર, ગુરુ નાનક, જ્ઞાનદેવ, તુલસીદાસ, નામદેવ અને મીરાંબાઈ** જેવા નામો ભક્તિસંપ્રદાયમાં સંત અને કવિઓ તરીકે જોડાયાં. આ સંપ્રદાયમાં નિમ્ન ગણાતાં વર્ગમાંથી અને સ્ત્રી કવિઓ પણ જોડાઈ શક્યા. જે આ સંપ્રદાયની વિશેષતા છે. **રઈદાસ, નામદેવ, કબીર, મીરાંબાઈ, મુક્તાબાઈ, જનાબાઈ, કાન્હોપાત્રા** જેવા કવિઓ અને કવયિત્રીઓ ઉદાહરણરૂપ છે. નીરા દેસાઈ નોંધે છેઃ 'એકનાથ વેશ્યાને પણ ઈશ્વર પ્રાપ્તિ માટે અધિકારિણી ગણે છે. માલોપન્તે લગ્ન પછી જાણ્યું કે પોતાની પત્ની મહાર છે છતાં પણ એને ત્યજી દીધી ન હતી!'૧૪ સ્ત્રી કવિઓ જાહેર સમાજમાં ભજન-કીર્તનમાં જોડાતા થયા.

સમાજમાં દૂધપીતી કરવાનો રિવાજ, સતી પ્રથા, પડદા પ્રથા, બાળલગ્ન, કજોડા લગ્ન, વિધવાવિવાહ પર પ્રતિબંધ જેવી વિવિધ સમસ્યાઓ તો ચાલુ જ હતી. નાનકના શિષ્ય અમરદાસે સ્ત્રી-શિષ્યોમાં પડદા પ્રથા હટાવી. ચૈતન્ય પોતાના કીર્તન મંડળમાં સ્ત્રીઓને પણ શેરીએ શેરીએ ફેરવતા- જેવા દાખલાઓ તે સમયે મળે છે. જેથી ધર્મને આશરે સ્ત્રીઓ જાહેર જીવનમાં નીકળતી થઈ તેવું કહી શકાય. અલબત્ત, આવી સ્ત્રીઓની સંખ્યા બહોળી ન હતી. છતાં પ્રભાતિયા અને કીર્તનની પરંપરાથી સ્ત્રીઓને ધર્મનો એક આધાર પ્રાપ્ત થયો. તેમ છતાં સ્ત્રી પ્રત્યેનો દષ્ટિકોણ બદલાયો ન હતો. સંતો દ્વારા પણ **'મોક્ષપ્રાપ્તિમાં બાધા', 'નર્કનો કૂપ', 'સંસારની જંજાળ'** જેવા સંબોધનો સ્ત્રી માટે થતાં. મોક્ષ પરમધ્યેય હોવાથી સ્ત્રીને અંતરાયરૂપ ગણતાં સ્ત્રીઓ સાથે કામ પૂરતું જ બોલવામાં આવતું. તેથી સ્ત્રીઓના પોતાના વિચારો પરત્વે વિચારણાને ધર્મમાં પણ સ્થાન ન હતું.

૧૬મી સદીમાં થયેલી મીરાંબાઈ 'મેરે તો ગિરધર ગોપાલ દૂસરો ન કોઈ' જેવો પ્રખર સૂર વ્યક્ત કરતાં ડરી ન હતી.

ગુજરાતી સાહિત્યક્ષેત્રે નજર કરીએ તો ૧૭મી સદીમાં અખો અને પ્રેમાનંદ જેવા કવિઓ આવે છે. **પ્રેમાનંદ** 'મહાભારત' અને 'રામાયણ'ને આધારે આખ્યાનો રચે છે. તેમાં સામાજિક અને સાંસ્કૃતિક સંદર્ભો જોડી મધ્યકાલીન સમાજમાં ચાલતી પ્રણાલીઓ વિષે ચિતાર આપે છે. "પુત્ર પુત્રીને મોસાળ વળાવતા 'સહેજો મામીની ગાળ' કહેતી દમયંતીના ઉદગારમાં સમકાલીન મધ્યમવર્ગીય મામીની મનોદશાનો ઈશારો છે."૧૫ **વલ્લભ** માતાજીના ગરબા રચે છે. આ સમયમાં પારસીઓનું આગમન પણ થાય છે. **શામળ**ની પદ્યવાર્તાઓમાં સ્ત્રીઓની છબી કઈક જુદી જ જોવા મળે છે. 'મદનમોહના' જેવી કૃતિમાં માનુષી પાત્રોનું ચિત્રણ આવે છે. શામળ અહીં પૌરાણિક અને પ્રાચીન પાત્રોની પરંપરાને તોડે છે. "શામળની વાર્તાઓનાં સ્ત્રીપાત્રો એમાંના પુરુષપાત્રો કરતાં વિશેષ તેજસ્વી, હિંમતબાજ, કાર્યદક્ષ અને ચતુર હોય છે, જે એ વાર્તાઓની આકર્ષકતા વધારે છે. પુરુષને કદી ન વરવાનો નિશ્ચય કરી બેઠેલી પુરુષદ્વેષિણી સ્ત્રીઓ, પોતાની સમસ્યાનો સાચો ઉત્તર આપનારને જ પરણનારી યુવતીઓ, પ્રથમ નજરે જ કોઈ પુરુષને પોતાનો ભરથાર થાપી દેનારી અને મનથી વરેલા પતિના મોતના ખોટા સમાચાર પણ સાંભળતાં જીવ કાઢી આપવા તત્પર થતી સ્ત્રીઓ, ચતુર, ધીર અને પતિપરાયણી સતિઓ, પુરુષવેશ ધારણ કરી સાહસ અને ચતુરાઈથી અનેક સ્ત્રીઓને પોતાના પતિ માટે પરણી લાવનારી મોહના જેવી બુદ્ધિમતી સાહસિક સ્ત્રીઓ, ઉમાદે જેવી ઊડણદંડની માલિક અને જોગણીઓને અઘોર ઉપાસનથી સાધનારી સ્ત્રીઓ, રાજાની સવારી વેળા પોતાની દાસીઓ પાસે છાર વળાવી રાજાનાં દેહને રજથી ભરી દેનાર દેવદમની ઘાંચણ જેવી ગુમાની શક્તિશાળી નારીઓ અને કોઈ વાર નાયક-નાયિકાને મુસીબતોમાં મદદ કરનાર ચંદ્રાવળી ('પદમાવતી') તથા કામકળા ('ઉદ્યમકર્મ સંવાદ') જેવી તેજસ્વી ગણિકાઓ શામળની વૈવિધ્યવંતી નારીસૃષ્ટિને શોભાવે છે. સમસ્યાદક્ષ, કલાનિપુણ, સાહસિક, પુરુષસમોવડાં, સ્ત્રીચરિત્રમાં પાવરધા અને સતીત્વશોભન આવાં સ્ત્રીપાત્રો શામળની વાર્તાઓનાં શ્રોતાંઓના (હવે વાચકોનાં) ચિત્ત ઉપર અવિલોપ્ય છાપ પાડી જાય છે." ૧૬ વિવિધરંગી સ્ત્રી છબીઓને મધ્યકાળમાં ઉજાગર કરવામાં

શામળનો ઘણો ફાળો છે. **સ્વામિનારાયણ સંપ્રદાય**ના સાધુકવિઓ દ્વારા પણ દારૂબંધી, રાજપૂત કાઠીની દીકરીઓને દૂધપીતી કરવા પર પ્રતિબંધ, સતી થવા સામે અસંમતિ જેવા રિવાજો સામે પ્રતિકાર કરવામાં આવે છે.

ગુજરાતમાં ૧૮મી સદીમાં **ડુંગરપુરના ગૌરીબાઈ ,ડભોઈના દિવાળીબાઈ, વડનગરના કૃષ્ણાબાઈ, ઉમરેઠના પુરીબાઈ, વડોદરાના દક્ષિણ બ્રાહ્મણ રાધાબાઈ, જનીબાઈ, નાનીબાઈ, રતનબાઈ, તોરલ, લોયણ અને ગંગાસતી** જેવા સ્ત્રી કવિઓ થઈ ગયા. જેમણે રામના ધોળ અને સ્ત્રી ભાવનું નિરૂપણ કરતાં ભજનો રચ્યા. **કંઠસ્થ લોકસાહિત્ય** તરફ નજર કરીએ તો સ્ત્રીઓ દ્વારા **ક્રીડાગીતો, વ્રતગીતો, લગ્નગીતો, સીમંતનાં ગીતો, જનોઈનાં ગીતો ,રાંદલનાં ગીતો, ગોત્રીજનાં ગીતો, પ્રણયનાં ગીતો, રિસામણા-મનામણાંનાં ગીતો, કજોડાનાં ગીતો, દાંપત્ય જીવનના ગીતો, હાલરડાં, રાસડા, નવરાત્રીનાં ગરબા, ઋતુગીતો, રાજિયા, મરસિયા** જેવા સ્વરૂપોની રચના કરવામાં આવી. પ્રકૃતિ, પશુસૃષ્ટિ જેવા તત્ત્વોને પણ ગીતોમાં આવરી લેવામાં આવતા. પતિ તરફથી પડતાં માર, દીકરીને સાસરીયે પડતું દુખ, અબોલા, વિરહ, શોક્યાનું સાલ વગેરે જેવા ગૃહસ્થ જીવનનાં ગીતો રચાતા. આ ગીતો પરથી સમાજમાં તે સમયની સ્ત્રીઓની સ્થિતિ અને સમસ્યાઓનો તાગ મેળવી શકાય છે. 'વાંઝયા મેણાં તે માતા દોહ્યલાં', 'દાદા તે દીકરી વઢિયારે નો દેજો જો', 'વહુએ વગોવ્યા મોટાં ખોરડા રે લોલ', 'વીરને વખડાં દીધા રે' જેવા ગીતો તે સમયની સામાજિક પરિસ્થિતીનો નિકટતાથી પરિચય આપે છે કારણકે તેમાં સામાજિક કિસ્સાઓને પણ આવરી લેવામાં આવ્યા છે. જસમા, રાણકદેવડી, તેજમલ, સોનલ, ગરાસણી જેવી સ્ત્રીઓને લઈને બનેલ ઐતિહાસિક ગીતો પણ આપણને મળી રહે છે. કંઠસ્થ લોકસાહિત્ય જેટલું સમૃદ્ધ છે તેટલું જ વાસ્તવિકતા ધરાવતું પણ છે.

### ૧.૩.૩ અર્વાચીનકાળમાં નારી છબીઃ

મધ્યકાળ પછી ૧૮મી-૧૯મી સદી અને ત્યારબાદનો કાળ 'અર્વાચીનકાળ' તરીકે ઓળખાય છે. ઇ.સ. ૧૪૯૮માં બ્રિટિશરોએ ભારતમાં આવવાની શરૂઆત કરી. ધીમે ધીમે તેમનો પગપેસારો સંપૂર્ણ ભારતમાં થયો. ૧૯મી સદીમાં આવતા સુધી અંગ્રેજોની સત્તા વધુ સખત બની.

નીરા દેસાઇના મત પ્રમાણે "જ્યાં સુધી બ્રિટિશ પ્રતિનિધિઓ વેપારમાં રચ્યા પચ્યા હતા, માલની લેવડદેવડમાં જ સંડોવાયેલા હતા ત્યાં સુધી, ભારતના સામાજિક કે સંસ્કારજીવનમાં તેમનો ફાળો બહુ ન મોટો હતો. પરંતુ અઢારમી સદીના અંતભાગમાં, પ્લાસીના યુદ્ધને અંતે, જ્યારે બંગાળ, બિહાર અને ઓરિસ્સાના દિવાની હક્કો લઈ તેઓને રાજ્યકર્તા રૂપે ભારતની પ્રજાનાં સંસર્ગમાં આવવાની શરૂઆત થાય છે, ત્યારે ભારતના આર્થિક, સામાજિક તથા સાંસ્કારિક જીવનમાં ક્રાંતિકારક પરિવર્તનોનાં મંડાણ મંડાય છે એમ કહીએ તો ખોટું ન કહેવાય."૧૭ ભારતીય પ્રજાનાં એકધારા જીવનમાં ૧૮મી સદીના અંતભાગમાં પરિવર્તનોનો ધસારો થાય છે, જેમાં અંગ્રેજોનો ઘણો મોટો ફાળો છે.

મુદ્રણયંત્રનું આગમન, કેળવણીની સંસ્થાઓની સ્થાપના, પુસ્તકાલયોની સ્થાપના, અંગ્રેજી ભાષા સાથેનો સંપર્ક જેવા પરિબળોને કારણે સામાજિક અને સાંસ્કૃતિક ક્ષેત્રે પરિવર્તનનો ધસારો આવ્યો. જેને ૧૯મી સદી સુધી પ્રજાજીવનમાં ચાલતાં એકધારા પ્રવાહને તોડ્યો. આ સમયમાં જે સમાજ સુધારણાની વિચારધારા આવી એમાં જે વ્યક્તિઓનો ફાળો છે તે વ્યક્તિઓને નીરા દેસાઇ બે ભાગમાં વહેંચે છે: **૧. સમાજ સુધારકો (Social Reformers) ૨. પુનરુત્થાનવાદીઓ (Revivalists).** જેની સમજ આ પ્રમાણે આપે છે:

**૧. સમાજ સુધારકો (Social Reformers):** "જેને આપણે સમાજ સુધારકો (Social Reformers) કહીશું, તેમણે તદ્દકાલીન સામાજિક વ્યવસ્થાનાં દૂષણોનો સામનો કરવાનું સૂચવ્યું. કારણકે તેઓ એમ માનતા હતા કે, ઉદારમતવાદી સિદ્ધાંતની વિરુદ્ધ આ બધી ઘટનાઓ છે."૧૮

**૨. પુનરુત્થાનવાદીઓ (Revivalists):** "જેમનો મત એ હતો કે સામાજિક દૂષણોનું કારણ સાંપ્રત સમાજવ્યવસ્થા વેદકાલીન વ્યવસ્થા તથા આદર્શોથી અલગ પડી ગઈ છે તે છે. આ દૂષણ દૂર કરવું હોય તો ભારતનો જૂનો સુવર્ણકાળ સ્થાપિત કરવો, વેદકાલીન સમાજની પુનર્રચના કરવી. સ્ત્રીઓના સ્થાનમાં પણ સમાનતા તો જ લાવી શકાશે, એમ તેમનું માનવું હતું."૧૯

**ન્યાયમૂર્તિ રાનડે**ને પુનરુત્થાનવાદીઓના વિચાર સામે પ્રશ્નો હતા. પ્રાચીન કઈ રૂઢીઓ અને વ્યવસ્થાની પુનર્રચના કરવા માંગે છે-તેની સામે તેમણે પ્રશ્નો હતા. સાથોસાથ પૌર્વાત્ય અને પાશ્ચત્ય

સુધારણાની વિચારસરણીમાં પણ કેટલાંક મુદ્દે તફાવત હતો. તેથી મોટા ભાગના વિચારકોએ સમન્વયવાદી વિચારસરણી અપનાવી ભારતીય સમાજમાં સુધારણાના પ્રયત્નો આદર્યા. સમાજ સુધારકોમાં **રાજા રામમોહન રાય, ઈશ્વરચંદ્ર વિદ્યાસાગર, બહેરામજી મલબારી, મહાદેવ ગોવિંદ રાનડે, દુર્ગારામ મહેતાજી, જ્યોતિબા ફૂલે, સાવિત્રીબાઈ ફૂલે** જેવા નામ મોખરે હતા. તેમાં નર્મદ, દલપતરામ, કરસનદાસ મૂળજી, મહિપતરામ નીલકંઠ જેવા સાહિત્યકારોએ પણ પ્રયાસો આદર્યા. પુનરુત્થાનવાદીઓમાં સ્વામી **વિવેકાનંદ, સ્વામિ દયાનંદ સરસ્વતી, એની બેસન્ટ** જેવા નામો મોખરે હતા.

**રાજા રામમોહન રાયે** જાગૃતિ માટે 'વિધવા વિવાહ' પર નિબંધ લખ્યો. વિધવા વિવાહ માટે 'પરાશરસ્મૃતિ' જેવા શાસ્ત્રમાંથી પુરાવો લઈ વિધવા પુનર્લગ્ન કરાવવાના કારણો સાથે સામાજિક પ્રયત્નો હાથ ધર્યા. **ઈશ્વરચંદ્ર વિદ્યાસાગરે** તેમની આ પ્રવૃત્તિને આગળ વધારી સાથેસાથે કન્યા કેળવણી માટેના પ્રયત્નો કર્યા. સામાજિક પ્રયાસો સાથે વ્યક્તિગત રીતે પણ કન્યાના લગ્નની ઉંમર, વિધવા વિવાહ જેવા વિચારોને પોતાના જીવનમાં ઉતારી પોતાની પુત્રીઓ માટે સાત નિશ્ચયો કર્યા. બહેરામજી મલબારીનું નામ બાળ વિવાહ સાથે સંકળાયેલું હતું. વિધવા દ્વારા બાળ હત્યાનો પ્રસંગ બનતા, ઇ.સ. ૧૮૮૪માં 'બાળલગ્ન અને ફરજિયાત વૈધવ્ય' પર નોંધ લખી તેનો પ્રચાર કર્યો. વિધવા વિવાહ અંગે કાયદો તો બની ગયો પરંતુ જ્ઞાતિઓ દ્વારા તેનો સ્વીકાર ન થતાં વિધવા સ્ત્રી લગ્ન કરતાં ડરતી હતી તે વાતને પણ વખોડીને રાજ્ય અને જ્ઞાતિમાં કોણ વધુ સત્તા ધરાવે છે? તે પ્રશ્નને ઊભો કર્યો. સરકારે આ વિષે તપાસ કરી કાયદાને વધુ અસરકારક રીતે અમલમાં મૂકવા માટે પણ સૂચન કર્યું. **મહાદેવ ગોવિંદ રાનડે**નું જાગૃતિ અને સમાજ સુધારણાનું કાર્ય ભારતભરમાં ચાલુ હતું. 'ડેક્કન એજયુકેશન સોસાયટી' સાથે જોડાયેલ સમાજ સુધારકો આજીવન પોતાની પ્રવૃત્તિ દ્વારા પરીવર્તન લાવવાની ભેખ ધરાવતા. તેમાં મહાદેવ ગોવિંદ રાનડેનું નામ મુખ્ય હતું. પ્રથમ પત્નીના મૃત્યુ બાદ તેમનું **રમાબાઈ** સાથેનું બીજું લગ્ન ફળદાયી નિવડ્યું. રમાબાઈ રાનડેએ પણ પતિની સાથોસાથ સમાજ સુધારણાને પોતાનો જીવનમંત્ર માન્યો. મહાદેવ ગોવિંદ રાનડેના મત પ્રમાણે "આપણે જે પરીવર્તન આણવાનું છે તે આવું હોવું જોઈએઃ 'બંધનમાંથી મુક્તિ,

અંધશ્રદ્ધામાંથી શ્રદ્ધા, અવ્યવસ્થિત જીવનમાંથી વ્યવસ્થિત જીવન, અસહિષ્ણુતામાંથી સહિષ્ણુતા, અંધ નસીબવાદમાંથી માનવ ભવિષ્યમાં શ્રદ્ધા. આ દેશમાં સમાજોને માટે તેમ જ વ્યક્તિને માટે આવું થાય તો તેને સામાજિક ક્રાંતિ તરીકે ઓળખવું."૨૦ તેમણે બાળલગ્ન, વિધવાવિવાહ અને સ્ત્રી-શિક્ષણ વિષયક પરિવર્તનના પ્રયાસો કર્યા. આ ઉપરાંત, 'ઇંડિયન નેશનલ સોશિયલ કોન્ફરન્સ'ની સ્થાપના કરી. જેમાં સતી, વૈધવ્ય, બાળ લગ્ન, કજોડા, પરદેશગમન બંધ જેવા અનેક વિષયો પર ચર્ચાઓ થતી. આ ઉપરાંત, ધોંડો કેશવ કર્વે દ્વારા મહિલા વિદ્યાપીઠની સ્થાપના, વિધવા વિવાહ પ્રત્યે જાગૃતિ અને નિષ્કામ કર્મ મઠ જેવા પ્રયત્નો હાથ ધરી સ્ત્રીની ઉન્નતિ માટે ઘણો ફાળો આપ્યો. જ્યોતિબા ફૂલે અને પત્ની સાવિત્રીબાઇ ફૂલેએ સ્ત્રી-કેળવણીનો પાયો મજબૂત કર્યો.

પુનરુત્થાનવાદીઓમાં **સ્વામી વિવેકાનંદે** બનારસમાં 'રામકૃષ્ણ હોમ'ની સ્થાપના કરી. સ્ત્રી શિક્ષણની હિમાયત કરી અને બાળલગ્ન પર પ્રતિબંધ તરફી વિચારણાનો પ્રચાર કર્યો. માંદલા અને રોગીષ્ઠ બાળકો બાળ લગ્નનું જ  પરિણામ છે એમ તેમનું માનવું હતું. **સ્વામી દયાનંદ સરસ્વતી** ઇ.સ. ૧૮૭૫માં મુંબઈમાં 'આર્યસમાજ'ની સ્થાપના કરી. તેઓએ સ્ત્રી શિક્ષણ અને વિધવા સ્ત્રીઓ માટે સામાજિક ઉન્નતિનાં પ્રયાસો કર્યા. **એની બેસન્ટ** 'થિયોસોફી'નાં આદ્ય સ્થાપક હતાં. તેઓએ સૌપ્રથમ સંતતિ નિયમનનો પ્રચાર કર્યો. બનારસમાં ઇ.સ. ૧૮૯૮માં 'સેંટ્રલ હિન્દુ સ્કૂલ'ની સ્થાપના કરી. સ્ત્રી કેળવણી માટે આ સ્કૂલનો મહત્વનો ફાળો છે. બાળલગ્ન માટે તેમનો મત આ પ્રમાણે હતોઃ "મારું એટલું તો જરૂર માનવું છે, કે રાષ્ટ્ર તરીકે ભારતનાં ભવિષ્યનો આધાર બાળલગ્નની પૂર્ણાહૂતિમાં રહ્યો છે. જ્યાં સુધી બાળલગ્ન રહેશે ત્યાં સુધી કેટલાંક અનિવાર્ય પરિણામો ઉત્પન્ન થવાનાં જ. જેવા કે, શક્તિમાં ઘટાડો, જ્ઞાનતંતુનાં રોગોનો ફેલાવો, અકાળે વૃદ્ધત્વ. ભારતમાં હાલ આ પરિણામો સ્વાસ્થ્ય તથા શારીરિક તંદુરસ્તીમાં તમે જોઈ શકો છો. જે ઘટના ભારતને અન્ય દેશોની હરોળમાં ઊભા રહેવામાં અંતરાયરૂપ બને છે." ૨૧ તેમનો આ મત સ્વામી વિવેકાનંદનાં મતને મળતો આવે છે. તેમની આ વિચારણાનાં મૂળમાં ભારતની ભવિષ્યની પેઢી માટેની ચિંતા છે. એની બેસન્ટએ વિધવા પુનર્લગ્નની હિમાયત પણ કરી.

૧૯ મી સદીમાં મુસ્લિમ સમાજની સ્ત્રીઓનાં શોષણ વિષે પણ કંઈક અંશે વિચારાયું હતું. જેમાં **સૈયદ અહમદ, બદરૂદ્દીન તૈયબજી અને શ્રી હૈદરીનું** નામ મોખરે છે. સૈયદ અહમદે તેમની એક બૂકલેટ 'ધ કોઝીઝ ઓફ ઇન્ડિયન મ્યુટીની' માં મુસ્લિમ સમાજની રૂઢિચુસ્તતા પર કટાક્ષ કર્યો હતો. તેમણે એમ. એ. ઓ. કોલેજની સ્થાપના કરી હતી જે પાછળથી 'અલીગઢ મુસ્લિમ યુનિવર્સિટી' તરીકે ઓળખાય છે. ભારતીય મુસ્લિમ સમાજમાં પ્રવર્તતી અંધશ્રદ્ધા અને વહેમોને શિક્ષણ દ્વારા દૂર કરવાના પ્રયાસો કર્યા. તેઓએ મુસ્લિમ સમાજની સ્ત્રીઓની પડદા પ્રથા અને મુસ્લિમ સમાજના પુરુષોની અનેક પત્નીત્વ પ્રથા સામે વિરોધ રજૂ કર્યો. નીરા દેસાઇ સૈયદ અહમદની સુધારણા વિષે વાત કરતાં નોંધે છે કે "મુસલમાન સમાજના નેતા સૈયદ અહમદને મુસલમાન કોમને અંગ્રેજી ભાષાની મહત્તા અને ઉપયોગિતા સમજાવતાં ખૂબ જ સમય લાગ્યો હતો. આ કારણથી સ્ત્રીઓની ઉન્નતિનો પ્રશ્ન મોડો આવે એ સહજ છે."૨૨ બદરૂદ્દીન તૈયબજીએ પડદા પ્રથા દૂર કરવાના અને 'ઝનાના' વ્યવસ્થાને નબળી કરવાના પ્રયાસો કર્યા. તેમણે પોતાની દીકરીઓને મુંબઈ અને પછી ઈંગ્લેન્ડમાં કેળવણી માટે મોકલી હતી. શ્રીહૈદરીએ સ્ત્રીશિક્ષણ ક્ષેત્રે જાગૃતિ લાવી અને લગ્ન-વિચ્છેદ અને વારસાના હક્કો વિષે વિચારણા કરી. તેમ છતાં મુસ્લિમ સમાજની સ્ત્રીઓનાં બંધનો પરિવાર ક્ષેત્રે પણ સંપૂર્ણપણે દૂર નથી થઈ શક્યા.

ભારતીય સમાજમાં અને રાજકીય ક્ષેત્રે ઘણું મોટું પરીવર્તન લાવી ભારતની સ્વંત્રતા માટે અવિરત પ્રયત્નો કરનાર **ગાંધીજી**એ પણ સ્ત્રીઓમાં સામાજિક અને રાજકીય ક્ષેત્રે પરીવર્તન લાવવામાં મહત્વનો ફાળો આપ્યો છે. બાળલગ્ન, પડદાપ્રથા અને ધાર્મિક ક્ષેત્રે સ્ત્રીઓનું શોષણ કરતી દેવદાસી પ્રથાનો વિરોધ કર્યો. તેમણે વિધવા પુનર્લગ્નનું સમર્થન અને સ્ત્રી શિક્ષણની હિમાયત કરી. તેઓએ રાજકારણ ક્ષેત્રે સ્ત્રીઓને સ્થાન આપી તેમની સુષુપ્ત શક્તિઓને ખિલવવાનો માર્ગ કરી આપ્યો. આર્થિક સમસ્યાઓનો પણ વિચાર કર્યો જેથી સ્ત્રી પ્રત્યેની જાગૃતિ તળની સ્ત્રી સુધી પહોંચી. દાંડીકૂચમાં પણ સ્ત્રીઓને સાથે લઈ ઘરમાં જ રહેતી સ્ત્રીઓને બહાર પગ મૂકવાની મોકળાશ ઊભી કરી. સ્ત્રીઓને સ્વંત્રતાની લડતમાં ધરપકડ પણ થઈ હતી. આમ માત્ર સ્ત્રી તરીકે નહીં સ્ત્રીની ફરજો એક મનુષ્ય તરીકેની પણ છે તેનો ચિતાર ગાંધીજીની વિચારણામાં મળે છે.

તેમણે આપેલ બ્રહ્મચર્યનો વિચાર એ સ્ત્રી-પુરુષ બંને માટે હતો. જેથી સ્ત્રીને માત્ર શરીર તરીકે જોઈ ભોગવવાના દષ્ટિકોણમાં પણ પરિવર્તન આવ્યું. તેમ છતાં કંઈક અંશે તેમનો વિચાર સર્વત્ર લાગુ પડી શકે તેમ ન હતો. આ વિષે નીરા દેસાઇ નોંધે છે કે "એક હકીકત જરૂર સાચી છે કે ગાંધીજીની લગ્નને આજીવન બંધન રાખવાની દષ્ટિ, વખતે કજોડા લગ્નનો સામાજિક પ્રશ્ન ન ઉકેલી શકે. જાતીય વૃત્તિ સંતોષવી એ પાપ છે એ માન્યતા પણ વખતે બધાં ન સ્વીકારે. બ્રહ્મચર્ય અને મનોનિગ્રહનો આદેશ સમગ્ર ભારતીય જનતાને માટે અવ્યવહારુ નીવડે. વૃત્તિનું ઊર્ધ્વકરણ ન કરવામાં આવે તો વખતે તેમના અનુયાયીઓમાં જે નીરસતા જોવામાં આવે છે તે પણ બધાંને પસંદ ન પડે. આ બધું છતાં પણ સ્ત્રીઓનું માનસ માત્ર ઘરનાં ચાર ખૂણામાં જે સંડોવાઈ ગયું હતું, તેમાંથી બહાર લઈ જવામાં અને તેની વ્યક્તિગત ઉન્નતિ કરવામાં ગાંધીજીનો ફાળો અનન્ય છે."૨૩

સ્વતંત્રતા મળતાં સુધીમાં દેશની સ્ત્રીઓની સ્થિતિમાં ઘણાં મોટા પાયે પરિવર્તન આવ્યું હતું. એકધારા પ્રવાહમાંથી સમાજ બહાર નીકળ્યો હતો. સ્ત્રીઓને 'દેશ સેવિકા'ની ઓળખાણ પ્રાપ્ત થતાં સ્ત્રીની નાગરિક તરીકેને ફરજોને પણ લક્ષમાં લેવામાં આવી. તેમ છતાં સ્વંત્રતા બાદ 'ભારત-પાકિસ્તાન વિભાજન'ની ઘટનાને કારણે સ્ત્રી વર્ગને ઘણું ભોગવવાનો ફરીથી વારો આવ્યો. અપહરણ, લૂંટફાટ, જબરજસ્તી, બળાત્કાર, સ્ત્રીને જીવતી સળગાવી દેવી, નગ્ન હાલતમાં ફેરવવી જેવી માણસાઈની વિકૃતિની પરાકાષ્ઠા લાવી દેતી સ્થિતિનો સામનો કરવો પડ્યો. જેમાં હિન્દુ અને મુસ્લિમ બંને ધર્મની સ્ત્રીઓને સમાન શોષણ ભોગવવું પડ્યું. દેશની અસ્મિતાનું વિગલન કરવા માટે પણ પુરુષસત્તાક સમાજે સ્ત્રીનો જ ઉપયોગ કર્યો. જેનું ઠોસ ઉદાહરણ વિભાજન સમયે પૂરું પડે છે. ભારતીય સાહિત્ય ક્ષેત્રે પણ વિભાજન સમયની સ્ત્રીની સ્થિતિને વાચા આપતી કૃતિઓ જોવા મળે છે. શરીફા વીજળીવાળા વિભાજન સમયની સ્થિતિને લઈને નોંધે છે કે "આપણે જાણીએ છીએ કે યુદ્ધ હોય કે કોમી તોફાનો, વિયેતનામ હોય કે અફઘાનિસ્તાન, ભારત હોય કે પાકિસ્તાન.. સૌથી વધુ વેઠવાનું-શારીરિક અને માનસિક બેઉ સ્તરે- સ્ત્રીઓનાં ભાગે જ આવે છે. વિભાજન વેળાએ સ્ત્રીઓ પર જે અમાનુષી અત્યાચાર થયા હતાં એમાં ધર્મ, કોમ, ઉંમર બધું જ ગૌણ થઈ ગયેલું.

માત્ર સ્ત્રીદેહ જ અત્યાચાર માટેનું કારણ બની રહેલો. આ અત્યાચારમાં કોઈ કોમ ઓછી નો'તી ઊતરી."૨૪ આ સ્થિતિમાં ફરી એકવાર સ્ત્રીનું અવમૂલ્યન થાય છે.

સમય જતાં તેમાં ઘણે સ્તરે પરિવર્તન આવ્યું. કાયદાકીય ક્ષેત્રે મતદાનનો હક, લગ્નનાં હકો, વારસાનાં હકો, લગ્નવિચ્છેદનાં હકો, મિલકતનાં હકો, વ્યવસાયિક/કારકિર્દીનાં હકો જેવા સામાજિક અને રાજકીય ક્ષેત્રે ઓળખ અને અસ્તિત્વ માટેનાં હકોને લાગુ પાડવામાં આવ્યા. જેને કારણે બાળ લગ્ન, દૂધપીતી કરવાનો રીવાજ, સતી પ્રથા, કજોડા લગ્ન જેવા કુરિવાજો મોટા ભાગે બંધ થયા. વિધવા પુનર્લગ્નનો સ્વીકાર થયો. હિન્દુ સમાજમાં એક પત્નીની હયાતીમાં બીજી પત્ની કરવી ગેરકાયદેસર થયું. સ્ત્રી નોકરી-વ્યવસાય કરતી થઈ અને મિલકતનાં હકો પણ પ્રાપ્ત થયા. વિવિધ સ્ત્રી વિષયક સંસ્થાઓ દ્વારા સ્ત્રીઓનાં મનોરંજન, રોજી અને તાલીમભર કરવાનાં પ્રયાસો થયા.

નારીવાદ આધુનિક અને અનુઆધુનિક યુગ સુધી આવતા વિવિધ પ્રવાહોમાં ફંટાય છે. જેવા કે, વુમનીઝમ, ગાયનોસેંટ્રીસિઝમ, ઇકો-ફેમિનીઝમ વગેરે. આધુનિક યુગ બાદ સ્ત્રીઓની શોષણ પ્રવૃત્તિ અટકતી નથી. તેનાં સ્વરૂપોમાં પરિવર્તન આવે છે. તેથી **ભ્રૂણ હત્યા, દહેજ પ્રથા, ઘરેલુ હિંસા, બળાત્કાર, ઇવ ટીઝિંગ, સ્ટેરિંગ, એસિડ અટેક** જેવા નવા દૂષણો સામાજિક ક્ષેત્રે પ્રવર્તે છે. ઇન્ટરનેટ અને સોશિયલ મીડિયા જેવા ક્ષેત્રોમાં પણ સ્ત્રીનું અવમૂલ્યન કરતાં દૂષણો વ્યાપ્ત છે. તેનાં પ્રશ્નો ઉકેલવા માટે પણ નારીવાદની જરૂર છે. સાહિત્ય ક્ષેત્રે આ નવા દૂષણોને વાચા આપવાની જરૂર છે. લોકપ્રિય સાહિત્યમાં આવી ઘટનાઓને સ્થાન પ્રાપ્ત થયું છે. પરંતુ શિષ્ટ ગણાતાં સાહિત્ય ક્ષેત્રે આ દૂષણોને વાચા આપવાનું કાર્ય ઘણું મર્યાદિત છે. આ કારણોસર સાહિત્ય અને સામાજિક ક્ષેત્રે નારીવાદ આજના સમયે પણ પ્રસ્તુત છે.

## ૧.૩.૩.૧ અર્વાચીન ભારતીય સાહિત્ય ક્ષેત્રે નારી સંવેદનઃ

ભારતમાં ૧૯મી સદીમાં **અંગ્રેજી શિક્ષણ** અને **સમાજ સુધારણા**ની પ્રવૃત્તિ સાથેસાથે ચાલતી હતી. તેવા સમયે વર્જિનિયા વૂલ્ફના 'અ રૂમ ઓફ વન્સ ઓન'(ઇ.સ.૧૯૨૯) અને સીમોં-દ-બુવાના 'ધ સેકન્ડ સેક્સ' (ઇ.સ. ૧૯૪૯) પુસ્તકમાંની નારીવાદી વિચારધારાની અસર ભારતના

કેળવણીકારો અને સાહિત્યકારો પર પડી. ભારતીય સમાજ સુધારકો તરીકે રાજા રામમોહન રાય, ઈશ્વરચંદ્ર વિદ્યાસાગર, સ્વામી દયાનંદ સરસ્વતી, સ્વામી વિવેકાનંદ, લોકમાન્ય ટિળક, જ્યોતિબા ફૂલે, સાવિત્રીબાઈ ફૂલે, મહાદેવગોવિંદ રાનડે, રમાબાઈ રાનડે વિવિધ રીતે પ્રવૃત્ત હતા. **'બ્રહ્મસમાજ', 'આર્યસમાજ', 'પ્રાર્થના સમાજ', 'થિયોસોફી સોસાયટી'** જેવી સંસ્થાઓમાં સ્ત્રી તથા પુરુષો જોડાતાં સમાજ જાગૃત બનતો ગયો. કુરિવાજો, રૂઢિઓ, પરંપરાઓ, વહેમો, અંધશ્રદ્ધાઓ પ્રત્યે વિરોધ વધતો જતો હતો. **'સ્ત્રીબોધ', 'સ્ત્રીદર્પણ', 'ચાંદ'** વગેરે જેવા સ્ત્રી-કેન્દ્રી સામયિકોનો પ્રભાવ પણ ભારતમાં થતો ગયો. નિવ્યા પટેલના મત પ્રમાણે "માત્ર બંગાળમાં જ ઇ.સ. ૧૮૫૬થી ઇ..સ ૧૯૧૦ વચ્ચે સ્ત્રીઓ દ્વારા, સ્ત્રીઓના પ્રશ્નો વિષે લગભગ ૪૦૦ પુસ્તકો લખાયાં છે."૨૫ જેના પરિણામે ૧૯મી સદીનું સાહિત્ય રચાયું તેમાં સ્ત્રીતરફી વલણો જોવા મળ્યા. તેમાં આત્મકથા, નવલકથા, વાર્તા જેવા કથાપ્રધાન સાહિત્ય સ્વરૂપો અગ્રેસર હતા. સાહિત્યિક વલણોને લક્ષમાં લેતાં સ્ત્રી-રચિત જે સાહિત્ય હાંસિયામાં ધકેલાઇ ગયું હતું તેનાં પર ધ્યાન દોરતાં તેઓ નોંધે છે કેઃ "સ્ત્રીની ભાષાને 'ચૂલાચોકાની ભાષા' કે 'રસોડાની ભાષા' કહીને વખોડી, પરંતુ વિવેચકો ક્યાંક ચૂકી ગયા કે કેટલાંક અનુભવો અને કેટલીક વેદના સ્ત્રીઓએ અનુભવી છે તે અનુભવવિશ્વ પુરુષ પાસે નથી અને તેથી તે ભાષા કે સંવેદના નિમ્ન કક્ષાની છે તે દાવો પોકળ છે."૨૬

ભારતીય સાહિત્ય ક્ષેત્રે સ્ત્રી સંવેદનને વાચા આપતાં સાહિત્યમાં બંગાળી **રસસુંદરીની આત્મકથા 'આમાર જીબોન', મહાદેવી વર્માની 'શૃંખલા કી કડિયા', તારાબાઈ શિંદે કૃત 'સ્ત્રી-પુરુષ તુલના', ધર્મવીર સંપાદિત 'સીમંતની ઉપદેશ', સરલા નામની વિધવા દ્વારા આત્મકથા પ્રયોગ 'દુખીનીબાલાની આત્મકથા', રણછોડભાઈ ઉદયરામ દવે કૃત 'લલિતાદુખ દર્શક' નાટક** જેવી હાંસિયામાં રહી ગયેલી તેમજ સામાજિક વ્યાપકતા ધરાવતી કૃતિઓનું ઘણું મહત્વ છે.

બંગાળી ભાષાની સૌપ્રથમ આત્મકથા **'આમાર જીબોન'** ઇ.સ. ૧૮૭૬માં પ્રકાશિત થઈ. ઇ.સ. ૧૮૦૯માં જન્મેલ રસસુંદરીદેવી શિક્ષણથી તે સમયની અન્ય સ્ત્રીઓની જેમ વંચિત હતાં. નાની ઉંમરે લગ્ન, પુત્ર જન્મથી સુખી સંસારની સાથોસાથ તેમના મનમાં પ્રશ્ન ગૂંચવાયા કરતોઃ

'ભણવું એ શું સ્ત્રીઓ માટે પાપ છે?', 'ભણવાથી પતિનું મૃત્યુ થાય?' ચોરીછૂપીથી દીકરાને ભણાવતાં શિક્ષક પાસેથી પડદા પાછળ શિક્ષણ મેળવ્યુ. પતિ જીવિત છે જાણતાં આશ્ચર્ય થયું. અન્ય સ્ત્રીઓને પણ અક્ષરજ્ઞાન આપવાનું શરૂ કર્યું. આવી પ્રગતિશીલ માનસ ધરાવતી સ્ત્રીની આત્મકથા દ્વારા બંગાળમાં સ્ત્રી-શિક્ષણને આવેગ મળ્યો.

મહારાષ્ટ્રના તારાબાઈ શિંદે કૃત **'સ્ત્રી-પુરુષ તુલના'** નિબંધ ઇ.સ. ૧૮૮૨માં સૌપ્રથમ વાર મરાઠી ભાષામાં પ્રકાશિત થયો. પરંતુ, તેની વૈચારિક તીવ્રતાને કારણે આ નિબંધ છેક ઇ.સ. ૧૯૭૫માં પ્રકાશમાં આવે છે. ઇ.સ. ૧૯૯૪માં રોઝેલીન ઓહેનલ (Rosalind O'henlon) દ્વારા અંગ્રેજીમાં તેનો અનુવાદ **'અ કંપેરીઝન બીટવિન વીમન એન્ડ મેન' ('A Comparison between Women and Men')** શીર્ષકથી થયો. આ નિબંધમાં વિધવા પુનર્વિવાહ પ્રતિબંધને લીધે થતી સ્ત્રીની દુર્દશા, સ્ત્રીનું માનસિક અને શારીરિક શોષણ અને પુરુષોના સ્વભાવગત દુર્ગુણોને રજૂ કરીને આકરો કટાક્ષ કરવામાં આવ્યો છે. નિવ્યા પટેલે 'સ્ત્રી-પુરુષ તુલના' ની સંપાદકીયમાં નોંધ્યું છેઃ "ઉમા ચક્રવર્તી જેવાં નવાં ઇતિહાસવાદી નારી દષ્ટિકોણથી ઈતિહાસને તપાસે છે ત્યારે આ નિબંધને મહત્વપૂર્ણ લેખે છે. તેવી જ રીતે દલિતવિમર્શ વિષે લખાયેલ ગેલ ઓમવેટનું પુસ્તક 'Dalit Vision'નું ચોથું પ્રકરણ તારાબાઈ અને રમાબાઈ પર આધારિત છે."૨૭ આ સંદર્ભે તારાબાઈ શિંદેનો આ નિબંધ ૧૯મી સદીની ભારતીય નારી સ્થિતિનો ચિતાર આપતો હોવાથી ઘણું મહત્ત્વ ધરાવે છે.

"સ્ત્રીધર્મ એટલે શું? તમે એમ વિચારો છો કે નિરંતર પતિની આજ્ઞા પાળવી, એની મરજી પ્રમાણે વર્તવું, એણે લાત મારી, ગાળો આપી, આડાસંબંધ રાખ્યા, રોજે દારૂ પીને, જુગાર રમીને, પૈસા હારીને, ચોરી કરીને કે કોઇની હત્યા કરીને, લૂંટ ચલાવીને, લાંચ લઈને જો એ ઘરે આવ્યો તો સ્ત્રીએ, જાણે કૃષ્ણ ગોપીઓનું દૂધ-દહીં ચોરીને ચંદ્રાવલીને કલંક લગાડીને આવ્યા હોય એમ પરમાત્માની જેમ હસતાં મોઢે એની પૂજા કરવી જોઈએ, કાયમ એની સેવામાં હાજર રહેવું એ જ એનો સ્ત્રીધર્મ, પણ જ્યાં ખરાં-ખોટાનો જ વિચાર કરવામાં આવે છે ત્યાં સ્ત્રીધર્મનું રક્ષણ કેવી રીતે થશે?"૨૮ સ્ત્રીધર્મને લઈને સમાજમાં પ્રવર્તમાન માન્યતા સામે સરળ, કટાક્ષભરી અને સીધી

ભાષામાં તારાબાઈ શિંદે પુરુષના સ્વભાવગત લક્ષણો અને આચારનો સામે સ્ત્રીધર્મની માન્યતાની પોકળતા રજૂ કરે છે. શાસ્ત્રો અને પુરાણો દ્વારા સ્ત્રી પર લાદવામાં આવેલ દબાણો વિષે પણ તેઓ મૂળગામી પ્રશ્નો કરે છેઃ "શાસ્ત્રજ્ઞોએ પૌરાણિક ગ્રંથમાં જે પતિવ્રતા સ્ત્રીઓને શોધી કાઢી એ પૈકી બે-ત્રણ તો દોષપાત્ર હોવા છતાં એમને ઉચ્ચ સ્થાન આપવામાં આવ્યું છે." ૨૯ તે માટે તેઓ કર્ણ પ્રત્યે અનુરાગ ધરાવતી દ્રૌપદી, પતિની ગેરહાજરીમાં ઇન્દ્ર સાથે સંબંધ બાંધનાર અહલ્યા, અપરિણીત અવસ્થામાં સંતાનને જન્મ આપનાર સત્યવતી અને કુંતી જેવાં ઉદાહરણો આપે છે. ઈશ્વરના નામે જે કર્યું એ યોગ્ય અને મનુષ્ય તેનું અનુકરણ ન કરી શકે તેવાં ધર્મના બેવડા વલણો સામે તેઓ કટાક્ષ કરે છે. ધન અને સ્ત્રીનું મૂલ્ય સમજાવતાં તેઓ પુરુષને જો સ્ત્રીવિહોણો રાખવામાં આવે તો કેવી પરિસ્થિતી નિર્માણ થાય તેની પણ ચર્ચા કરી છે. વિધવા સ્ત્રીની કફોડી હાલત વિષે તાગ આપતાં પહેલાં તે પુરુષવર્ગને સીધો મૂળભૂત સવાલ કરે છેઃ "તમારા બાપ-દાદા શું ભગવાન પાસેથી એવું કોઈ લખાણ લખાવીને લાવ્યા હતાં કે પત્નીએ પતિ પહેલાં મરવું, પતિએ નહીં?"૩૦ પુરુષસત્તાક તંત્ર અને શાસ્ત્રજ્ઞો સામે તારાબાઈ કટાક્ષ કરે છે. આ ઉપરાંત, કજોડા વિવાહમાં વૃદ્ધ પુરુષોના દેખાવના આડંબર અને તેની સામે વિધવા સ્ત્રી સામું કોઈ ન જુએ તેની માટે સ્ત્રીને અલંકાર, વસ્ત્ર અને કેશ છીનવી લઈ કેવી કદરૂપી બનાવવામાં આવે છે તે સામે પણ કરડી ભાષામાં ચર્ચા કરે છે. પૂનાના વૈભવરાવ અને વિજયાલક્ષ્મી કેસ જેવી સાંપ્રત સમયની ઘટનાની ચર્ચા દ્વારા તે સમયના સમાજમાં ચાલતી શોષણ પ્રવૃત્તિઓનો તાગ આપે છે અને તેની સામે વિદ્રોહનો સૂર રજૂ કરે છે. મરાઠી ભાષાની એક ઓવીના ઉદાહરણ દ્વારા સ્ત્રીનું નિમ્ન સ્થાન સૂચવાયું છે તેને વિષે પણ વિચાર કરે છેઃ

॥ઓવી॥

"સ્ત્રી કેવળ કુહાડી, સબળ વૃક્ષ તોડતી, લાખો કોટિને ત્રાસ આપતી, એને મૂર્તિમંત ભવ્યવ્યાધિ કામિની જાણો." ૩૧

નર્કનો દ્વાર, સ્વર્ગમાં બાધારૂપ, માયાવિની જેવાં ઘણાં દોષો સ્ત્રીને માથે ઠાલવીને સ્ત્રીનું અવમૂલ્યન કરવામાં આવ્યું છે તેની વિગતે ચર્ચા કરે છે. કહેવાતાં બ્રહ્મચારી સાધુ-બાવાઓને ત્યાં

ધન અને સ્ત્રીનો કેવો વ્યાપાર ચાલે છે તેની વાત તારાબાઈ શિંદે તેમના આ નિબંધમાં કરે છે, જે આજના ૨૧મી સદીના સમયમાં પણ અત્યંત પ્રસ્તુત બની રહે છે. ‘શનિવારની અંધારી રાત્રે સ્નાન કરીને માથે ખપ્પર લઈને નિર્વસ્ત્ર અગિયાર હનુમાનના દર્શન કર.”૩૨ જેવી સલાહો, પ્રસાદી અને જાતભાતના સૂચનો કરતાં તેઓ ધર્મના આડંબરે સ્ત્રીઓ પાસે અધર્મોનું આચરણ કરાવે છે તે વાતને પણ અહીં ખુલ્લી પાડવામાં આવી છે. રખાત માટે પણ પુરુષસત્તાક તંત્ર જવાબદાર છે તે માટેના ઠોસ કારણો તેઓ રજૂ કરે છે. “એથી જ જો તમે રખાત પાસે ન જાઓ, લગ્નપ્રસંગે એમના નૃત્યગાનના કાર્યક્રમો ન યોજો, એમની પાછળ લાખો રૂપિયા ન ખર્ચો, એમની તરફ દષ્ટિમાત્ર પણ ન કરો તો એમની જમાતમાં વધારો થવો શક્ય છે?”૩૩ આમ, તર્ક સાથે તેઓ પુરુષસત્તાક તંત્રની પોકળતાઓ રજૂ કરે છે. પુરુષ દ્વારા રચાયેલ ‘સ્ત્રીચરિત્ર’ જેવાં પુસ્તકોની વાસ્તવિકતા સાથે કોઈ લેણીદેણી નથી તેનો પણ પરિચય આપે છે. બળાત્કાર જેવા પુરુષના દુષ્કર્મને કારણે જો સ્ત્રીને ગર્ભ રહે તો ગર્ભપાત માટે સ્ત્રીને સજા ફટકારવામાં આવે છે તે માટે પણ તે ભારતની તે સમયની કાયદાકીય વ્યવસ્થાને વખોડે છે. ચોરી, લૂંટફાટ, બળાત્કાર, લાંચ જેવાં કેટલાંય ગુનાઓમાં પુરુષ ગુનેગારોની સંખ્યા વધુ હોવા છતાં પુરુષનું સમાજમાં ઉચ્ચ સ્થાન છે તે વક્રતા (irony)ને વખોડતાં તેઓ કહે છેઃ “એવા તો કેટલાય દુર્ગુણ છે તમારા, જો કહેવા બેસીશ તો તમને હૃદયરોગનો હુમલો આવશે.”૩૫ છેવટે, નિબંધને અંતે સ્ત્રી સિવાયની સૃષ્ટિની પરિકલ્પના કરીને સ્ત્રી-પુરુષ સાહચર્ય અને સમાનતામાં જ સમાજનો ઉદ્ધાર છે તેવો સંદેશ પાઠવ્યો છે. સીધી-સરળ, કરડી, કટાક્ષભરી ભાષામાં તર્કબદ્ધ દલીલો દ્વારા સ્ત્રીની ઓળખને સાચું સ્થાન અપાવવામાં આ નિબંધનો ઘણો મહત્વનો ફાળો ગણાવી શકાય છે.

હિન્દી સાહિત્યના ધર્મવીર દ્વારા સંપાદિત **‘સીમંતની ઉપદેશ’**માં એક અજ્ઞાત હિન્દુ ઔરત દ્વારા અનુભવનું સત્ય રજૂ થયું છે. ઇ.સ. ૧૮૮૨માં તેનું પ્રકાશન થયું. મૂળ ઉર્દુમાં લખાયેલ આ કૃતિમાં સ્ત્રીનું અનુભવજગત વાસ્તવિક સંવેદન પ્રકાશિત થયું છે. ૨૩ અધ્યાયોમાં વહેંચાયેલ આ કૃતિમાં સ્ત્રી-સ્વતંત્રતા, સમાનતા અને સ્ત્રીના આગવા અસ્તિત્વની માંગણી રજૂ થઈ છે. રૂઢિ અને રિવાજો પર પ્રહારો પણ કરવામાં આવ્યા છે. ઘરેણાંથી સ્ત્રીઓને કેવું બંધન લાદવામાં આવે છે તેની

ચર્ચા કરી, મુક્તિ માટેનું આહવાહન કરે છેઃ "ખૂબ યાદ રખો, જબ તક ખુદ ઇન બેડીયાં કો ન ઉતારોગી ચાહે હિન્દુસ્તાની વિલાયત મેં તાલીમ પાવેં કભી શાયસ્તા નહીં બન સકતે."૩૫ આ ઉપરાંત, 'મનુસ્મૃતિ' જેવાં શાસ્ત્રો પર કટાક્ષ, બાળલગ્ન પ્રથાનો વિરોધ અને વિધવા પુનર્વિવાહની હિમાયત આ કૃતિમાં જોવા મળે છે. વ્યંગ્યપૂર્ણ કટાક્ષભરી શૈલીમાં આ કૃતિ રચાઇ છે જેની લેખિકા અજ્ઞાત છે. પ્રજ્ઞા પાઠક દ્વારા ઇ.સ. ૨૦૦૮માં સંપાદિત કરાયેલી **'દુખીનીબાલાની આત્મકથા'** સરલા નામની સ્ત્રીની આત્મજીવની છે. તે 'સ્ત્રીદર્પણ' સામયિકના જુલાઇ, ૧૯૧૫થી માર્ચ, ૧૯૧૬ સુધી ધારાવાહિક રૂપે પ્રકાશિત થઈ હતી. બાળલગ્ન કરેલી સ્ત્રી વિધવા બનતા તેનાં જીવનમાં દુખનું આગમન, પિયરની તે ઘટના પ્રત્યે પ્રતિક્રિયા, ભાઈનું લગ્ન, પતિ મારી જતાં તરત બીજા લગ્ન માટેની તૈયારીઓ જેવી ઘટનાઓ દ્વારા સ્ત્રીનાં જીવનની વ્યથાને વાચા અપાઈ છે. આ ઉપરાંત, તે સમયે વિવિધ સત્તાઓ દ્વારા સ્ત્રીનું દમન અને છદ્મ નામ દ્વારા કૃતિઓ લખતી લેખિકાઓની સ્થિતી વિષે પરિચય આપ્યો છે.

મહાદેવી વર્મા દ્વારા રચાયેલ **'શૃંખલા કી કડિયાઁ'** કૃતિ ઇ.સ. ૧૯૩૦માં 'ચાંદ' સામાયિકમાં પ્રકાશિત થતી. તે પુસ્તકરૂપે ઇ.સ. ૧૯૪૨માં પ્રકાશિત થઈ. તેનું ઉપશીર્ષક 'ભારતીય નારી કી સમસ્યાઓ કા વિવેચન' રાખવામાં આવ્યું છે. આ પુસ્તકમાં ઘરેલુ દષ્ટિકોણ બાકાત રખાયો છે. તેથી તે સામાજિક, રાજકીય, માનસિક અને શૈક્ષણિક ક્ષેત્રને ધ્યાનમાં રાખીને ચર્ચા-વિચારણા કરવામાં આવી છે. 'હમારી શૃંખલા કી કડિયાઁ', 'યુદ્ધ ઔર નારી', 'નારીત્વ કા અભિશાપ', 'આધુનિક નારી', 'ઘર ઔર બહાર', 'હિન્દુ સ્ત્રી કા પત્નીત્વ', 'સ્ત્રી કે અર્થસ્વાતંત્ર્ય કે પ્રશ્ન', 'જીવન કા વ્યવસાય', 'હમારી સમસ્યાએ', 'સમાજ ઔર વ્યક્તિ', 'જીને કી કલા'-જેવાં વિષયોને લઈને નિબંધ સ્વરૂપે ચર્ચા કરવામાં આવી છે. આ ઉપરાંત, દહેજપ્રથા, વિધવા અને વેશ્યાજીવન જેવાં સંદર્ભોને પણ ચર્ચવામાં આવ્યા છે. નિવ્યા પટેલ આ અને આના જેવાં વિચારોત્તેજક ગ્રંથોની મહત્તાને લઈને નોંધે છે કે "આઘાતની વાત એ છે કે ગઈ સદીના ચોથા દાયકામાં થયેલ આ નારીવિમર્શની સશક્ત પરંપરા આપણે ઊભી કરી શક્યા નથી. રેઢિયાળ પુસ્તકોના અનુવાદના ખડકલા સામે શું આ ગ્રંથનો અનુવાદ તમામ ભારતીય ભાષામાં ન થવો જોઈએ?" ૩૬ હાંસિયામાં

ધકેલાઇ જવાને કારણે ભારતીય નારીવાદી સાહિત્યનો પ્રચાર ઘણો ઓછો થયો છે, તેને કારણે પાશ્ચાત્ય નારીવાદી વિચારણાના પાયા પર ભારતીય નારીવાદી કૃતિને તપાસવા જતાં ઘણી સંકુલતાઓ ઊભી થાય છે. આ પ્રકારની ભારતીય નારીવાદી વિચારણાને લક્ષમાં લેવાની જરૂરિયાત નવ્ય ઈતિહાસવાદ અને નારીવાદની દૃષ્ટિએ લાભદાયક થઈ શકે છે.

## ૧.૩.૩.૨: અર્વાચીન ગુજરાતી સાહિત્ય ક્ષેત્રે નારી સંવેદનઃ

મુંબઈમાં ઇ.સ. ૧૮૩૫માં **'એલ્ફિન્સ્ટન ઇન્સ્ટીટ્યુટ'ની સ્થાપના**ને કારણે ગુજરાતનાં ઘણાં સાહિત્યકારોનો અભ્યાસ મુંબઈમાં થયો. ગુજરાતી સાહિત્યક્ષેત્રે સુધારકયુગથી સાહિત્યમાં સ્ત્રી વિષયક ચર્ચા જોઈ શકાય છે. ઇ.સ. ૧૮૪૬માં **'ગુજરાત વર્નાક્યુલર સોસાયટી'**, ઇ.સ. ૧૮૫૧માં **'બુદ્ધિવર્ધક સભા'**જેવી સંસ્થાઓની સ્થાપના અને ઇ.સ. ૧૮૫૦માં **'બુદ્ધિપ્રકાશ'** અને ઇ.સ. ૧૮૬૪માં '**ડાંડિયો**' જેવાં સામયિકો શરૂ થયા. પરિણામે **નર્મદ, દલપતરામ, નવલરામ, કરસનદાસ મૂળજી, નંદશંકર મહેતા, દુર્ગારામ દવે, રણછોડભાઇ ઉદયરામ દવે, મહિપતરામ નીલકંઠ** દ્વારા સમાજ સુધારણા અને સાહિત્ય સર્જનની નોખી શરૂઆત થઈ.

**દુર્ગારામ મહેતાજી** 'સુધારાના પ્રથમ વીર' તરીકે ઓળખાય છે. તેઓએ ઇ.સ. ૧૮૪૪માં 'માનવધર્મ સભા'ની સ્થાપના કરી. જેનો ઉદ્દેશ્ય વિધવા પુનર્લગ્ન, મૂર્તિપૂજા વિરોધ, અંધશ્રદ્ધા-વહેમને દૂર કરવા વગેરે હતો. **નર્મદ** 'બુદ્ધિવર્ધક સભા'માં 'ઈશ્વરે અવતાર લીધો નથી', 'પુનર્વિવાહ' જેવાં વિષયો પર ભાષણો આપતાં. બાળમરણ, બાળવિધવા, બાળલગ્નો, વિધવાની અસહાયતા, રૂઢિજડતા, વહેમો, દૂધપીતી કરવાનો રિવાજ, સ્ત્રીનું દાસત્વ, સતી થવાનો રિવાજ, નિરક્ષરતા, પ્રમાદ જેવાં વિષયો નર્મદના ભાષણો અને લખાણોનાં વિષયો હતાં. નર્મદ વિધવા પુનર્વિવાહ માટે 'ઝટ્ટ નાતરા કરો'ની શીખ આપતાં. નર્મદનો વિધવા વિવાહ પ્રત્યેનું સમર્થન અડગ હતું. "લ્યુથરે તો એમ કહ્યું હતું કે મહેલનાં જેટલાં નળિયા છે તેટલા મારા દુશ્મનો હશે તોપણ હું મારો મત છોડવાનો નથી. પણ હું તો કહું છું કે નળિયા ભાંગ્યાથી નાની નાની જે કકડીઓ થાય તેટલાં મારાં દુશ્મનો હશે તોપણ હું મહારાજની દરકાર કરવાનો નથી."૩૭ (વૈષ્ણવ ધર્મનાં જદુનાથજી મહારાજ) તે સમયે હવેલીના વૈષ્ણવાચાર્યોને કારણે આસક્તિ, અશાંતિ, અસલામતી,

ભૂગોળની અજ્ઞાનતાનો માહોલ હતો. નર્મદે 'તુળજી-વૈધવ્ય ચરિત્ર'માં નાટકીય (melodramatic) રીતે વિધવાનાં દુખનું વર્ણન કર્યું:

૧. "રામજી રંડાપો આપો તો તીરથ કરીએ રે"૩૮

૨. "શટરં પટરં કર્તુ કામદેવં નમાંમ્યહમ" ૩૯

**દલપતરામ** દ્વારા 'વિધવાવિવાહ નિબંધ'ની રચના કરવામાં આવી. તેમણે વિધવાવિવાહ ઉપદેશ માટે 'વેનચરિત્ર' નામનું અર્વાચીન આખ્યાન પણ રચ્યું. નિરક્ષરતા, બાળલગ્ન, વૈધવ્ય વિષે વિચારનાર દલપતરામ લખે છે:

"છોટાં છોકરાં વરાવી શું ફુલાવવાનું છે?
ફુલાવાનું ફોક એ તો કાંટા છે કલેશનાં
વનિતાના વિદ્યાભ્યાસ વારે તે શું વિદ્વજ્જન?
વિદ્વજ્જન નહીં મોટા વૃષભ મહેશના." ૪૦

**કરસનદાસ મૂળજી**એ વિદ્યાર્થી અવસ્થામાં 'વિધવાવિવાહ' વિષે નિબંધ લખ્યો હતો. તેઓએ વૈષ્ણવ મહારાજોની અનીતિને બહાર લાવવાનો નિશ્ચય કર્યો હતો. 'મહારાજ લાયબલ કેસ'નાં વિજયી તેમણે પરદેશગમન કર્યું. **મહિપતરામ નીલકંઠે** સૌપ્રથમ પરદેશગમન કર્યું હતું. જ્ઞાતિની ટીકા બાદ તેમણે પ્રાયશ્ચિતનો માર્ગ યોગ્ય માન્યો. 'પ્રાર્થના સમાજ'ની સ્થાપના દ્વારા મહિપતરામે સુધારાની પ્રવૃત્તિ ચાલુ રાખી. તેમણે 'સાસુ-વહુની લડાઈ' નાટક આપ્યું. તેમજ સ્ત્રી-સુધારણા માટે 'બાળલગ્ન નિષેધક મંડળી'નાં તેઓ સક્રિય સભ્ય હતાં. તેઓ પત્નીનાં જીવનને લઈને સૌપ્રથમ વાર 'પાર્વતીકુંવર આખ્યાન' લખે છે. જેમાં પત્નીનાં ગુણો અને ચરિત્રનું ચિત્રણ છે. સુધારાની ચળવળમાં પોતાની સાથે કદમ મિલાવીને ચાલતી પત્નીનું ચરિત્ર તેઓ તરુણીઓના બોધ માટે લખે છે. તેમનો જન્મ, ઉછેર, લગ્નજીવન, સંતાનપ્રાપ્તિ, પતિને ઈંગ્લેન્ડ મોકલવાનો નિર્ણય, નાત બહિષ્કાર સહન કરવો, સ્ત્રી મિત્રો બનાવવા, સ્ત્રીકેળવણી પર ભાર, પ્રાર્થના સમાજનાં સભ્ય, બાળલગ્ન વિરોધ ઝુંબેશ, મૃત્યુ પછી કોઈ રિવાજ ન કરવાની માન્યતા, કંઠોપકંઠ સાહિત્યગ્રહણ, ગાયનવાદનનો

શોખ, ઉદારમતવાદી વિચારધારા, વહેમ-અંધશ્રદ્ધા-બાધા-આખડી પ્રત્યે વિરોધ, સુધારાવાદી પિતા અને પતિને સતત સાથ, અંગ્રેજ શિક્ષિત સ્ત્રીઓનો સંસર્ગ, તાર્કિક પરંપરા વિદ્રોહ, પુત્રવધૂને (**ગુજરાતનાં પ્રથમ સ્ત્રી ગ્રેજ્યુએટ-વિદ્યાબહેન નીલકંઠ**) કેળવણીમાં સાથ- જેવી સતત પરિપક્વતા ધરાવતાં તેમનાં ચરિત્રનાં વિવિધરંગી પ્રગતિશીલ પાસાંને 'પાર્વતીકુંવર આખ્યાન'માં આવરી લેવામાં આવ્યા છે. તે એક સામાજિક ઉન્નતિ માટે વિરલ ઉદાહરણ પૂરું પાડે છે.

ઇ.સ. ૧૮૫૭માં **કેખુશરો કાબરાજી** દ્વારા 'સ્ત્રી-બોધ' સામયિક શરૂ કરાયું. જેમાં સ્ત્રી-વિષયક લેખો છપાતા થયા. કેખુશરો કાબરજી દ્વારા લખાયેલ નાટકોમાં પણ સામાજિક પ્રશ્નો વણી લેવામાં આવતા હતા. ઇ.સ. ૧૮૬૫માં **રણછોડરામ ઉદયરામ દવે** દ્વારા 'લલિતાદુઃખદર્શક' નાટક રચાયું. વિવિધ પદ્ય રચનાઓ, ગીતો, વૃત્ત ધરાવતું આ દીર્ઘ નાટક ખૂબ પ્રચલિત થયું હતું. લલિતા નામની સંસ્કારી, શિક્ષિત યુવતીને બાળવયે દંભરાજ વ્યાપારીના અસંસ્કારી, અણસમજુ નંદનકુમાર સાથે પરણાવી દેવામાં આવે છે. પ્રિયંવદા ગણિકા, છળદાસ કપટી મિત્ર, કજિયાબાજ સાસુ-નણંદથી ઘેરાયેલી લલિતાને દુખ પડતાં વતન પાછી આવે છે, તેનાં વેશને કારણે લોકો તેને ભૂત સમજે છે. અંતે, સર્પદંશથી તેનું મૃત્યુ થાય છે. સુધારકયુગમાં મા-બાપને વિના વિચાર્યે દીકરીને પરણાવી દેતાં દીકરીની દુર્દશા દર્શાવતું આ નાટક બોધપ્રધાન હતું. જેની સામાજિક સ્તરે બહોળી અસર થઈ હતી.

**ગોવર્ધનરામ ત્રિપાઠી** દ્વારા રચાયેલ નવલકથા 'સરસ્વતીચંદ્ર'ની સમાજમાં અસર થઈ આ ઉપરાંત, ઇ.સ. ૧૯૦૨માં તેમની પુત્રી લીલાવતીનું અવસાન થતાં ઇ.સ. ૧૯૦૫માં તેઓ 'લીલાવતીજીવનકળા' લખે છે. તેમની શાંત, સુશિલ અને ચારિત્ર્યવાન પુત્રી લીલાવતીની જીવનકથની લખીને તેઓ પોતાનું દુખ વ્યક્ત કરે છે. સંસાર માટે બોધ આપવાના હેતુસર લખાયેલ 'લીલાવતીજીવનકલા'માં તેનો ઉછેર, આપેલાં સંસ્કારો, કેળવણી, સગાઈ, લગ્ન, ઘરસંસારનાં સુખ-દુખ અને મૃત્યુ જેવી ઘટનાઓને લઈને તેનાં ગુણોની વાત કરવામાં આવી છે. ગોવર્ધનરામની પુત્રીની આ જીવનકલા ગુણો અને આદર્શોથી ભરપૂર હોવા છતાં નિરર્થક ત્યાગને કારણે પિતૃસત્તાક

હિતોનું સંવર્ધન કરતી હોય તેવી પ્રતીતિ થાય છે. 'સરસ્વતીચંદ્ર'ની ગુણસુંદરીનાં પાત્ર પર લીલાવતીની છાપ હોય તેવું પણ પ્રતીત થાય. આદર્શોની મૂર્તિ સમાન લીલાવતીનાં જીવનમાં બનેલી ઘટનાઓને ગોવર્ધનરામ નિયતિ પર છોડે છે. તેથી તેમાં કોઈ પ્રતિકાર નથી, સ્વીકાર છે. ક્ષમા અને બલિદાનની વિચારસરણી ધરાવતી લીલાવતીની છબી માટે નિવ્યા પટેલનો મત આ પ્રમાણે છેઃ "ગોવર્ધનરામનાં આ નારી લેખનમાંથી ઊભું થતું નારીપ્રતિમાન જેટલું વહેલું કાળગ્રસ્ત થાય તેટલું સારું." ૪૧

**રમણભાઈ નીલકંઠે** પિતા મહિપતરામની સુધારણા પ્રવૃત્તિ ચાલુ રાખી હતી. અમદાવાદમાં કન્યાશાળાઓ દ્વારા સ્ત્રી કેળવણીની પ્રવૃત્તિને તેઓએ અવિરત સમર્થન આપ્યું. પત્ની **વિદ્યાગૌરી નીલકંઠ** એ ગુજરાતનાં પ્રથમ સ્ત્રી ગ્રેજ્યુએટ હતા. તેમણે પણ નર્મ-મર્મયુક્ત હાસ્ય નિબંધો આપ્યા. તેમણે 'ગૃહદીપિકા' (૧૯૩૧), 'નારીકુંજ' (૧૯૫૬) અને 'જ્ઞાનસુધા'(૧૯૫૭) જેવા લેખસંગ્રહો પણ પ્રગટ કર્યા. તેમણે ધોંડો કેશવ કર્વેનું ચરિત્ર પણ લખ્યું. તેમના છૂટક લેખોને રમણભાઈ નીલકંઠ દ્વારા 'હાસ્યમંદિર'માં સંપાદિત કરવામાં આવ્યા છે. નીલકંઠ પરિવારમાં જન્મેલ **સરોજિની નાનક મહેતાએ** વાર્તાસંગ્રહો, નવલકથા, દૃષ્ટાંતકથાઓ અને લેખો આપ્યા છે. 'સ્ત્રી-સ્વાતંત્ર્યવાદ', 'ગુજરાતની લગનવ્યવસ્થા અને કુટુંબસંસ્થા', 'બાળલગ્નનો બૂરો રિવાજ', 'ગૃહજીવનમાં સ્ત્રીનું સ્થાન' વગેરે લેખો-પુસ્તકો તેમનું નોંધપાત્ર પ્રદાન છે. "સ્ત્રી જો રમકડું હોય તો કયો પુરુષ-બાળક નિતનવું રમકડું લેવાની લાલસા-વાસના નહીં સેવતો હોય? - આવા તીખા તારણને કેન્દ્રવર્તી બનાવીને લેખિકાએ લખેલી વાર્તાઓમાં લગ્ન-દાંપત્ય, કજોડાં, બાળલગ્ન, વૈધવ્ય, કુંવારું માતૃત્વ-જેવા વિષયો આલેખ્યા છે."૪૨ **સૌદામિની ગગનવિહારી મહેતા** પણ નીલકંઠ પરિવારમાં જન્મ્યા. તેમણે ૧૩ વાર્તાઓનો સંગ્રહ 'એકલવાયો જીવ'માં ગુજરાતી-ઈતર મહારાષ્ટ્રીય અને બંગાળી સમાજનો પરિવેશ લઈ વાસ્તવિકદર્શી આલેખન કર્યું છે. આત્મકથા 'સ્મરણોની સુવાસ' અને ત્રણ અનુવાદ આપીને સાહિત્યક્ષેત્રે પ્રદાન કર્યું છે. રમણભાઈ નીલકંઠ અને વિદ્યાગૌરી નીલકંઠની પુત્રી **વિનોદીની નીલકંઠે** પણ પરિવારનાં વારસાને જાળવ્યો. અમદાવાદ અને અમેરિકામાં શિક્ષણ મેળવી તેઓ પોસ્ટ-ગ્રેજ્યુએટ થયા. 'વનિતા વિશ્રામ'ના અધ્યક્ષ અને એસ. એન.ડી.ટી. મહિલા પાઠશાળામાં

પ્રાધ્યાપિકા તરીકે કાર્યરત તેઓએ વિવિધ કટારલેખો પણ લખ્યાં. નવલિકાસંગ્રહ, નવલકથા, પ્રવાસનિબંધ, પરિચયપુસ્તિકા, બાળસાહિત્ય, લેખસંગ્રહો અને અનુવાદ જેવા સાહિત્યસ્વરૂપોનું ખેડાણ કરીને ૨૬ જેટલાં પુસ્તકો આપ્યા. વાર્તામાં સ્ત્રીના જીવન વિશેના બાળપણ, ઉછેર, કેળવણી-શિક્ષણ, પ્રેમ, લગ્ન, માતૃત્વ, વૈધવ્ય., પુનર્વિવાહ જેવા વિષયોને આવરી લેવામાં આવ્યા છે. "સમાજલક્ષી ચિંતન એ નીલકંઠ પરિવારની વિશેષતા છે. વિનોદીની બહેને પણ એ પરંપરામાં બાળઉછેર અને સમાજમાં સ્ત્રીનું સ્થાન જેવા વિષયો પર લેખન કર્યું છે. વર્ષો સુધી કરેલા કટારલેખનની ઉપનીપજરૂપ 'ઘર ઘરની જ્યોત' શ્રેણીનાં પુસ્તકોમાં એમણે સમાજ સામે દર્પણ ધરવાનું પસંદ કર્યું છે."૪૩ વિનોદીની નીલકંઠનો નારીલક્ષી સાહિત્યક્ષેત્રે ફાળો નોંધનીય ગણી શકાય. પત્રકાર-સાહિત્યકાર મોહનલાલ મહેતાનાં પત્ની **લાભુબહેન મહેતા**એ પણ 'સૌરાષ્ટ્ર', 'ફૂલછાબ', 'અખંડ આનંદ', 'જન્મભૂમિ પ્રવાસી', 'ગૃહમાધુરી' જેવા સામયિકોમાં કટારલેખન કર્યું. આ ઉપરાંત, વાર્તા,ચરિત્ર, બાળસાહિત્ય અને નવલકથા ક્ષેત્રે પણ સાહિત્યસર્જન કર્યું. તેમની વાર્તાઓના વિષયમાં લગ્નજીવન, કુટુંબ અને સમાજનાં ઉદાત્ત તત્ત્વોને વણી લેવામાં આવ્યા છે. **જ્યોત્સનાબહેન શાહ** દ્વારા લખાયેલ વાર્તાઓમાં પરણેલી સ્ત્રીની વિવિધ સમસ્યાઓ અને નિસંતાન નારીની અવહેલના જેવા વિષયો આવરી લેવામાં આવ્યા છે. તેમની 'ખોળાનો ખૂંદનાર' અને 'આરસીની છાયા' જેવી વાર્તાઓ સંવેદનને ઉજાગર કરવામાં નોંધપાત્ર બની રહે છે. **પદ્માબહેન જમનાદાસ ફડિયા**ની વાર્તાઓમાં કૌટુંબિક જીવનનાં પ્રશ્નોને વાચા અપાઈ છે. એમની 'એ બલાકાકા', 'માં તું કોની ઢીંગલી?', 'ગુલબાઈના ટેકરીએથી', 'રાતાં કંકણ' જેવી વાર્તાઓમાં કૌટુંબિક સમસ્યાઓનો ઉલ્લેખ છે.

૨૦મી સદીના પૂર્વાર્ધમાં **ધીરૂબહેન પટેલ** નવલકથાકાર અને વાર્તાકાર તરીકે સાહિત્યક્ષેત્રે મહત્વનું પ્રદાન કરે છે. આ ઉપરાંત, હાસ્યકથા, ફિલ્મ સ્ક્રીપ્ટ, એકાંકીસંગ્રહ, રેડિયો નાટક, બાળસાહિત્ય, અનુવાદ, કવિતા જેવા વિવિધ સ્વરૂપે સર્જન કરે છે. 'વડવાનલ', 'કાદંબરીની મા', 'વાવંટોળ' જેવી નવલકથાઓ નોંધપાત્ર છે. જ્યારે 'વાંસનો અંકુર', 'આંધળી ગલી', 'આગંતુક', 'અનુસંધાન' જેવી લઘુનવલો ગુજરાતી સાહિત્ય ફલક પર નોંધપાત્ર છે. "કૌટુંબિક અને સામાજિક

જીવનની પૃષ્ઠભૂમિમાં નારીજીવનની વ્યથાકથાને અને વિવિધ સમસ્યાઓને હૃદયસ્પર્શી કલમે ચિત્રિત કરવાની લાક્ષણિકતાઓ તેમની વાર્તાઓમાં પ્રગટ થાય છે."૪૪ સ્ત્રી જીવનની વિવિધરંગી વિષમતાઓનું ગહન ચિત્ર રજૂ કરવામાં ધીરૂબહેન પટેલનો ફાળો છે. નવલિકા, નવલકથા, નિબંધ, સંપાદન અને અનુવાદ ક્ષેત્રે સાહિત્યસર્જન કરનાર **કુન્દનિકા કાપડિયા** તેમની પ્રચલિત નવલકથા 'સાત પગલાં આકાશમાં'માં રજૂ થતાં નારીનાં લગભગ બધા જ પ્રશ્નોને આવરી લેવામાં આવ્યા છે. તેમની વાર્તાઓ અને નવલકથાઓમાં સ્ત્રી જીવનની વાસ્તવિક સમસ્યાઓ અને તે વિષેનું ચિંતન જોવા મળે છે. સમાજની પરિઘમાં સ્ત્રી અને અંતે 'સ્વ'ની શોધ સુધી પહોંચતી સ્ત્રીની મથામણને તેઓ પોતાના સાહિત્યમાં વિવિધ સ્વરૂપે રજૂ કરે છે. વાર્તાકાર તારિણી દેસાઇ તેમની વાર્તાઓમાં આધુનિક પ્રયુક્તિઓને પ્રયોજે છે. સુરેશ જોષીનાં લખાણોમાંથી પ્રેરણા લઈ તેમણે આધુનિક વાર્તાકાર તરીકે મનુષ્યનાં મનની અચેતન લીલાઓનું આલેખન કર્યું છે.

ગાંધીયુગ અને આધુનિકયુગના સાહિત્યકારોની વાર્તાઓમાં પણ નારીની વિવિધરંગી છબી અને નારી સમસ્યાઓની રજૂઆત જોવા મળે છે. **મલયાનિલની 'ગોવાલણી', કનૈયાલાલ મુનશીની 'એકપત્ર', ધૂમકેતુની 'સ્ત્રીહૃદય', દ્વિરેફની 'ખેમી'; 'અંતરાય', ઝવેરચંદ મેઘાણીની 'વહુ અને ઘોડો', ર.વ. દેસાઈની 'ખરી મા', સુંદરમની 'ખોલકી'; 'માને ખોળે', ઉમાશંકર જોશીની 'મારી ચંપાનો વર' પન્નાલાલ પટેલની 'કંકુ'; 'વાત્રકને કાંઠે'; 'મોરલીના મૂંગા સૂર', જયંતિ દલાલની 'આ ઘેર પેલે ઘેર', જયંત ખત્રીની 'તેજ, ગતિ અને ધ્વનિ'; 'લોહીનું ટીપું', સુરેશ જોષીની 'ગૃહપ્રવેશ'; 'નળ-દમયંતી'; 'વારતા કહોને', ચંદ્રકાન્ત બક્ષીની 'બાર વર્ષે'; 'ગુડનાઈટ ડેડી'; 'કુત્તી', સરોજ પાઠકની 'સારિકા પિંજરસ્થા'; 'ન કૌંસમાં ન કૌંસની બહાર', વર્ષા અડાલજાની 'શીરો'; 'નામ નયન રસિક મહેતા'; 'શાંતિ', હિમાંશી શેલતની 'ચૂડેલનો વાંસો'; 'અંધારી ગલીમાં સફેદ ટપકા'; 'ગોમતીસ્તોત્ર', કિરીટ દૂધાતની 'બાયું'** જેવી વાર્તાઓએ ગુજરાતી સાહિત્ય ક્ષેત્રે સમાજમાં સ્ત્રીનું સ્થાન, સ્ત્રીની બાહ્ય તેમજ આંતરિક સમસ્યાઓ, પુરુષસત્તાક સમાજની જડતા, ધાર્મિક-રાજકીય-સામાજિક સત્તાતંત્રના દબાણ હેઠળ કચડાતી નારી, નારીના ભાવોનું ગહન દર્શન-વગેરે લાક્ષણિકતાઓને દર્શાવવામાં મહત્ત્વનો ફાળો

આપ્યો છે. ઉમાશંકર જોશીની અને સુંદરમની કવિતાઓ દ્વારા પણ નારી સમસ્યાઓને વાચા મળી છે.

## ૧.૪ ભારતીય નવલકથામાં નારી સંવેદનઃ

ભારત દેશના વિવિધ રાજ્યોમાં, વિવિધ ભાષાઓમાં અને વિવિધ પરિવેશોમાં નવલકથાઓ દ્વારા નારી સંવેદન ઉજાગર કરવામાં આવ્યું છે. નવલકથા એ સમાજના વાસ્તવદર્શી ચિત્રના આલેખન માટેનું સુલભ સ્વરૂપ છે. કિશોરસિંહ સોલંકી આ સંદર્ભે નોંધે છે કેઃ "કૌટુંબિક જવાબદારીઓ વચ્ચે સમય ચોરતી સ્ત્રી માટે નવલકથા, વાર્તા કે આત્મકથા ખૂબ માફક આવે તેવાં સાહિત્ય સ્વરૂપો હતાં. એનો અર્થ એ નથી કે સ્ત્રીઓએ કાવ્યરચના નથી કરી. પરંતુ અન્ય સાહિત્યસ્વરૂપોની તુલનામાં આ સંખ્યા ખૂબ મર્યાદિત છે."૪૫ વિવિધ પાત્રસૃષ્ટિ, ઘટનાઓ અને પરિવેશની વિશિષ્ટ રચના દ્વારા નવલકથા સ્વરૂપ એ સામાજિક સ્થિતિની સમસ્યાઓને વર્ણનાત્મક રીતે મૂકી આપવામાં ફાવટ ધરાવતું સ્વરૂપ છે. તેથી સ્ત્રી તથા પુરુષ લેખકો દ્વારા લખાયેલી નવલકથાઓ દ્વારા સમાજની વાસ્તવિકતાનો ખ્યાલ આવે છે. સમાજમાં જોવા મળતી વિવિધ નારીપાત્રોની છબીની છાપ દ્વારા નવલકથા સૃષ્ટિમાં વિવિધ નારી પાત્રો મળે છે. સમાજ અને સાહિત્યની પરસ્પર હોવાથી સાહિત્યમાં જોવા મળતાં પાત્રોની અસર પણ સમાજ પર પડે છે. તેથી નવલકથાનું સ્વરૂપ સામાજિક વાસ્તવના અભ્યાસ માટે ઉપયોગી થઈ શકે છે.

ભારતમાં **હિન્દી, ગુજરાતી, મરાઠી, રાજસ્થાની, ઉર્દુ, આસામી, પંજાબી, ઉડિયા, કન્નડ, તમિળ, મલયાલમ** જેવી મુખ્ય ભાષાઓમાં નવલકથાઓ લખાઈ છે. સાહિત્યકારો દ્વારા લખાયેલ વિવિધ નવલકથાઓમાં જે-તે પરદેશની ભાતીગળ છાપ, સામાજિક અને સાંસ્કૃતિક પરિવેશ અને સમયે-સમયે તેમાં થતાં પરીવર્તનનો ખ્યાલ આવે છે. બહુપ્રચલિત, શિષ્ટ અને વિશાળ ફલક ઉપર ભાવક પર છાપ છોડતી આ નવલકથાઓની અસર સામાજિક ક્ષેત્રે પણ થાય છે. આવી નવલકથાઓના અભ્યાસ દ્વારા નારીનું સ્થાન સમયે-સમયે અને વિવિધ ભૌગોલિક ભિન્નતા

ધરાવતાં પ્રદેશોમાં જે રીતે થતું આવ્યું છે તેના અભ્યાસ માટે ભારતીય ભાષાઓમાં લખાયેલી મહત્વની નવલકથાઓનો અભ્યાસ ઉપયોગી નીવડે.

**હિન્દી ભાષામાં મૈત્રેયી પુષ્પા, પ્રભા ખેતાન, નાસિરા શર્મા, કૃષ્ણા સોબતી, ગુલશેર ખાં 'શાની'** વગેરે જેવાં નવલકથાકારોએ સ્ત્રીની સમસ્યાઓને વાચા આપી. **ગુજરાતી ભાષામાં લાભુબહેન મહેતા, સરોજિની મહેતા, કુન્દનિકા કાપડિયા, ઇલા આરબ મહેતા, ધીરૂબહેન પટેલ, સરોજ પાઠક, વર્ષા અડાલજા, હિમાંશી શેલત** જેવાં નવલકથાકારોએ સામાજિક અને કૌટુંબિક વ્યવસ્થામાં શોષણનો ભોગ બનતી સ્ત્રીની સમસ્યાઓને તાદશ કરી. **મરાઠી ભાષામાં વિભાવરી શિરુર્કર, આશા બગે, શાંતા ગોખલે, સાનિયા અને તારા બનારસે** જેવી લેખિકાઓએ સમાજમાં સ્ત્રીનું સ્થાન દર્શાવતી નવલકથાઓ આપી. **બંગાળી ભાષામાં રવીન્દ્રનાથ ટાગોર, આશાપૂર્ણા દેવી, મૈત્રેયી દેવી અને શરતચંદ્ર ચટ્ટોપાધ્યાય** જેવાં લેખકોએ નવલકથાઓમાં સશક્ત નારીપાત્રો આપ્યા છે. **ઉર્દુ ભાષામાં ઇસ્મત ચુગતાઈ; મિર્ઝા રુસવા, પંજાબીમાં અમૃતા પ્રિતમ, ઉડિયામાં પ્રતિભા રાય; કાન્હુચરણ મહન્તી, કન્નડમાં શિવરામ કારન્થ; બામા** વગેરે નવલકથાકારો સ્ત્રીની વિવિધ સમસ્યાઓ, પુરુષસત્તાક વ્યવસ્થા અને સ્ત્રી સંવેદનને ઉજાગર કરવામાં સફળ રહ્યા છે.

મૈત્રેયી પુષ્પાની નવલકથા 'બેતવા બહતી રહી'ની ઉર્વશી, 'ઈદન્નમમ'ની મંદા, 'અલ્મા કબૂતરી'ની અલ્મા અને 'ચાક'ની સારંગ જેવી સ્ત્રી નારી પાત્રોની સૃષ્ટિ જીવનના વિવિધ દષ્ટિકોણ લઈને આવે છે. 'બેતવા બહતી રહી'ની ઉર્વશી સમાજના એવા નારી પાત્રોનું પ્રતિનિધિત્વ કરે છે, જેઓની નિયતિ અનિશ્ચિત છે. નિયતિ સામે કોઈ પણ પગલું લેવામાં અસમર્થ સ્ત્રીઓની લાગણીને આ પાત્ર વાચા આપે છે. ચૂંટણી જેવાં રાજનૈતિક પ્રશ્નોને કારણે પરિવારમાં વણસતા સંબંધોની વાત પણ આ નવલકથાના માધ્યમ દ્વારા થઈ છે. 'ઈદન્નમમ'માં મંદાકિની અને અન્ય સ્ત્રી પાત્રો દ્વારા પુરુષપ્રધાન સમાજમાં શોષિત અને અધિકાર વંચિત સ્ત્રીની સ્થિતિનું ચિત્રણ રજૂ થયું છે. 'ચાક'માં સામંતવાદી સમાજમાં વ્યાપ્ત થયેલ હિંસા, આડંબર અને સ્વાર્થપરક વૃત્તિના દર્શન થાય છે. આઝાદી બાદના પરિવેશમાં ઝાટ સમાજમાંના જાતીવાદ, અજ્ઞાનતા, રૂઢિવાદ, કુંઠિતપણું, શિક્ષણનો

અભાવ વગેરે જેવાં પરિબળો વચ્ચે ઝૂઝતી સ્ત્રીનું આલેખન કરવામાં આવ્યું છે. 'અલ્મા કબૂતરી' બહુચર્ચિત નવલકથા છે. તેમાં નટ, મદારી, વણઝારા, કબૂતરા વગેરે જેવાં નવા સમાજની દુનિયામાં મૈત્રેયી પુષ્પા પ્રવેશ કરાવે છે. અલ્મા કબૂતરી જાતિમાં જન્મી હોવા છતાં તેનાં ઉછેર અને કેળવણીને કારણે સભ્યતા ધરાવતું પાત્ર છે. કબૂતરા સમાજ વચ્ચે વિવિધ સંઘર્ષો સામે ઝઝૂમી પ્રગતિશીલ બનતી અલ્માનું પાત્ર એવી નવીનતમ નારી છબી પૂરી પાડે છે. આ ઉપરાંત, મૈત્રેયી પુષ્પાએ 'ઝૂલાનટ' જેવી લઘુનવલ દ્વારા પણ સ્ત્રીની સમસ્યાઓને વાચા આપી છે. નાસિરા શર્માની 'સાત નદીયા એક સમંદર', 'શાલ્મલી', 'ઠીકરે કી મંગની', 'જિંદા મુહાવરે', 'અક્ષયવટ', 'કુઇયાંજાન', 'ઝીરો રોડ', 'પારિજાત', 'અજનબી જજીરા', 'કાગઝ કી નાવ' જેવી નવલકથાઓ આપે છે. તેમની મુખ્ય નવલકથાઓ 'ઠીકરે કી મંગની'માં મુસ્લિમ સમાજની ઠીકરાથી કરાતી સગાઈનો રિવાજ, તેની અસર અને સગાઈ તૂટતાં સ્ત્રીને અપરિણીત સ્થિતિમાં જીવવા પડતાં જીવનને ઘેરતી સમસ્યાઓની વાત છે. સ્વઓળખની પ્રાપ્તિ આ નવલકથાનો મુખ્ય વિષય છે. 'શાલ્મલી'માં સ્ત્રી મુક્તિ, વૈચારિક પરિપક્વતા, ત્રણ કાળ-ભૂત, ભવિષ્ય અને વર્તમાન વચ્ચે ઝોલાં ખાતા સ્ત્રી માનસ, તેની આંતરિક ચેતના સૃષ્ટિની નવલકથા છે. 'પારિજાત' જે સાહિત્ય અકાદમી પુરસ્કૃત નવલકથા છે, તેમાં પરંપરાની પાર જઇ સ્ત્રી-પુરુષ સંબંધોનું નવું સૂત્ર શોધવાની વાત છે. દેશ-વિદેશની સંસ્કૃતિ, પરંપરા અને ધર્મોનો દ્વંદ્વ આ નવલકથામાં છે.

પ્રભા ખેતાનની નવલકથાઓ 'આઓ પેપે, ઘર ચલે', 'તાલાબંદી', 'અગ્નિસંભવા', 'એડ્સ', 'છિન્નમસ્તા', 'અપને અપને ચહેરે', 'પીલી આંધી' અને 'સ્ત્રીપક્ષ'માં વિવિધ સ્ત્રી પાત્રો જોવા મળે છે. દેશના અને વિદેશી સમાજના સત્યને વાચા આપવા માટે રેચલ આ નવલકથા સ્ત્રી-પીડાને તાદશ કરે છે. 'તાલાબંદી'માં મારવાડી સમાજની સ્ત્રીની પતિ પ્રત્યે શ્રદ્ધા અને રૂઢિગત વ્યવસ્થામાંથી પ્રગતિશીલતા તરફ જતાં સ્ત્રી અને પુરુષ પાત્રોની નવલકથા છે. 'અગ્નિસંભવા'માં ભારતની જેમ જ ચીનમાં માત્ર છોકરી તરીકે જન્મ લેવાથી જે સંઘર્ષો પેદા થાય છે તેની વાત છે. માત્ર ભારતમાં જ નહીં વિશ્વભરમાં એઇડ્સની બીમારીના કારણે જે સમસ્યાઓ પેદા થાય છે, તેમાં પારિવારિક સંઘર્ષોને તાદશ કરતી નવલકથા 'એડ્સ' છે. 'અપને અપને ચહેરે'માં પ્રભા ખેતાન

પોતાના જ પરિવેશને પૃષ્ઠભૂમિ તરીકે લઈ સમયે સમયે માનવ મૂલ્યોમાં થતાં પરીવર્તન અને સ્ત્રીની સમસ્યાઓને વાચા આપે છે. 'છિન્નમસ્તા'માં છોકરીનો જન્મ, બાળપણમાં મોટી અને હૃષ્ટપુષ્ટ દેખાવવાને કારણે પરિવારની સ્ત્રીઓ દ્વારા જ સહેવી પડતી ઉપેક્ષાને કારણે બાકીના જીવનની સમસ્યાઓને નવલકથામાં વણી લેવાઈ છે. 'પીલી આંધી'માં બ્રિટિશ સત્તા અંતર્ગત તેમજ રાજા-રજવાડાઓ દ્વારા દમનથી ત્રસ્ત મારવાડી અને બંગાળના સમાજની વાત છે. કૃષ્ણા સોબતીની 'મિત્રો મરજાની', 'સૂરજમુખી અંધેરે કે' અને 'જિંદગીનામા' દ્વારા બહુચર્ચિત થયેલ નારી છબીઓને તેમની નવલકથાઓમાં એક અલગ સ્વરૂપે જોવા મળે છે. 'મિત્રો મરજાની'માં મિત્રો એક વિલક્ષણ નારી વ્યક્તિત્વ છે. શારીરિક પ્રેમની પૂરતી માટે પતિ સાથે ઝઘડતી મિત્રોનો જીવન પ્રત્યે એક આગવો, એક નિશ્ચિત દષ્ટિકોણ છે. તે પોતાના આગવા દષ્ટિકોણ પ્રમાણે જીવન જીવે છે. 'સૂરજમુખી કે અંધેરે મેં' અલગાવથી ઝૂઝતી સ્ત્રીની કથા છે. જીવનના આગળના વર્ષોમાં જે નિશ્ચય લેવાવો જોઈએ તે ઘણો પાછળથી લે છે. આવી સ્ત્રીની યાતનાની કથા છે. 'ઝીંદગીનામા'માં સંસ્કૃતિથી સંકળાયેલ પંજાબી સમાજના લોકોની કથા છે. જેમાં ઘણી નિરાશાસ્પદ ઘટનાઓમાં આશાનું કિરણ શોધતો વર્ગ દર્શાવવામાં આવ્યો છે. શાની દ્વારા લખાયેલ 'કાલા જલ' નવલકથામાં સામંતવાદી મુસ્લિમ સમાજમાં શોષિત નારીનું ચિત્રણ છે, તો રૂઢિવાદ સામે પ્રતિકાર કરીને જીવતી સલ્લો જેવાં સ્ત્રી પાત્રને પણ અંત ભોગવવો પડે છે તે દર્શાવવામાં આવ્યું છે. ત્રણ પેઢીને દર્શાવતી આ નવલકથામાં એકધાર્યું જીવન, તણાવગ્રસ્ત બસ્તરનું જીવન અને આઝાદી પહેલાં અને બાદના સમયમાં માનવમૂલ્યોમાં થતાં ફેરફારને શાની રજૂ કરે છે. આ ઉપરાંત, મૃદુલા ગર્ગ, તસલીમા નસરીન જેવી લેખિકાઓ પણ સ્ત્રી સંવેદનાને પ્રબળ રીતે પોતાની કૃતિમાં રજૂ કરે છે.

મરાઠી ભાષામાં માલતી બેડેકર 'વિભાવરી શિરુરકર'ના છૂપા નામ(pseudo name)થી 'હિંડોળ્યાવર', 'બળી' અને 'શબરી' જેવી સશક્ત નવલકથા આપે છે. ઇ.સ.૧૯૩૦થી ઇ.સ.૧૯૫૦ની આસપાસ આપેલ તેમની નવલકથામાંનો વિદ્રોહનો સૂર પ્રખર હતો. લગ્ન, લગ્ન બહારના સ્ત્રીના સંબંધ, કૌટુંબિક સમસ્યાઓ, દાંપત્યજીવનમાં નારીનું સ્થાન વગેરે વિષયોને તેમની નવલકથાઓમાં સાંકળવામાં આવતા. 'બળી'માં દોષી ગણાતી, કેદનું જીવન જીવતી સ્ત્રીઓની વાત

છે. 'શબરી'માં લગ્નસંસ્થા દ્વારા દમનનો ભોગ બનેલી સ્ત્રીની દશાની વાત છે. સાનિયા દ્વારા લખાયેલ સ્ત્રી-કેન્દ્રી નવલકથાઓમાં 'સ્થળાંતર', 'આવર્તન' અને 'અવકાશ'નો સમાવેશ થાય છે. તેમની નવલકથાના સ્ત્રીપાત્રો વિચારશીલ અને બુદ્ધિમતી હોય છે. કોઈ પણ બાહ્ય અતિરેક વિના પોતાનાં કાર્યોને વિચારી સ્વઓળખ પ્રાપ્ત કરવા માટે પ્રયત્ન કરતાં સ્ત્રી પાત્રો તેમની ખૂબી છે. તેમના સ્ત્રી પાત્રો મોટા ભાગે શહેરી પરિવેશમાંથી આવે છે. તેથી તેમની સમસ્યાઓ બાહ્ય કરતાં વધુ આંતરિક અને મનોવૈજ્ઞાનિક છે.'ભૂમિ' અને 'ત્રિદલ' જેવી નવલકથાઓનાં સર્જક આશા બગે માંવસંબંધોની સંકુલતાને તેની નવલકથાઓમાં રજૂ કરે છે. સ્ત્રી સંવેદનને રજૂ કરતી તેમની નવલકથા 'ભૂમિ' માટે સાહિત્ય અકાદમી પુરસ્કાર પણ પ્રાપ્ત થયો છે. તારા બનારસેની 'શ્યામિની' અને શાંતા ગોખલેની 'રીટા વેલિંકર' અને 'ત્યા વર્ષી'માં સ્ત્રીની લાગણીની રજૂઆત કરવામાં આવી છે.

બંગાળી ભાષામાં મુખ્યત્વે રવીન્દ્રનાથ ટાગોર, આશાપૂર્ણા દેવી, મહાશ્વેતા દેવી, શરતચંદ્ર ચટ્ટોપાધ્યાય જેવાં લેખકોની નવલકથાઓનાં નારી પાત્રોની વિવિધરંગી છબી જોવા મળે છે. રવીન્દ્રનાથ ટાગોરની 'નૌકાડૂબી', 'નસ્ટનીડ', 'ઘરે-બાહિરે' અને 'ચોખેરબાલી' જેવી નવલકથાઓના નારી પાત્રો વિશિષ્ટ છે. 'ઘરે-બાહિરે'ની વિમલા સશક્ત વ્યક્તિત્વ ધરાવતી હોવા છતાં પતિની હાજરીમાં ભારતીય નારી તરીકે તેને ગૌણ તરીકે રહેવું પડે છે. પતિનો મિત્ર સંદીપ આવતાં તેને પ્રેમ અને સ્વપ્ન પૂરા કરવાની આશા જન્મે છે. 'નસ્ટનીડ'ની ચારુલતામાં દિયર અમલ પ્રત્યે આકર્ષાતાં ઘરની ચાર દીવાલોથી પર નવા સ્વપ્ન ઊઘડે છે. અમલ તેને લખવા માટે પણ પ્રેરે છે. અમલ પ્રત્યેનાં આકર્ષણની કબૂલાત કરતી ચારુ દ્વારા રવીન્દ્રનાથ એક સખત (bold) પાત્ર ભારતીય સમાજ સમક્ષ મૂકી આપે છે. 'નૌકાડૂબી'માં હેમનલિની અને કમલનું ચરિત્ર પણ સત્ય માટે પ્રતિકાર કરતું દર્શાવાયું છે. લગ્નની ગૂંચવણભરી પરિસ્થિતીમાં પોતાને પ્રેમ કરતાં વ્યક્તિની શોધ દ્વારા લગ્ન સંસ્થાની રૂઢિગત માન્યતાઓ સામે બંડ પોકારાયો છે. 'ચોખેરબાલી'માં વય ભિન્નતા ધરાવતાં પાત્રોનું લગ્ન, વિધવાની પરિસ્થિતી, જાતીયતાનાં પ્રશ્નો વગેરે વિષયોને આવરી લઈ પુરુષસત્તાક સમાજનું ચિત્ર ઊભું કરાયું છે. આશાપૂર્ણા દેવીની સૌથી પ્રસિદ્ધ નવલકથા 'પ્રથમ

પ્રતિશ્રુતિ'ને જ્ઞાનપીઠ એવોર્ડ પ્રાપ્ત થયો છે. સત્યવતીનાં સશક્ત પાત્ર દ્વારા સ્ત્રીની ત્રણ અવસ્થા- બાળક, વહુ અને માતા તરીકે રોજિંદા જિંદગીની નારી સમસ્યાઓ સાથે સમાધાન ન કરતાં પ્રતિકાર કરીને એક વિશિષ્ટ પાત્ર રચી આપ્યું છે. સત્યવતીનો પ્રતિકાર સીધો છે. બાળપણમાં ઘરની સ્ત્રીઓ, સાસરીમાં સાસુ-સસરા અને પતિ સામે સત્ય તરફી પગલાં ભરવામાં બિલકુલ નીડર સ્ત્રી તરીકે તેની છબી ઊભરી આવે છે. શરતચંદ્ર ચટ્ટોપાધ્યાયની 'દેવદાસ', 'પરિણીતા', 'શેષ પ્રશ્ન' અને 'ગૃહદાહ' જેવી પ્રચલિત નવલકથાઓમાં પરંપરાને પડકારતા વિલક્ષણ નારીપાત્રોની સૃષ્ટિ છે. મૈત્રેયી દેવીની 'ન હન્યતે' નવલકથામાં સ્ત્રી-પુરુષ સંબંધની સંકુલતા અને લગ્ન વ્યવસ્થાને રજૂ કરી છે.

ઉર્દુમાં મિર્ઝા રુસવા એ 'ઉમરાવજાન અદા'માં લખનૌનાં મુસ્લિમ શાહી સમાજ અને તેમાં ચાલતી વેશ્યા પ્રવૃત્તિમાં નસીબજોગે ફસાયેલી ઉમરાવનું વિલક્ષણ પાત્ર આપ્યું છે. પંજાબી ભાષામાં અમૃતા પ્રીતમ  સર્જિત 'પિંજર'માં વિભાજન સમયે પારિવારિક દુશ્મનીને કારણે બે ધર્મો વચ્ચે પિસાતી પૂરો નામના સ્ત્રીપાત્રની કથા છે. આ નવલકથાનાં અન્ય સ્ત્રીપાત્રો પણ વિભાજન સમયે સ્ત્રીની દયનીય સ્થિતી રજૂ કરે છે.ઉડિયા ભાષામાં પ્રતિભા રાય લિખિત, જ્ઞાનપીઠનાં મૂર્તિદેવી પુરસ્કારથી સમ્માનિત 'યાજ્ઞસેની' નવલકથા મહાભારત આધારિત દ્રૌપદીનાં પાત્રને કેન્દ્રમાં લઈને લખાયેલ નવલકથા છે. દૈવીય કરતાં માનવીય પાસાઓને દ્રૌપદીનાં દષ્ટિકોણથી રજૂ કરી પરંપરાથી ચાલી આવતાં સ્ત્રી શોષણની વાત આ નવલકથામાં છે. કાન્હુચરણ મોહાંતીની 'નિષ્પતી'માં બાળક અને વિધવા વચ્ચેની લગ્નવ્યવસ્થાને રજૂ કરે છે. તેમની 'હા અન્ના' અને 'શસ્તિ' જેવી નવલકથાઓમાં નારી સંવેદનને વાચા અપાઈ છે. સાહિત્ય અકાદમી પુરસ્કૃત નવલકથા 'કા'માં સ્ત્રી-વંધ્યત્વ અને ગર્ભનાં પરિણામે થતાં મૃત્યુની ઘટનાને કારણે સ્ત્રીની દયનીય પરિસ્થિતીનો તાગ મળે છે. 'ક્ષણ ક્ષણકે અન' નવલકથામાં સોતેલી મા અને ઘરેલુ હિંસા જેવાં વિષયોને આવરી લેવામાં આવ્યા છે. કન્નડમાં શિવરામ કારન્થની 'મરાલી મણિગૈ'માં દક્ષિણ ભારતની ત્રણ પેઢીની કથા છે. જેમાં સરસ્વતી, પાર્વતી, સત્યભામા અને નાગવેણી જેવાં સ્ત્રી પાત્રો દ્વારા પતિને કારણે રોજિંદા જીવનમાં સહેવી પડતી યાતનાઓ, લગ્નસંસ્થા, ખેતી, વૈધવ્ય, વંધ્યત્વ અને શોકય વચ્ચે ઊભા થતાં

વિવિધ વલણોને  કારણે સ્ત્રીનાં એકધાર્યા જીવનમાં પણ નિરાશાસ્પદ પરિસ્થિતી જન્મે છે તેની વાત છે. બામા દ્વારા લખાયેલ 'કરુક્કુ' અને 'સંગતિ' જેવી નવલકથાઓમાં લિંગભેદ અને વર્ણભેદને આધારે નારી અને દલિત વર્ગના શોષણની રજૂઆત કરવામાં આવી છે.

વિભિન્ન ભારતીય ભાષાઓમાં લખાયેલ નવલકથાઓમાં સ્ત્રી-પુરુષ સર્જકો દ્વારા સ્ત્રીની સમસ્યાઓને રજૂ કરવામાં આવી છે. શોષણ, દમન અને દૂષણોનો ભોગ બનતી નારીને પીડિત (victim), વિદ્રોહી (rebellious) કે વિવિધ સંઘર્ષ વચ્ચે ઝઝૂમતી દર્શાવીને વિવિધ ભૌગોલિક અને કાળની ભિન્નતા હોવા છતાં પુરુષપ્રધાન સમાજમાં સ્ત્રીનું સ્થાન ગૌણ (secondary) છે તેનો ચિતાર મળે છે. આ નવલકથાઓનાં અભ્યાસ દ્વારા સમાજનાં વાસ્તવિક ચિત્રનો તાગ મળી શકે છે.

## ૧.૫ ગુજરાતી નવલકથામાં નારી સંવેદનઃ

ગુજરાતી નવલકથાની શરૂઆત **નંદશંકર મહેતાની 'કરણઘેલો'** (૧૮૬૬)માં ગણાય છે. સુધારક યુગમાં સ્ત્રી-સુધારણાની પ્રવૃત્તિ પૂરજોશમાં ચાલતી હોવા છતાં તે સમયે નારીકેન્દ્રી અથવા નારીની સમસ્યાઓને રજૂ કરતી નવલકથા મળતી નથી.

ગાંધીયુગના **ઝવેરચંદ મેઘાણીની** નવલકથા '**વેવિશાળ**'માં ભારતીય સ્ત્રીની દશા અને હળવા પ્રતિકારનું દર્શન તેનાં સ્ત્રીપાત્રો દ્વારા દર્શાવવામાં આવ્યું છે. **પન્નાલાલ પટેલની 'વળામણાં'** નવલકથામાં પરિવારનાં રોષનો ભોગ બનતી પરિણીતા ઝમકુના પાત્ર દ્વારા તેની થતી સોદાબાજીમાં કરૂણ રસ ઉપજે છે. છેવટે, પન્નાલાલ પટેલે મનોરમુખીનું હૃદયપરીવર્તન દર્શાવ્યું છે. **'મળેલાં જીવ'** નવલકથામાં કાનજી-જીવીનાં પ્રેમ છતાં જ્ઞાતિભેદને કારણે શક્ય ન થતાં લગ્નજીવનને કારણે જીવીનું લગ્ન ધૂળા સાથે થાય છે. ભગત નામનાં પાત્રનાં મોઢે કાનજીને કહેવાયેલ શબ્દો 'લાવ્યાપણું રાખજે'ને કારણે મર્યાદા અને નૈતિકતાપૂર્વક કાનજી જીવીની દયનીય સ્થિતિની જાણ છતાં દૂર રહે છે. ધૂળાનાં આકસ્મિક મૃત્યુ બાદ જીવીની મનોદશાને કારણે ગામલોકો તેને ગાંડી ગણે છે. છેવટે કારતકી મેળામાંથી કાનજી જીવીને લઈને ચાલ્યો જાય છે. જ્ઞાતિભેદ, લગનવ્યવસ્થા, નૈતિકતા,

ભારતીયતા, મર્યાદા જેવાં ઉચ્ચ ગણાતાં આદર્શોને કારણે જીવીને કેટ-કેટલી યાતનાઓમાંથી ગુજરી લગભગ ગાંડા થઈ જઇ જે મનોસ્થિતિનો ભોગ બનવું પડે છે, તેમાં સામાજિક અને રૂઢ થઈ ગયેલી માન્યતાઓનું બંધન પ્રસ્તુત થાય છે. **'માનવીની ભવાઇ'**માં કાળુ-રાજુનાં પ્રણયભંગાણમાં પણ સંબંધીઓ અને સમાજ જ જવાબદાર છે. વિરહ અને ઝૂરાપાથી પીડાતા બંને પાત્રો નૈતિકતાની કસોટી પર ખરા ઉતરે છે પરંતુ માનસિક રીતે તેઓ એકબીજાને સતત ઝંખે છે. દુષ્કાળને પરિણામે નવલકથામાં માનવીય સંઘર્ષનું આ ચિત્ર સ્ત્રીની સશક્ત છબીઓ પૂરી પાડે છે.

**ગોવર્ધનરામ** પંડિતયુગમાં **'સરસ્વતીચંદ્ર'** પ્રશિષ્ટ નવલકથા આપે છે. આ નવલકથામાં સરસ્વતીચંદ્રનું કુમુદને વિના દોષે ત્યાગી જવું, પ્રમાદધન જેવાં કુપાત્ર સાથે કુમુદનાં લગ્ન, કુમુદ અને સરસ્વતીચંદ્રનું એક જ ઘરમાં રહેવું, ઘરત્યાગ બાદ સરસ્વતીચંદ્ર અને કુમુદનાં આદર્શ 'કલ્યાણગ્રામ'ને પૂરો કરવા સરસ્વતીચંદ્રનું કુમુદની બહેન કુસુમ જોડે વિવાહ અને કુમુદનું અવિરક્તિભર્યું વિધવા જીવન-આટલી ઘટનાઓને સંકેલતી આ નવલકથા ભારતીયતાનાં આદર્શો પૂરા પાડે છે. નૈતિકતા, સંસ્કાર અને મર્યાદાભર્યું જીવન જીવતાં બંને પાત્રો અંત સુધી વિખૂટા રહે છે. સરસ્વતીચંદ્ર અને કુમુદનું લગ્ન નથી કરવવામાં આવતું. કુમુદના વિધવા પુનર્લગ્ન સંબંધી આ પ્રશ્નને કારણે આ નવલકથાનો અંત બહુચર્ચિત બન્યો હતો. તેથી કહી શકાય કે શિષ્ટ ગણાતી આ કૃતિમાં સરસ્વતીચંદ્રનાં એકલાં હાથે લેવાયેલ ગૃહત્યાગના નિર્ણયને કારણે કુમુદનાં જીવનનો એક અલગ જ અંત આવે છે. અહીં, પરંપરા વિદ્રોહ કે પ્રતિકારને સ્ત્રી પાત્રોનાં જીવનમાં સ્થાન નથી. ત્યારબાદ **મનુભાઈ પંચોળી**ની **'ઝેર તો પીધા જાણી જાણી'** નવલકથામાં પણ રોહિણી અને સત્યકામનાં વ્યક્તિનિષ્ઠ પ્રેમનું સમગ્ર જગત કલ્યાણમાં પરિવર્તન થતાં, જ્યોતિષવિદ્યાનો સહારો લઈ બંનેને વિખૂટા પાડવામાં આવે છે. **ઈશ્વર પેટલીકર**ની **'જનમટીપ'** નાયિકાપ્રધાન નવલકથા છે. પાટણવાડિયા કોમની ચંદા ભીમાનાં શૌર્ય પર વારી જઇ તેની સાથે લગ્ન કરે છે. પૂંજા દ્વારા ચંદાની છેડતી, ભીમા દ્વારા લાકડીથી મારને કારણે સાસરીના ઘરનો ત્યાગ કરતી ચંદા ભીમો બીમાર થતાં તેની ખડે પગે સેવા કરે છે. પાછી પિયર જઇ રહેતી તે ભીમાને પૂંજાનાં ખૂનને કારણે જનમટીપ થતાં સાસરે આવી સાસરિયાઓનો આધાર બની રહે છે. ચંદાનાં પાત્ર દ્વારા પેટલીકર એક સશક્ત

અને ખુમારીભરી સ્ત્રીની છબી પૂરી પાડે છે. તેમની અન્ય નવલકથા **'ભવસાગર'**માં સૂરજનાં પાત્ર દ્વારા સાસુ અને નણંદનો ત્રાસ દર્શાવવામાં આવ્યો છે. સૂરજ અંત સુધી યાતના વેઠી, એકલતા અને વેદનામાં સમાઈ જનારું પાત્ર છે. **'ઋણાનુબંધ'** નવલકથામાં સ્ત્રી-પુરુષનાં લગ્ન અને લગ્નેતર સંબંધનું ચિત્રણ આઘાતક બને તે રીતે થયું છે.

**કુન્દનિકા કાપડિયા** સર્જિત **'સાત પગલાં આકાશમાં'** નવલકથા ગુજરાતી અને ભારતીય સાહિત્ય ક્ષેત્રે બહુચર્ચિત નવલકથા છે. પુરુષપ્રધાન સમાજને પડકારતી આ નવલકથામાં સ્ત્રીઓની નાનીથી લઈને મોટી એવી બાહ્ય-આંતરિક સમસ્યાઓને ઘણાં બધા સ્ત્રી પાત્રોના આલેખન દ્વારા આવરી લેવાઈ છે. આ સમસ્યાઓનાં આલેખનમાં વિરોધ, આક્રોશ અને સત્તાનાં તંત્રને તોડી પાડવાનો પ્રખર સૂર છે. સમાજથી દૂર 'આનંદગ્રામ'માં થતો નવલકથાનો અંત સમસ્યાનાં ઉકેલને લઈને ઘણી ચર્ચાઓનો ભોગ બન્યો છે. સરલા જયચંદ શેઠ દ્વારા લખાયેલ 'શાલિની' નવલકથામાં પુરુષ સમોવડી બનવા જતી સ્ત્રી જીવનના ઉતાર ચઢાવને આલેખતી કથા છે. તેમાં વિચારશીલ પરિપક્વતા નથી. **ઇલા આરબ મહેતા દ્વારા** લખાયેલ **'બત્રીસ પૂતળીની વેદના'** નવલકથામાં અનુરાધા, વિનોદીની, વિભાવરી, છાયા અને રેખાનાં પાત્રો દ્વારા રામાયણનાં પાત્રોની નાટકનાં માધ્યમથી ભજવણી દ્વારા ધર્મસત્તા, પુરુષસત્તા અને સમાજનાં રૂઢ વિચારો સામે નારી પાત્રોનો પ્રતિકાર દર્શાવાયો છે. આ પુરુષદ્વેષમાંથી નથી જનમતો, પ્રતિકાર વિચારોની પક્વતાથી જન્મે છે. **વિનોદીની નીલકંઠ** દ્વારા લખાયેલી નવલકથા **'કદલીવન'**માં સ્ત્રીની સંવેદનાને રજૂ કરાઇ છે. "નવલકથા 'કદલીવન'માં લેખિકાએ ધનિક ઉચ્ચ વર્ગ અને નિર્ધન નિમ્ન-મધ્ય વર્ગનાં યુવક-યુવતીઓનાં, આંતરજ્ઞાતીય લગ્ન કરાવીને શહેરી સમાજમાં સ્ત્રીનું સ્થાન કેવું હોવું જોઈએ અને કેવું છે-તેના નિર્દેશો આપ્યા છે." ૪૬

**ધીરૂબહેન પટેલ**ની પ્રથમ નવલકથા **'વડવાનલ'**માં બે બહેનોની સ્પર્ધા છેવટે કુટુંબનાં ધ્વંસ તરફ આગળ વધે છે. સ્ત્રીઓની ઈર્ષ્યાવૃત્તિને આ નવલકથામાં આલેખાઈ છે. રઘુવીર ચૌધરી આ સંદર્ભે કહે છેઃ "પોતાની પ્રથમ નવલકથા 'વડવાનલ'ના પ્રતીક દ્વારા, એક નારીનાં હૃદયના

આક્રોશને, કુંઠિત થયેલી અને તરછોડાયેલી લાગણીઓને વાચા આપી છે. જીવનની તુચ્છ અને મામૂલી દેખાતી ઘટનાઓનું માનસશાસ્ત્રીય અને સમાજશાસ્ત્રીય દષ્ટિએ મહત્વ હોય છે તેનું પ્રતીતિકર નિરૂપણ અહીં ધ્યાન ખેંચે છે."૪૭ ધીરૂબહેનની **'શિમળાનાં ફૂલ'** નવલકથામાં પોતાની રીતે જીવવા માગતી નારીની પરાજયકથા છે. દાંપત્યજીવનના અનેક વર્ષો બાદ પતિને જણાવી ગૃહત્યાગ કરતી કથાનાયિકાની સ્થિતિ ગૃહત્યાગ બાદ વધુ વણસે છે. પુનઃ દાંપત્યજીવનમાં પ્રવેશતી તેનો વેદના અને કરુણાભર્યો અંત આવે છે. **'કાદંબરીની મા'**માં સાસુ-વહુનો વિશિષ્ટ સંબંધ આલેખાયો છે. સાસુ ખરા અર્થમાં મા બની રહે છે. જ્યારે **'એક ડાળ મીઠી'**માં સ્વમાની નાયિકા સવિતાની નારી-અસ્મિતાની કથા છે. **સરોજ પાઠકની 'નાઈટમેર'** નવલકથામાં પ્રિયતમ સાર્થને બદલે નાયિકા નિયતિનું સાર્થનાં મોટાભાઇ અનન્ય સાથે લગ્ન થયું છે. ત્રણેય એક જ ઘરમાં રહે છે. અહીં નવલકથાની બાહ્ય ઘટના કરતાં ત્રણેય પાત્રોનાં મનમાં ચાલતા આંતરિક સંઘર્ષ અને મનોમંથન ધ્યાનાર્હ બને છે. **વર્ષા અડાલજાની 'રેતપંખી'** નવલકથામાં નાયિકા સુનંદાની વિવિધ સંબંધોની મનોગતિવિધિનું આલેખન છે. આ ઉપરાંત, તેમની **'મારે એક ઘર પણ હોય'** અને **'ખરી પડેલો ટહુકો'** લઘુનવલોનાં પાત્રો સ્પર્શક્ષમ બની રહે છે.

ઇ.સ. ૨૦૦૦ પછીના સમયમાં સ્ત્રી-કેન્દ્રી નવલકથાઓ ઓછી રચાઇ છે. **દર્શના ત્રિવેદી** દ્વારા લખાયેલ **'પાનખરની બીક ના બતાવો'** જેવી નવલકથા લખવાના પ્રયોગો પણ ઘણાં મર્યાદિત છે. વાર્તા, કવિતા અને લેખો દ્વારા સ્ત્રીને દમિત કરતી નવી સત્તાઓ અને નવા દૂષણોને લોકપ્રિય સાહિત્યક્ષેત્રે અને શિષ્ટ સાહિત્યક્ષેત્રે સ્થાન મળ્યું છે. પરંતુ, નવલકથા સ્વરૂપે નારીવાદનાં નવા ચોથા સ્તરનાં વિચારોને વાચા આપવામાં નવા નવલકથાકારોની રાહ જોવી પડે.

## ૧.૬ ઉપસંહાર:

આમ, પશ્ચિમમાં 'બાઇબલ' ધર્મગ્રંથની અસર હેઠળ અને પૂર્વમાં ચાર વેદો, 'મનુસ્મૃતિ', 'રામાયણ' અને 'મહાભારત' જેવાં ધર્મગ્રંથો અને શાસ્ત્રોની અસર હેઠળ સ્ત્રી-પુરુષ વચ્ચેની અસામનાતાનો દોર ચાલ્યો આવ્યો છે તેનાં પુરાવા મળે છે. બાળકનાં જન્મ પહેલાંથી લઈને ભેદભાવ નજરે પડે છે. જે સમાજનાં ભ્રૂણ હત્યા જેવા દૂષણોથી શરૂ થઈ, બાળકી અને વૃદ્ધાનાં બળાત્કાર સુધી આજના સમયમાં વિકૃતિ પામ્યો છે. વિવિધ સત્તાઓ જેવી કે ધર્મસત્તા, રાજ્યસત્તા, કુટુંબસત્તા, પુરુષસત્તા-દ્વારા સ્ત્રીવર્ગ સતત શોષણ પામતો આવ્યો છે. તેનું મૂળ પુરુષસત્તાક તંત્ર દ્વારા ઊભી કરાયેલ સ્ત્રીની છબી છે. સાહિત્ય, જાહેરાતો, પત્રકારત્વ, સિનેમા જેવાં સમૂહમાધ્યમોમાં પણ સ્ત્રીની છબીને એવી રીતે ચિત્રિત કરવામાં આવે છે, જેને કારણે સ્ત્રીનો દ્વૈતિક (secondary) વ્યક્તિ તરીકેનો ભાગ ભજવવા માટે સ્ત્રીઓ પણ જાણતા-અજાણતા તૈયાર થાય છે. ઇન્ટરનેટ અને સોશિયલ મીડિયાનાં સમયમાં સ્ત્રી કે પત્નીને કર્કશ દર્શાવાતાં હાસ્યપ્રેરક મેસેજથી લઈને અર્ધનગ્ન કે નગ્ન સ્ત્રીની માર્કેટિંગ માટે વપરાતી જાહેરાતોએ સ્ત્રીનાં સ્થાનનું બહોળા સમુદાય સામે અવમૂલ્યન કરે છે. જેનાથી સ્ત્રી અને પુરુષ બંને ટેવાયેલા છે. પરંતુ, આ માનસિક વિકૃતતા જ્યારે છેડતી, બળાત્કાર, ઇવ ટીઝિંગ, સ્ટેરિંગ, એસિડ અટેક, ઘરેલુ હિંસાથી લઈને ખૂનમાં કે આત્મહત્યામાં પરિણમે છે ત્યારે માનવીય મૂલ્યોનો હ્રાસ અને નાશ થાય છે. સ્ત્રીઓને મતાધિકાર, કાયદાકીય સહકાર અને ઘણાં બંધનોમાંથી મુક્તિ છતાં જો સ્ત્રીને માત્ર 'સ્ત્રી' હોવાને કારણે આજના સમયે દૂષણોનો ભોગ બનવું પડે તો તેમાં પુરુષસત્તાક સમાજ દ્વારા 'સ્ત્રીની ઊભી કરાતી છબી' એક મૂળ કારણ હોઇ શકે.

વૈજ્ઞાનિક, ઔદ્યોગિક અને વૈશ્વિક ક્રાંતિનાં સમયમાં વિશ્વની લગભગ અડધી વસ્તીને જ્યારે આવી શારીરિક અને માનસિક યાતનાઓમાંથી ગુજરવું પડે તો આ બાબત માનવીય વિકાસ પર પ્રશ્ન ઊભો કરે છે. આ કારણોસર સાહિત્યનાં માધ્યમ દ્વારા સ્ત્રીને પુરુષ જેટલી જ સ્વતંત્રતા, હકો અને તકો પૂરી પડે સાથોસાથ પુરુષના માનસમાં સ્ત્રીની છબી વધુ સન્માનીય અને સમાન બને તેવા

પ્રયત્નો હાથ ધરવા રહ્યા. હવે, ભારતીય સાહિત્ય ક્ષેત્રે સમયે સમયે અને વિવિધ રાજયો-ભૌગોલિક ભિન્નતા ધરાવતાં પ્રદેશોની વિવિધ ભાષામાં લખાયેલ નવલકથાઓમાં જે પરીવર્તન આવ્યું તેનો અભ્યાસ નારી છબીનાં આધારે કરીશું. જેમાં સ્ત્રી-પુરુષ બંને સર્જકો દ્વારા લખાયેલી નવલકથાઓનો અભ્યાસ છે. જેથી માત્ર એકાંગી ચિત્ર અને પરિણામ ન મળે.

## ૧.૭ સંદર્ભ:


૧. Oxford English Mini Dictionary, Catherine Soanes, Published by Oxford University Press, New Delhi, 7th Edition 38th impression, 2012; P. 506

૨. Oxford English Mini Dictionary, Catherine Soanes, Published by Oxford University Press, New Delhi, 7th Edition 38th impression, 2012; P. 233

3. Oxford English Mini Dictionary, Catherine Soanes, Published by Oxford University Press, New Delhi, 7th Edition 38th impression, 2012; P. 204

૪. Merriam-Webster Online Dictionary, Web; 2019;

<https://www.merriam-webster.com/about-us>

૫. અનુઆધુનિક સાહિત્યસંજ્ઞાકોશ, સંપાદકઃ જયંત ગાડીત; પ્રકાશનઃ સરદાર પટેલ યુનિવર્સિટી, વલ્લભવિદ્યાનગર; ૧લી આવૃત્તિ, ૧૯૯૯; પૃ. ૮૬

૬. અનુઆધુનિક સાહિત્યસંજ્ઞાકોશ, સંપાદકઃ જયંત ગાડીત; પ્રકાશનઃ સરદાર પટેલ યુનિવર્સિટી, વલ્લભવિદ્યાનગર; પ્રથમ આવૃત્તિ, ૧૯૯૯; પૃ. ૮૪

૭. શતરૂપા, સંપાદકઃ શરીફા વીજળીવાળા; ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય, અમદાવાદ; ૨૦૧૧; પૃ.૧૨

૮. વિશ્વસાહિત્યમાં નારીવાદ, ડૉ. કિશોરસિંહ સોલંકી, વક્તવ્ય; પરબ, ઓગસ્ટ, ૨૦૧૮; વર્ષ:૧૩, અંક:૨; ગુજરાતી સાહિત્ય પરિષદ, અમદાવાદ; પૃ.૬૫

૯. The Feminine Mystique, Betty Freidan; Penguin Books, London; 1982, P.34

૧૦. If I Die Today, Shashi Deshpande; Print; Vikas Publishing House, New Delhi; 1982; P. 22

૧૧. Politics after Television, Hindu Nationalism and the Reshaping of the Public in India, Arvind Rajagopal; Cambridge University Press, UK; 2001; P. 96

૧૨. Rama, Must I Remind You of Your Divinity? : Locating a Sexualized, Feminist and Queer Dharma in the Ramayana, Mukti Lakhi Mangharam, Diacritics; Volume: 39, Spring, 2009; The John Hopkins University Press, Maryland; P. 75

૧૩. The Clothes of Drupadi, Devdutt Pattanaik, Mythos; New Delhi; April 2006;Web;<http://devdutt.com/articles/indianmythology/mahabharata/the-clothes-of-draupadi.html>

૧૪. ભારતીય સમાજમાં સ્ત્રી-જીવન, નીરા દેસાઇ; આર.આર.શેઠ કંપની, મુંબઈ; પ્રથમ આવૃત્તિ; જૂન, ૧૯૬૩, પુનઃમુદ્રણ: ઓગષ્ટ: ૧૯૭૪; પૃ.૩૨

૧૫. ગુજરાતી સાહિત્ય: મધ્યકાલીન, અનંતરાય મ. રાવળ; ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય; પાંચમી આવૃત્તિ, ૨૦૧૪; પૃ. ૧૩૫

૧૬. એજન; પૃ. ૧૬૭

૧૭. ભારતીય સમાજમાં સ્ત્રી-જીવન, નીરા દેસાઇ; આર.આર.શેઠ કંપની, મુંબઈ; પ્રથમ આવૃત્તિ; જૂન, ૧૯૬૩, પુનઃમુદ્રણ: ઓગષ્ટ: ૧૯૭૪; પૃ.૫૦

૧૮. એજન; પૃ.૬૬

૧૯. એજન; પૃ.૬૭

૨૦. એજન; પૃ.૯૩

૨૧.એજન; પૃ.૧૨૬

૨૨.એજન; પૃ.૧૨૯

૨૩. એજન; પૃ.૧૪૯

૨૪. વિભાજનની વાર્તાઓ, સંપાદકઃ શરીફા વીજળીવાળા; ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય, અમદાવાદ; ત્રીજી આવૃત્તિ, ૨૦૧૪; પૃ. ૧૬

૨૫. તારાબાઈ શિંદે કૃત સ્ત્રી-પુરુષ તુલના, અનુવાદકઃ મેઘના જાધવ, સંપાદનઃ નિવ્યા પટેલ; અરુણોદય પ્રકાશન, અમદાવાદ; પ્રથમ આવૃત્તિ, નવેમ્બર, ૨૦૧૮; પૃ. ૧૦

૨૬. વિશ્વસાહિત્યમાં નારીવાદ, ડૉ. કિશોરસિંહ સોલંકી, વક્તવ્ય; પરબ, ઓગસ્ટ, ૨૦૧૮; વર્ષઃ૧૩, અંકઃ૨; ગુજરાતી સાહિત્ય પરિષદ, અમદાવાદ; પૃ.૬૫

૨૭. તારાબાઈ શિંદે કૃત સ્ત્રી-પુરુષ તુલના, અનુવાદકઃ મેઘના જાધવ, સંપાદનઃ નિવ્યા પટેલ; અરુણોદય પ્રકાશન, અમદાવાદ; પ્રથમ આવૃત્તિ, નવેમ્બર, ૨૦૧૮; પૃ. ૧૧

૨૮. એજન; પૃ.૬૧-૬૨

૨૯. એજન; પૃ.૬૪

૩૦. એજન; પૃ.૭૦-૭૧

૩૧. એજન; પૃ.૮૪

૩૨. એજન; પૃ.૯૭

૩૩. એજન; પૃ.૯૯

૩૪. એજન; પૃ.૧૦૭

૩૫. સ્ત્રી વિમર્શ, નિવ્યા પટેલ; પ્રણવ પ્રકાશન, અમદાવાદ; પ્રથમ આવૃત્તિ, ૨૦૧૩; પૃ. ૫૩

૩૬. એજન; પૃ.૭૩

૩૭. સમાજસુધારાનું રેખાદર્શન, નવલરામ ત્રિવેદી; ગુર્જર ગ્રંથરત્ન કાર્યાલાય, અમદાવાદ; પ્રથમ આવૃત્તિ, ૧૯૩૪; પૃ. ૫૦

૩૮. ગુજરાતી સાહિત્યનો ઇતિહાસ, ગ્રંથઃ૩, દલપતરામથી કલાપી; ગુજરાતી સાહિત્ય પરિષદ, અમદાવાદ; ચોથી આવૃત્તિ, ૨૦૧૭; પૃ.૮૧

૩૯. એજન; પૃ.૮૧

૪૦. સમાજસુધારાનું રેખાદર્શન, નવલરામ ત્રિવેદી; ગુર્જર ગ્રંથરત્ન કાર્યાલાય, અમદાવાદ; પ્રથમ આવૃત્તિ, ૧૯૩૪; પૃ. ૯૨

૪૧. સ્ત્રી વિમર્શ, નિવ્યા પટેલ; પ્રણવ પ્રકાશન, અમદાવાદ; પ્રથમ આવૃત્તિ, ૨૦૧૩; પૃ. ૧૩૮

૪૨. ગુજરાતી સાહિત્યનો ઇતિહાસ, ગ્રંથઃ૬, ઇ.સ. ૧૮૯૫-ઇ.સ. ૧૯૩૫, ગાંધીયુગીન-અનુગાંધીયુગીન ગદ્યસર્જકો; ગુજરાતી સાહિત્ય પરિષદ, અમદાવાદ; ત્રીજી આવૃત્તિ, ઓગષ્ટ; ૨૦૧૭; પૃ.૨૬૧

૪૩. એજન; પૃ.૨૫૯

૪૪. ગુજરાતી સાહિત્યનો ઇતિહાસ, ગ્રંથઃ૭, ઇ.સ. ૧૯૧૦-૧૯૩૫, સ્વાતંત્ર્યોત્તર યુગ-૧; ગુજરાતી સાહિત્ય પરિષદ, અમદાવાદ; પ્રથમ આવૃત્તિ, સપ્ટેમ્બર, ૨૦૧૫; પૃ. ૩૮

૪૫. વિશ્વસાહિત્યમાં નારીવાદ, ડૉ. કિશોરસિંહ સોલંકી, વક્તવ્ય; પરબ, ઓગસ્ટ, ૨૦૧૮; વર્ષઃ૧૩, અંકઃ૨; ગુજરાતી સાહિત્ય પરિષદ, અમદાવાદ; પૃ.૬૫

૪૬. ગુજરાતી સાહિત્યનો ઇતિહાસ, ગ્રંથઃ૬, ઇ.સ. ૧૮૯૫-ઇ.સ. ૧૯૩૫, ગાંધીયુગીન-અનુગાંધીયુગીન ગદ્યસર્જકો; ગુજરાતી સાહિત્ય પરિષદ, અમદાવાદ; ત્રીજી આવૃત્તિ, ઓગષ્ટ,૨૦૧૭; પૃ.૨૫૮

૪૭. ગુજરાતી સાહિત્યનો ઇતિહાસ, ગ્રંથઃ૭, ઇ.સ. ૧૯૧૦-૧૯૩૫, સ્વાતંત્ર્યોત્તર યુગ-૧; ગુજરાતી સાહિત્ય પરિષદ, અમદાવાદ; પ્રથમ આવૃત્તિ, સપ્ટેમ્બર, ૨૦૧૫; પૃ. ૩૫